દૈનિક
# મુંબઈ સમાચાર
મધ્ય ગુજરાત આવૃત્તિ

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 153 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ વદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 June 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

મંગળવાર, ૩૦ જૂન ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ૨૦૫મા વર્ષમાં ભવ્ય પદાર્પણ!

પરિવર્તન
પરંપરા
૨૦૪ વર્ષ
પ્રગતિ

૨૦૪ વર્ષનો ગૌરવવંતો વારસો, હવે નવા ડિજિટલ અવતાર અને નવી આવૃત્તિ સાથે!

પહેલી જુલાઈ, ૨૦૨૬ના આ ઐતિહાસિક અવસરે વાચકો માટે નવલું નજરાણું અને નવી સોગાદો



## ડિજિટલ ક્રાંતિ:

ગુજરાતી-મરાઠી યુટ્યૂબ ચેનલ્સની સફળતા બાદ, ૧લી જુલાઈથી શરૂ થઈ રહી છે

## મધ્ય ગુજરાત આવૃત્તિનું વિમોચન

મુંબઈ અને સૌરાષ્ટ્ર બાદ, હવે પ્રસ્તુત છે મધ્ય ગુજરાત આવૃત્તિ.




ડિજિટલ કોપી માટે સ્કેન કરો:

મધ્ય ગુજરાત

મુંબઈ

સૌરાષ્ટ્ર




તારીખ: ૫ જુલાઈ, ૨૦૨૬

તબીબી ક્ષેત્રે અનોખું યોગદાન આપનાર ૧૫ પ્રતિષ્ઠિત ડોક્ટરોનું સન્માન અને

**સાથે ગુજરાતી ગીત-સંગીતનો ભવ્ય જલસો!**

મુખ્ય અતિથિ:
ડો. શ્રીકાંત એકનાથ શિંદે (સંસદ સભ્ય)
સમય: સાંજે ૭:૦૦ વાગ્યે
સ્થળ: ઈસ્કોન ઓડિટોરિયમ, જુહુ, મુંબઈ.




પળેપળના સચોટ સમાચાર માટે આજે જ ફોલો કરો

- https://www.facebook.com/Mumbaisamacharofficialpage/
- https://www.instagram.com/mumbaisamachar/
- https://x.com/Samachar_Mumbai
- https://www.threads.com/@mumbaisamachar




પરંપરા ૨૦૪ વર્ષની, ખબર પળેપળની! રાહ ન જુઓ, અત્યારે જ અમારી સાથે જોડાઓ.

દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

મધ્ય ગુજરાત આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 153 ■ વિક્રમ સંવત ૨૦૮૨

નિજ જયેષ્ઠ વદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 June 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૩૦ જૂન ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# હવે બેરોકટોક પેટ્રોલ-ડીઝલ મળશે

**આવતી કાલથી કમર્શિયલ ગ્રાહકો માટેના ઈંધણ ખરીદી પરના પ્રતિબંધ હટશે**

નવી દિલ્હીઃ સરકારે બુધવાર પહેલી જુલાઈથી પેટ્રોલ અને ડીઝલના કમર્શિયલ ગ્રાહકો માટેના વેચાણ પરના પ્રતિબંધો હટાવશે. નવી દિલ્હીમાં જારી કરવામાં આવેલા આદેશ મુજબ, ઇંધણના પુરવઠાની સ્થિતિમાં સુધારો થતા સરકાર દ્વારા લેવામાં આવેલા આ કટોકટીના પગલાંને પાછા ખેંચવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નિર્ણય સાથે, રિટેલ ફ્યુઅલ સ્ટેશનો પર એક જ વાહન માટે ડીઝલના જથ્થા પરની મર્યાદા પણ સમાપ્ત થઈ જશે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે ૨૯ જૂનના રોજ એક આદેશ જારી કરીને ૧૨ જૂનનો પોતાનો નિર્દેશ રદ કર્યો છે, જેમાં રિટેલ આઉટલેટ્સ પર ડીઝલના વેચાણને ૨૦૦ લિટર પ્રતિ દિવસ સુધી મર્યાદિત કરવામાં આવ્યું હતું અને ઔદ્યોગિક, વ્યાપારી તથા સંસ્થાકીય ગ્રાહકોને રિટેલ આઉટલેટ્સમાંથી પેટ્રોલ અને ડીઝલ ખરીદવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

સરકારે જણાવ્યું છે કે ગલ્ફ દેશોમાંથી ક્રૂડ ઓઈલ અને (જુઓ પાનું ૨) ▸▸

## આજે યુદ્ધનો વિરામ કે ફરી ભડકો?

### કતારમાં અમેરિકા-ઈરાન વચ્ચે મહત્ત્વની મંત્રણાઃ ઈરાન બેઠક માટે કરગર્યું હોવાનો ટ્રમ્પનો દાવો

દુબઈઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સોમવારે સોશ્યલ મીડિયા પર કહ્યું કે ઇરાને અમેરિકી સમકક્ષો સાથે મુલાકાતની વિનંતી કરી છે, જોકે ઇરાની અધિકારીઓએ કહ્યું કે આવી કોઈ મુલાકાતની તારીખ - સમય નક્કી નથી થયા.ટ્રમ્પે કહ્યું કે ઇરાન સાથેની બેઠક મંગળવારે કતારના દોહામાં થશે.

ટ્રમ્પ વહીવટીતંત્રે રવિવારે કહ્યું કે કંઈપણ રદ કરવામાં આવ્યું નથી અને આગામી દિવસોમાં ટેક્નિકલ વાટાઘાટો ટ્રેક પર છે, પરંતુ ઇરાન માટે વરિષ્ઠ વાટાઘાટકાર કાઝેમ ઘરીબાદીએ ઇરના દ્વારા પ્રકાશિત ટિપ્પણીઓમાં કોઈપણ વાટાઘાટો સુનિશ્ચિત થઈ હોવાનો ઇનકાર કર્યો હતો. જોકે કતાર સાથે પરામર્શ, જેમાં બીજી બાજુની પ્રતિબદ્ધતાઓના અમલ પર ફોલો-અપ કરવાનો સમાવેશ થાય છે, તે હંમેશની જેમ ચાલુ છે, કેટલાક મીડિયા દ્વારા દોહામાં યોજાઈ રહેલા કાર્યકારી જૂથો દ્વારા તકનીકી વાટાઘાટો (જુઓ પાનું ૨) ▸▸

### ઈરાનને કતારમાં થીજવી દેવાયેલી છ અબજ ડૉલરની મિલકત પાછી મળશે

દુબઈઃ કતાર ઇરાનની થીજવી દેવાયેલી છ અબજ અમેરિકન ડૉલરની મિલકત છુટ્ટી કરશે તથા શનિવારે અને રવિવારે પર્સિયન ગલ્ફમાં કરાયેલા હુમલાને લીધે અમેરિકા સાથેની વાતચીત ભયમાં મુકાઈ છે, એવી માહિતી ઇરાનના પ્રમુખ મસુદ પેઝેશકિયાને આપી હતી. પ્રમુખે ભંડોળ છૂટું કરવાની વાત ઇરાનના લોકોને વચાગળાની ડીલ ગળે ઉતારવા માટે કરી હોવાનું પ્રતીત થાય છે. ખાસ કરીને ઇરાનની સામુદ્રધુની હોર્મુઝ પરની પકડ (જુઓ પાનું ૨) ▸▸

## મે મહિનામાં ઔદ્યોગિક ઉત્પાદન વધીને ૫.૧ ટકા

નવી દિલ્હીઃ સોમવારે જાહેર કરાયેલા સરકારી ડેટા અનુસાર, મે મહિનામાં ભારતનો ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ દર ૫.૧ ટકા થયો છે, જે મુખ્યત્વે મેન્યુફેક્ચરિંગ સેક્ટરના સારા પ્રદર્શનને કારણે વધ્યો છે. એપ્રિલમાં આ સૂચકાંક ૪.૯ ટકા રહ્યો હતો.નવી શ્રેણી હેઠળ મે મહિના માટે ઈન્ડેક્સ ઑફ ઇન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન (આઇઆઇપી)ના તાજેતરના આંકડા આઉટપુટ પ્રોડ્યુસર પ્રાઇઝ ઇન્ડેક્સ (પીપીઆઈ) પર આધારિત છે જે અગાઉ ઉપયોગમાં લેવાતી હોલસેલ પ્રાઇઝ ઇન્ડેક્સ (ડબલ્યુપીઆઈ) સિસ્ટમ કરતાં વધુ લાભદાયક ભાવ માળખું પૂરું પાડે છે, એમ નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઑફિસ (એનએસઓ), સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઇમ્પ્લેમેન્ટેશન મંત્રાલય (મોસ્પી)એ એક પ્રકાશનમાં જણાવ્યું હતું.

આધાર વર્ષમાં ૨૦૨૨-૨૩માં સુધારા પછી આ બીજો ડેટા છે.

આઈઆઈપી ઇન્ડેક્સમાં ૪૬૩ આઇટમ જૂથો છે, અને આઉટપુટ પીપીઆઈ અપનાવવાથી, જ્યાં આઉટપુટ મૂલ્યની દ્રષ્ટિએ એકત્રિત કરવામાં આવે છે, તે ૨૩૪ આઇટમ જૂથોને અસર કરે છે જે કુલ ઇન્ડેક્સ વેઇટેજના ૩૬.૦૨ ટકા હિસ્સો ધરાવે છે.

"મે ૨૦૨૬માં, ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંકમાં વાર્ષિક ધોરણે ૫.૧ ટકાનો વિકાસ નોંધાયો હતો, જેને ઉત્પાદન ક્ષેત્રમાં ૫.૫ ટકા વૃદ્ધિ અને વીજળી અને ગેસ પુરવઠા ક્ષેત્રમાં ૯.૯ ટકાની મજબૂત વૃદ્ધિ દ્વારા ટેકો મળ્યો હતો," તેવું પ્રકાશનમાં જણાવાયું છે. ડેટા અનુસાર, મે દરમિયાન ચાર ક્ષેત્ર - ખાણકામ, ઉત્પાદન, વીજળી, (જુઓ પાનું ૨) ▸▸

**રામમંદિર દાન ચોરી**

## ચંપત રાયને અયોધ્યા છોડવાનું ફરમાન

### આ સાથે જ ફૈઝાબાદ બાર એસોસિયેશને આરોપીઓનો બહિષ્કાર કરવાની વકીલોને તાકીદ કરી

અયોધ્યાઃ અયોધ્યાના ફૈઝાબાદ બાર એસોસિએશને સોમવારે નિર્ણય લીધો હતો કે રામ મંદિરના દાનના કથિત ઉચાપતમાં ધરપકડ કરાયેલા આઠ આરોપીનું પ્રતિનિધિત્વ તેના કોઈપણ સભ્ય દ્વારા નહીં કરવામાં આવે, અને ચેતવણી આપી હતી કે નિર્ણયનું ઉલ્લંઘન કરનાર વકીલને પાંચ લાખ રૂપિયાનો દંડ કરવામાં આવશે.

બાર એસોસિએશનની બેઠકમાં, વકીલોએ માગ કરી હતી કે ચંપત રાય, અનિલ મિશ્રા અને ગોપાલ રાવ - મંદિરના સંચાલન સાથે સંકળાયેલા (પરંતુ એફઆઇઆરમાં આરોપી તરીકે ઉલ્લેખિત નથી) એ - અયોધ્યા છોડી દેવી.

વકીલોએ ચેતવણી આપી છે કે જો ત્રણેય ત્રણ દિવસમાં નહીં જાય, તો સમગ્ર અયોધ્યા શહેરની નાકાબંધી કરવામાં આવશે અને કોઈને પણ પ્રવેશવા દેવામાં આવશે નહીં.

૨૦૦૫માં તત્કાલીન કામચલાઉ રામ મંદિર પર થયેલા આતંકવાદી હુમલા બાદ પણ બારે આવો જ નિર્ણય લીધો હતો, જ્યારે વકીલોએ આરોપીઓનો બચાવ ન કરવાનો નિર્ણય લીધો હતો, અંતે, લખનઊના એક વકીલે આ કેસમાં (જુઓ પાનું ૨) ▸▸

### તાત્કાલિક સુનાવણીનો સુપ્રીમ કોર્ટનો ઇનકાર

નવી દિલ્હીઃ અયોધ્યાના રામ મંદિર દાન ચોરી કેસમાં તાત્કાલિક સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટે ઇનકાર કરી દીધો છે. રામ મંદિરને મળેલા દાન અને નાણાકીય ગેરરીતિઓને લઈને સોમવારે સુપ્રીમ કોર્ટમાં એક જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજીમાં સીબીઆઇની દેખરેખ હેઠળ તપાસ કરવાની માગ કરવામાં આવી હતી. જોકે સુપ્રીમ કોર્ટે આ મામલે તાત્કાલિક સુનાવણી કરવાનો ઇનકાર કર્યો છે.સુપ્રીમ કોર્ટે અરજદારને સવાલ કર્યો હતો કે, આ મામલામાં તાત્કાલિક સુનાવણીની શું જરૂર છે? શું પછીથી સુનાવણી કરવાથી કોઈ (જુઓ પાનું ૨) ▸▸

## આ વરસે પણ અમરનાથ યાત્રાની પ્રથમ પૂજા ગુફામાં સંપન્ન

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ જ્યેષ્ઠ પૂર્ણિમા પર થતી અમરનાથ યાત્રાની પ્રથમ પૂજા આ વરસે પણ પવિત્ર ગુફામાં કરવામાં આવી હતી.

ત્રણ જુલાઈથી શરૂ થતી અમરનાથ યાત્રા અગાઉના પહેલા સોમવારે પવિત્ર ગુફામાં પ્રથમ પૂજા કરવામાં આવી હતી.

જમ્મુ-કાશ્મીરના લેફ.ગવર્નર મનોજ સિંહાએ સૌથી પહેલા અમરનાથ ગુફામાં દર્શન કરી વિધિવિધાન અનુસાર પૂજા-અર્ચના કરી હતી. આ વરસની અમરનાથ યાત્રા ત્રણ જુલાઈથી શરૂ થઈ રહી છે, પરંતુ પરંપરા અનુસાર યાત્રા શરૂ થતાં અગાઉ અમરનાથ ગુફામાં એક વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. આ પૂજામાં જમ્મુ-કાશ્મીરના લેફ. ગવર્નર મનોજ સિંહા અને અમરનાથ શ્રાઈન બૉર્ડના તમામ મોટા અધિકારીઓ હાજર રહ્યા હતા અને તેમણે તમામ દેશવાસીઓનાં સારા સ્વાસ્થ્ય, પ્રગતિ અને ખુશી માટે પ્રાર્થના કરી હતી.



પૂજા-અર્ચનાઃ જમ્મુ-કાશ્મીરના લેફ. ગવર્નર મનોજ સિંહાએ વાર્ષિક અમરનાથ યાત્રાના આરંભના ભાગરૂપ સોમવારે અમરનાથ ગુફામાં વિધિવિધાન સાથે પ્રથમ પૂજા-અર્ચના કરી હતી. (એજન્સી)

ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ સોમવારે પવિત્ર ગુફામાં વિધિવિધાન અને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પ્રથમ પૂજા કરી વાર્ષિક અમરનાથ યાત્રાનો ઔપચારિક શુભારંભ કર્યો હતો.

આ પ્રસંગે તેમણે બાબા બર્ફાની પાસે તમામ દેશવાસીઓનાં સુખ, શાંતિ, સમૃદ્ધિ. ઉત્તમ આરોગ્ય અને કલ્યાણની પ્રાર્થના કરી હતી.

મનોજ સિંહાએ કહ્યું હતું કે ત્રણ જુલાઈથી શરૂ થનારી અમરનાથ યાત્રાના સફળ આયોજન માટે પ્રશાસન, શ્રીઅમરનાથ શ્રાઈન બૉર્ડ, સેના, પોલીસ, સુરક્ષા દળ, સ્થાનિક લોકો અને સ્વયંસેવકો એકમેક સાથે સમન્વય સાધીને કામ કરી રહ્યા છે. આ તમામનો ઉદ્દેશ યાત્રાળુઓને સુરક્ષિત, સુગમ અને યાદગાર યાત્રાનો અનુભવ કરાવવાનો છે.

આ વરસે યાત્રા માટે પાયાની માળખાકીય સુવિધાઓમાં ઉલ્લેખનીય સુધારો કરવામાં આવ્યો છે, એમ તેમણે કહ્યું હતું.

અગાઉ યાત્રાની પ્રથમ પૂજા ચંદનવાડીમાં કરવામાં આવતી હતી. વર્ષ ૨૦૧૯માં જમ્મુમાં કરવામાં આવી હતી અને હવે વર્ષ ૨૦૨૨થી આ પૂજા ગુફામાં કરવામાં આવે છે.

## આસામ અને અરુણાચલ પ્રદેશમાં ભયંકર પૂર

### અમિત શાહે મુખ્ય પ્રધાન સાથે ફોન પર વાત કરી જાણકારી મેળવી

નવી દિલ્હીઃ આસામ અને અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદને કારણે પૂરની પરિસ્થિતિ નિર્માણ પામી છે. વરસાદને કારણે અનેક ઘર અને રસ્તાઓને નુકસાન પહોંચ્યું હોવા ઉપરાંત ભેખડો ધસી પડવાની ઘટનાઓ પણ નોંધાઈ છે જેને કારણે આસામના ધેમાજી જિલ્લામાં વર્ષ ૧૯૬૫માં બાંધવામાં આવેલા પુલને પણ ભારે નુકસાન થયું છે. ગૃહ પ્રધાન અમિત શાહે પરિસ્થિતિ અંગેની જાણકારી મેળવવા અને સમીક્ષા કરવા સોમવારે આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા શર્મા સાથે ફોન પર વાત કરી હતી. આસામ અને પડોશી અરુણાચલ પ્રદેશમાં છેલ્લા અનેક દિવસથી થઈ રહેલા ભારે વરસાદને પગલે નિર્માણ પામેલી પૂરની પરિસ્થિતિને કારણે છ જિલ્લામાં ૨૨,૦૦૦ કરતાં પણ વધુ લોકો પર માઠી અસર થઈ છે.

આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઑથોરિટી (એએસડીએમએ) દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ ધેમજી, નાલબારી, દિબ્રુગઢ, ચિરાન્ગ, લખીમપુર અને કોકરાઝાર એમ છ જિલ્લાના અંદાજે ૨૨,૧૨૪ લોકો પર પૂરની અસર થઈ છે.



વરસાદઃ સતત વરસતા વરસાદને લીધે થયેલા ધોવાણને કારણે સોમવારે આસામના ધેમજી જિલ્લામાં સિમેન નદી પરના બ્રિજનો અમુક હિસ્સો તૂટી ગયો હતો જેને કારણે એ રૂટ પરની ટ્રેનસેવા અચોક્કસ મુદત માટે સસ્પેન્ડ કરવામાં આવી હતી. (એજન્સી)

ભારે વરસાદને કારણે નિર્માણ પામેલી પૂરની પરિસ્થિતિની સૌથી વધુ અસર ધેમજી જિલ્લામાં વર્તાઈ છે અને અહીંના અંદાજે ૧૫,૪૮૩ કરતાં પણ વધુ લોકો તેનાથી પ્રભાવિત થયા છે.

વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર પૂરનાં પાણીમાં ૯૬ ગામ ડૂબી ગયાં છે અને ૧,૬૯૦ હેક્ટર કૃષી જમીનને ભારે નુકસાન થયું છે.

સતત વરસાદને કારણે બ્રહ્મપુત્રા અને તેની ઉપનદીઓમાં જળસ્તર વધી રહ્યું છે.

માનવ ઉપરાંત ૪૮,૧૯૯ જેટલાં પ્રાણીઓ પર પણ ભારે વરસાદની અસર થઈ હોવાનું જણાઈ આવ્યું છે.

ધેમજીમાં એક રેલવે બ્રિજનો હિસ્સો તૂટી પડ્યો હતો જેને કારણે આર્ચિપાથર અને સિમન છાપરી સ્ટેશન વચ્ચેની રેલસેવા અચોક્કસ મુદત માટે સસ્પેન્ડ કરવાની ફરજ પડી હતી. (એજન્સી)

## સેશેલ્સમાં મોદી ભારતીય સમુદાયને મળ્યા, મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પી



**શ્રદ્ધાંજલિઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સેશેલ્સમાં મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલી આપી હતી. (એજન્સી)

વિક્ટોરિયાઃ સેશેલ્સની ત્રણ દિવસીય મુલાકાતના છેલ્લા દિવસે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને અહીંના ભારતીય સમુદાયના લોકો સાથે મુલાકાત કરી હતી.

સેશેલ્સમાં પીસ પાર્કમાં સ્થિત ગાંધીજીની પ્રતિમા દ્વારા તેમના વારસાનું ખાસ સન્માન કરવામાં આવે છે. વડા પ્રધાન મોદીએ પાર્કની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે પુષ્પ અર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી અને કેટલાક બાળકો સાથે વાતચીત કરી હતી.

મોદીએ સોશ્યલ મીડિયા પર જણાવ્યું કે બાપુના આદર્શો પેઢીઓથી આગળ વધે છે અને શાંતિ, ન્યાય અને માનવીય ગૌરવની શોધમાં લોકોને સંગઠિત કરે છે. તેમના વિચારો એક શ્રેષ્ઠ વિશ્વ માટે આપણા સામૂહિક પ્રયાસોને પ્રેરણા આપતા રહે છે.

મોદીએ એક કલાકારનો ગાયન કાર્યક્રમ પણ નિહાળ્યો હતો.

પાર્કમાં ભારતીય સમુદાયના લોકોએ ભારતીય ધ્વજ લહેરાવીને વડા પ્રધાનનું સ્વાગત કર્યું હતું. અરુલ મિહૂ નવશક્તિ વિનયગર મંદિરની મુલાકાત અને ત્યાં પૂજા-અર્ચન કર્યા બાદ તેઓ પીસ પાર્ક ગયા હતા. આ પહેલા મોદીએ વિક્ટોરિયામાં ભારતીય સમુદાયના લોકોના એક જૂથ સાથે વાતચીત કરી હતી.

વડા પ્રધાને કહ્યું કે સેશેલ્સમાં ભારતીય સમુદાયના સભ્યો સાથે બહુ સારી વાતચીત થઇ. તેઓ સેશેલ્સની પ્રગતિમાં અસરકારક યોગદાન આપી રહ્યા છે. તેમજ ભારત સાથે તેમનો સંબંધ ખૂબ જ મજબૂત છે. મોદી ત્રણ દિવસની મુલાકાતે શનિવારે સેશેલ્સ પહોંચ્યા હતા.

વડા પ્રધાને રવિવારે સેશેલ્સના પ્રમુખ પેટ્રિક હર્મિની સાથે વ્યાપક ચર્ચા કરી હતી. મોદીએ સેશેલ્સના રાષ્ટ્રીય દિવસના સુવર્ણ જયંતી સમારોહમાં 'ગેસ્ટ ઓફ ઓનર' તરીકે હાજરી આપી હતી. ભારત અને સેશેલ્સ હાલમાં રાજદ્વારી સંબંધોની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી કરી રહ્યા છે.એક ખાસ સમારોહમાં પ્રમુખ હર્મિનીએ વડા પ્રધાન મોદીને 'ગાર્ડિયન ઓફ ધ બ્લુ હોરાઇઝન'થી નવાજ્યા હતા. મોદી સોમવારે ભારત માટે રવાના થયા હતા.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઑપરેશન સિંદૂરના શહીદ નાઈકના પરિવારને પેન્શન મળવું જોઈએ

**ઑપરેશન** સિંદૂરમાં શહીદ થયેલા વીર ભારતીય જવાનોનાં નામ વરસ પછી જાહેર કરવાનો વિવાદ જોરશોરથી ચાલી રહ્યો છે. આ વિવાદમાં શહીદો સાથે સંકળાયેલી બીજી એક આઘાતજનક વાત વિશે આજે વાત કરવી છે કેમ કે આ મુદ્દે મોદી સરકાર સાવ ચૂપ છે.

ઑપરેશન સિંદૂરમાં શહીદ થયેલા વીર જવાનોમાં એક નામ અગ્નિવીર એમ મુરલી નાઈકનું પણ છે. અગ્નિવીર એમ મુરલી નાઈક ૨૦૨૫માં નવ મેના રોજ ઑપરેશન સિંદૂર દરમિયાન પૂંછ સરહદે પાકિસ્તાન દ્વારા કરાયેલા ગોળીબારમાં શહીદ થયા હતા.

મુરલીનાં વૃધ્ધ માતા-પિતાએ પોતાને પેન્શન તથા હેલ્થકેર સહિતના લાભો મળે એ માટે બોમ્બે હાઈ કોર્ટમાં અરજી કરવી પડી છે. આ સરકાર મુરલીનાં વૃદ્ધ માતા-પિતાને પેન્શન, હેલ્થકેર સહિતના લાભો આપવાનો ઈનકાર કરી રહી છે કેમ કે અગ્નિવીરની નોકરીના નિયમોમાં પેન્શન સહિતના લાભો સામેલ નથી.

હાલના નિયમો પ્રમાણે અગ્નિવીર કે તેના પરિવારને સેવા પૂરી થયા પછી અથવા સેવા દરમિયાન મૃત્યુના કિસ્સામાં કોઈપણ પ્રકારના પેન્શન કે આજીવન પરિવાર કલ્યાણ લાભો નથી મળતા. સામાન્ય સૈનિકોને લશ્કરમાં ભરતી થતાં જ પેન્શન અને ગ્રેચ્યુઇટી સહિતના તમામ લાભો મળે છે જ્યારે અગ્નિવીરોને ચાર વર્ષના અંતે ફક્ત એક વાર ‘સેવા નિધિ’ ભંડોળ મળે છે.

ફરજ દરમિયાન માર્યા ગયા હોય તો પણ મર્યાદિત મૃત્યુ વળતર પેકેજ મળે છે પણ તેના આધારે શહીદનો પરિવાર આખી જિંદગી ના કાઢી શકે. અગ્નિવીર નિવૃત્ત થાય ત્યારે પેન્શન કે બીજા લાભો ના આપો તો હજુ માફ છે પણ દેશ માટે શહીદ થાય ત્યારે પણ તેના પરિવારને લાભો ના મળે એ તો ધરાર નગુણાપણું કહેવાય.

આ નગુણાપણું દૂર કરવાના બદલે આ સરકાર શહીદ અગ્નિવીરના પરિવારને લાભો ના મળે તે માટે કોર્ટમાં કેસ લડી રહી છે. આ કેસ લડવા વકીલોને ઊંચી ફી અપાશે પણ શહીદના પરિવારોને લાભ નહીં અપાય!

આ કેવી જડતા કહેવાય ?

મોદી સરકાર ઑપરેશન સિંદૂર માટે ગર્વ અનુભવે છે ને તેના પ્રચાર માટે કરોડો રૂપિયા ખર્ચી નાખ્યા છે.

ઑપરેશન સિંદૂરની વાહવાહી માટે જાત જાતના ને ભાત ભાતના કાર્યક્રમો કરીને કરોડો રૂપિયા ખર્ચી નાખ્યા છે પણ એક શહીદના પરિવારને મહિને પચીસ કે પચાસ હજારનું પેન્શન આપતાં પેટમાં ચૂંક આવે એ કેવી નીચ માનસિકતા કહેવાય ?

શહીદ મુરલી નાઈકના પરિવારને હેલ્થકેર સહિતના બીજા લાભો આપવા માટે તો કશું વિશેષ કરવાની જરૂર પણ નથી. આ દેશમાં સંખ્યાબંધ આર્મી મેડિકલ હોસ્પિટલો આવેલી છે તેમાં શહીદ નાઈકનાં પરિવારનાં બે લોકોની સારવાર થઈ જશે તો શું ફરક પડી જવાનો છે? આયુષ્માન યોજના હેઠળ દેશના નાગરિકોને મફત હેલ્થકેર સુવિધા મળે જ છે. શહીદ નાઈકના પરિવારને એ લાભ આપવાનો છે.

મોદી સરકાર અગ્નિવીરની સેવા માટેના નિયમોનો હવાલો આપે છે એ જડ તુમારશાહીનો પુરાવો છે. સામાન્ય સંજોગોમાં નિયમોને વળગી રહેવામાં કશું ખોટું નથી.

તંત્ર ચલાવવું હોય તો એ કરવું પડે પણ દેશ માટે શહીદી વહોરવી સામાન્ય સંજોગો નથી. દેશની સુરક્ષા માટે જીવ આપી દેવો એ સર્વોચ્ચ બલિદાન છે ને આ અસામાન્ય સંજોગોમાં નિયમો બદલાય તો કશું ખોટું નથી.

મુરલીના પરિવારને પેન્શન બાંધી આપવાને કારણે ભવિષ્યમાં બીજા કેસોમાં પણ આવી માગણી થશે ને તેના કારણે સરકાર પર બોજ વધશે એવો ડર સરકારે બતાવ્યો છે. આ ડર સાવ અકારણ છે કેમ કે કોઈ અગ્નિવીર શહીદ થાય એવી ઘટના રોજ નથી બનવાની કે તમારે દર વરસે ૩૬૫ શહીદ અગ્નિવીર પરિવારોને પેન્શન આપવાં પડે. આ પ્રકારની ઘટના ભાગ્યે જ બને છે ને અપવાદરૂપ હોય છે.

અપવાદરૂપ કિસ્સામાં નિયમ બદલી જ શકાય ને તેની સામે કોઈને વાંધો નહીં હોય. આ દેશ માટે શહીદ થનારા વીર જવાનના પરિવારને પેન્શન અપાય તેમાં કોઈ વાંધો નથી લેવાનું.

કમનસીબે આ દેશની પ્રજા પણ એટલી નમાલી છે કે પોતાના શહીદોનું ગૌરવ નથી કરતી અને શહીદોના પરિવારને થતા અન્યાય સામે બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી રહી છે.

આપણે શહીદોને શ્રદ્ધાંજલિ આપીએ છીએ, સેલ્યુટ મારીને તેમની બહાદુરીને બિરદાવીએ છીએ પણ તેમના પરિવારને પડખે ઊભા રહેવા કોઈ તૈયાર નથી. મુરલીની માતા ૨૦૨૫ના નવેમ્બરથી હાઈ કોર્ટમાં કેસ લડી રહ્યાં છે પણ કોઈ તેમને મદદ માટે તૈયાર નથી.

આ દેશ માટે શહીદ થનારા જવાંમર્દના પરિવારે પોતાની બાકીની જિંદગી ગૌરવથી વિતે એ માટે હાથ લંબાવવો પડે એ જ શરમજનક કહેવાય પણ વધારે શરમજનક વાત એ છે કે તેમને હડધૂત કરી દેવાયાં છે અને તેમણે હાઈ કોર્ટના શરણે જવું પડ્યું છે. જડ નિયમોનો હવાલો આપીને શહીદના પરિવાર સાથે ભિખારી હોય એવું વર્તન કરીને અપમાનિત કરાય એવું આ દેશમાં જ બને.

મોદી સરકાર અગ્નિવીર યોજના લાવી ત્યારે તેની સામે ભારે ઊહાપોહ થયેલો. મોદી સરકાર દેશની સુરક્ષા માટે દેશ માટે ઝનૂનથી લડનારા જવાંમર્દોના બદલે નોકરિયાતોની ભરતી કરી રહી છે એવા આક્ષેપો થયેલા. દેશ માટે જીવ આપી દેતાં વિચાર ના કરે એવા સૈનિકોના પરિવારોને લાભો નહીં આપવાના નિયમોની ટીકા થયેલી.

મોદી સરકારે આ ટીકા વિપક્ષોનો કુપ્રચાર હોવાનો દાવો કરીને સધિયારો આપેલો કે, અગ્નિવીરોના પરિવારોની પણ સરકાર કાળજી લેશે જ પણ મુરલી નાઈકના પરિવારે કોર્ટના ધક્કા ખાવા પડે છે એ જોયા પછી લાગે કે, આ ટીકા સાચી છે.

મોદી સરકારે આ ટીકાને ખોટી સાબિત કરવી હોય તો શહીદ નાઈકના પરિવારને પેન્શન સહિતના લાભો આપી દેવા જોઈએ. પ્રોપેગેન્ડા મૂવીમાં દેશ માટે લડનારાના પરિવારને દર મહિને પેન્શન મળે છે એવું બતાવવાના બદલે વાસ્તવિક રીતે દેશ માટે લડતાં લડતાં શહીદ થયેલા જવાનના પરિવારને પેન્શન આપવું જોઈએ. આ પેન્શન તેનો અધિકાર છે, મદદ નથી કે ભીખ નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, મંગળવાર, તા. ૩૦-૬-૨૦૨૬, ઈષ્ટિ,

- ભારતીય દિનાંક ૯,માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ વદ -૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૫મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર પૂર્વાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૬, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતીઓટ

- ભરતી : બપોરે ક. ૧૨-૪૦, મધ્ય રાત્રે ક. ૦૦-૧૦
- ઓટઃ સાંજે ક. ૧૮-૫૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, નિજ જયેષ્ઠ કૃષ્ણ - પ્રતિપદા. એકમ વૃદ્ધિ તિથિ છે. ઈષ્ટિ, સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રામાં વાહન ગદર્ભ.
- શુભાશુભ નિશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મંગળ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, જટિલ સમસ્યાઓ જૂનાં અધૂરા કાર્યો પૂર્ણ કરવા માટે દઢ નિશ્ચયપૂર્વક નિર્ણયો લેવા. પરગામ પ્રયાણ મધ્યમ, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, નિત્ય થતાં પશુ લે-વેંચ, મિલકત લેવડદેવડના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ પુરુષાર્થભર્યું જીવન.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# અફઘાનિસ્તાન પર હુમલો કર્યો પાકિસ્તાની લશ્કરે

### ૩૬ અફઘાન નાગરિકને માર્યા હોવાનો કાબૂલનો દાવો જ્યારે ઈસ્લામાબાદ કહે છે કે ૨૯ આતંકવાદી હણાયા

ઈસ્લામાબાદઃ પાકિસ્તાને ગુપ્તચર બાતમીના આધારે અફઘાનિસ્તાન સરહદે જમીની લશ્કરી કાર્યવાહી કરી ઓછામાં ઓછા ૨૯ આતંકવાદીને મારી નાખ્યા હતા, એવો દાવો પાકિસ્તાને સોમવારે કર્યો હતો. જોકે અફઘાનિસ્તાને પાકિસ્તાનના હુમલાને વખોડી કાઢીને કહ્યું હતું કે રવિવાર રાતના પાકિસ્તાનના હુમલામાં ઓછામાં ઓછા ૩૬ નાગરિકે જાન ગુમાવ્યા હતા અને બીજા ૧૦૬ જણને ઈજા પહોંચી હતી. અફઘાનિસ્તાને આ હુમલાને કાયરતાભર્યું આક્રમણ ગણાવ્યું હતું. પાકિસ્તાનની જવાબી કાર્યવાહીને લીધે બે દેશના સંબંધોમાં તંગદિલી આવશે.

માહિતી ખાતાના પ્રધાન અત્તાઉલ્લા તરારે સોમવારે કહ્યું હતું કે આતંકવાદીઓએ શનિવારે કરાચીમાં અર્ધલશ્કરી દળ રેન્જર્સના વડા મથકે કરેલા હુમલાને પગલે પાકિસ્તાને રવિવારે રાત્રે આતંકવાદીના છુપાવાના અડ્ડા અને આશ્રયસ્થાનો પર હુમલા કર્યા હતા. તરારે એ વાતને સમર્થન આપ્યું હતું કે પાકિસ્તાનના આ હુમલા ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાનના લોકો તથા કરાચીના પાકિસ્તાન રેન્જર્સ (સિંધ) કેમ્પ પરના આતંકવાદી હુમલાની જવાબી કાર્યવાહી છે.

તેમણે વધુમાં માહિતી આપી હતી કે ગુપ્તચર બાતમીના આધારે સુઆયોજિત હુમલા પાકિસ્તાન અફઘાન સરહદે જમાત ઉલ અહરાર અને ફિતના અલ ખવારીજીના ગુપ્ત અડ્ડા અને આશ્રયસ્થાનો પર કરવામાં આવ્યા હતા અને આમાં ૨૯ ખવારીજી માર્યા ગયાં હતાં. ૨૮ જૂને રાત્રે આ ઑપરેશન પાકિસ્તાન અફઘાન સરહદે ખૈબર પખ્તુનખ્વા જિલ્લાના બાજૌર જિલ્લામાં પાર પડાયું હતું. (એજન્સી)

# કોલંબોમાં ભારત-પાકિસ્તાન બેઠક સત્તાવાર નહોતીઃ સરકાર

નવી દિલ્હીઃ સોશ્યલ મીડિયામાં છેલ્લા કેટલાક દિવસોથી એક ચર્ચા ચાલી રહી છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે બંધબારણે કોઈ ગૃપ બેઠકો થઈ રહી છે. પરંતુ આ દાવામાં કેટલી હકીકત છે? શ્રીલંકાની રાજધાની કોલંબોમાં ભારત અને પાકિસ્તાનના સૈન્ય અધિકારીઓ વચ્ચે એક મહત્ત્વની બેઠક યોજાઈ હોવાના દાવા સોશ્યલ મીડિયા પર વાયરલ થયા બાદ આ અટકળો તેજ બની હતી. હવે આ સમગ્ર વિવાદ અને દાવાઓ પર ભારત સરકાર દ્વારા સત્તાવાર નિવેદન સામે આવ્યું છે. ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ આ મામલે સરકારનો પક્ષ રાખતા જણાવ્યું છે કે, તેઓ આ પ્રકારના મીડિયા અહેવાલો અને સોશ્યલ મીડિયાના દાવાઓથી વાકેફ છે. બેઠકોના દાવા અંગે વાત કરતા કહ્યું કે, વિશ્વભરમાં અલગ-અલગ સ્થળોએ વિવિધ વિષયો પર આવા અનેક કાર્યક્રમો સતત યોજાતા રહે છે. આમાં કંઈ નવું કે આશ્ચર્યજનક નથી. જ્યાં સુધી અમારો સંબંધ છે, આ માત્ર ખાનગી પક્ષો દ્વારા આયોજિત ખાનગી કાર્યક્રમો છે. જો ભારત સરકારના દૃષ્ટિકોણથી જોવામાં આવે તો, આ પ્રકારની બેઠકો કે મુલાકાતોમાં સરકારની કોઈ સત્તાવાર ભાગીદારી હોતી નથી. તેનો અર્થ એ છે કે, આ બેઠકો સાથે ભારત સરકારને કોઈ લેવાદેવા હોતું નથી. એ કાર્યક્રમો ખાનગી સંસ્થાઓ અને લોકો દ્વારા કરવામાં આવતા હોય છે.

# રાજ્યસભામાં વિપક્ષી નેતા તરીકે ખડગે ફરી ચૂંટાયા

નવી દિલ્હીઃ રાજ્યસભાના આઠ નવા ચૂંટાયેલા સભ્યોએ સોમવારે શપથ લીધા હતા. આ સભ્યોમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને ભાજપ નેતા તરુણ ચુઘનો સમાવેશ થાય છે. રાજ્યસભાના અધ્યક્ષ સી. પી. રાધાકૃષ્ણને નવા સભ્યોને શપથ લેવડાવ્યા હતા.

ખડગેને ૨૬ જૂનથી રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે ફરીથી નિયુક્ત કરવામાં આવ્યા હતા. ખડગેએ રાધાકૃષ્ણનના ચેમ્બરમાં અલગથી શપથ લીધા હતા. રાધાકૃષ્ણને ખડગેને અભિનંદન આપતા કહ્યું કે ઉપલા ગૃહને તેમના બહોળા અનુભવનો લાભ મળશે.

ત્યારબાદ રાધાકૃષ્ણને રાજ્યસભાની ચેમ્બરમાં સાત અન્ય નવા ચૂંટાયેલા/ફરી ચૂંટાયેલા સભ્યો-માનસિંહ મેરામણ પરમાર, તરુણ ચુઘ, અલકા સિંહ, જિતેન્દ્ર મેઘજીભાઇ કણઝારિયા, રાજેન્દ્ર હીરાલાલ જૈન, એમ. નાગરાજા અને અધિકારિમયુમ શારદા દેવીને શપથ લેવડાવ્યા હતા.ચાર સભ્યોએ હિન્દીમાં, એક કન્નડમાં, એક પંજાબીમાં અને એક સભ્યએ મણિપુરીમાં શપથ લીધા હતા. ઉપલા ગૃહમાં ગુજરાતના બે સભ્યો, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, મણિપુર અને રાજસ્થાનમાંથી એક-એક સભ્ય આવ્યા છે.

# ખામનેઈની દફનવિધિમાં કેન્દ્રીય પ્રધાન, બિહારના રાજ્યપાલ હાજર રહેશે

નવી દિલ્હીઃ ઇરાનના ભૂતપૂર્વ સુપ્રીમ લીડર આયાતોલ્લાહ અલ ખામનેઈની દફનવિધિમાં હાજર રહેવા ભારત સરકાર કેન્દ્રીય પ્રધાન પવિત્રા માર્ગરિટા અને બિહારના નિવૃત્ત લેફ. ગવર્નર સૈયદ અતા હસનાની મોકલશે, એમ સરકારી સૂત્રોએ સોમવારે જણાવ્યું હતું. ગયા અઠવાડિયે ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ખામનેઈની દફનવિધિમાં હાજર રહેવા આમંત્રણ આપ્યું હતું.

ખામનેઈની દફનવિધિની પ્રક્રિયા ચાર જુલાઈએ શરૂ થશે અને મશહાદ ખાતે દફનવિધિ સાથે તે પૂરી થશે. ખામનેઈનો જન્મ ઇરાનના પવિત્ર શહેર માશાદમાં નવમી જુલાઈએ થયો હતો.

અમેરિકા અને ઇઝરાયલે ૨૦ ફેબ્રુઆરીએ ઇરાન પર સંયુક્ત રીતે કરેલા હવાઈહુમલામાં ૮૬ વર્ષના ખામનેઈનું મોત થયું હતું. ખામનેઈએ ૩૬ વર્ષ સુધી સુપ્રીમ લીડર તરીકે ઈસ્લામિક રિપબ્લિકનું નેતૃત્વ કર્યું હતું. (એજન્સી)

## પ્રજામત

### કોના બાપની દિવાળી

મુંબઈની ફૂટપાથો પર ટૂ-વ્હિલર ચાલતાં હોવાથી ૩૮૪ કરોડ રૂપિયાના ખર્ચે બેલાર્ડ્સ ફિટ કરાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. હું મુંબઈનો રહેવાસી છું. મારે જાણવું છે કે મુંબઈની કઈ ફૂટપાથ ખાલી છે કે ટૂ-વ્હીલર વાહનો ચાલી શકે? મોટા ભાગની ફૂટપાથો ફેરિયા, દુકાનના સામાનથી ભરેલી હોય છે. થોડી ઘણી ફૂટપાથો કદાચ ખાલી હશે. એના માટે ૩૮૪ કરોડ રૂપિયા ખર્ચવાના? પ્રવેશમાર્ગ પર એક ફૂટ જેટલી ઈંટની દીવાલ બાંધી દેવાથી ટૂ-વ્હિલર ફૂટપાથ પર પ્રવેશ જ નહીં કરી શકે. ૩૮૪ કરોડ રૂપિયા ખર્ચવાનું કારણ તો મને બીજું જ લાગી રહ્યું છે. પુષ્પવૃક્ષો વાવીને, ફુવારાઓ લગાડીને સરસ સૌંદર્યવર્ધક શહેર બનાવવું જોઈએ. દરિયાકિનારેથી લાખો ટન પ્લાસ્ટિક ભેગું કરીને પ્લાસ્ટિકના બાંકડા બનાવવા જોઈએ.

-મહેશ વેદાંત, અંધેરી

### બીએમસી

મુંબઈના રસ્તાઓ ઉપર થોડે-થોડે અંતરે ખાડાઓ છે, ગટરનાં ઢાંકણાં તૂટેલાં છે અને ક્યાંક ખુલ્લાં પણ છે, કોઈ એમાં પડીને મૃત્યુ પામે કે જખમી થાય તો એ માટે જવાબદાર કોણ? ફૂટપાથો અને રસ્તાઓ પર ફેરિયાઓનો ત્રાસ વધી ગયો છે જેને કારણે ટ્રાફિકમાં વધારો થઈ રહ્યો છે. પરાંના ઘણા વિસ્તારોમાં વશીસેના (નામ બદલ્યું છે)એ ચાર રસ્તાની ફૂટપાથો પર વાચનાલય, આરામગૃહ ઊભાં કર્યાં છે. એ અતિક્રમણ નથી? સ્થાનિક કૉર્પોરેટરને એની ખબર નથી? તેમને કોઈ કાયદો લાગુ પડતો નથી? બીએમસી મંદિરો, ઝૂંપડાંઓ તોડી નાખે છે, વશીસેનાએ અતિક્રમણ કર્યું છે એનો કોઈ સામનો કરશે?

-દિનેશ શાહ, ઘાટકોપર

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઇલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

- તંત્રી

## પહેલા પાનાનું ચાલુ

### હવે બેરોકટોક

ઇંધણનો પુરવઠો સુધર્યો છે અને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી જહાજોની અવરજવર સામાન્ય થતાં આ પ્રતિબંધોને હટાવવા જરૂરી બન્યા છે. અગાઉ પશ્ચિમ એશિયામાં તણાવને કારણે વૈશ્વિક એનર્જી માર્કેટમાં વિક્ષેપ પડ્યો હતો અને ઇંધણના રિટેલ તથા બલ્ક ભાવમાં મોટો તફાવત હોવાને કારણે રિટેલ આઉટલેટ્સ પર માંગ અસાધારણ રીતે વધી ગઈ હતી, જેના કારણે સરકારે આ કામચલાઉ પ્રતિબંધો લાદ્યા હતા. હવે પુરવઠાની સ્થિતિ સામાન્ય હોવાથી પહેલી જુલાઈ, ૨૦૨૬થી આ તમામ નિયંત્રણો દૂર કરી દેવામાં આવશે.

### આજે યુદ્ધનો

વિશેના અહેવાલોની પુષ્ટિ નથી, એવું તેમણે કહ્યું.

ટેક્નિકલ વાટાઘાટોમાં નીચલા સ્તરના રાજદ્વારીઓ સામેલ છે જે કોઈપણ સોદાની વિશિષ્ટતાઓ પર કામ કરે છે જે ઈરાન અને અમેરિકાના ટોચના નેતાઓને ટેબલ પર પાછા લાવશે. એક મુખ્ય મધ્યસ્થી પાકિસ્તાને કહ્યું છે કે મંગળવારે વાટાઘાટો ફરી શરૂ થશે.

અગાઉ સોમવારે, ઈરાનના રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે કતાર દ્વારા છ અબજ ડોલરની ઇરાનની ટાંચમાં લીધેલી સંપત્તિ મુક્ત કરવામાં આવશે કારણ કે આ સપ્તાહના અંતે પર્સિયન ગલ્ફમાં હુમલાઓ દ્વારા અમેરિકા સાથેની વાટાઘાટોમાં ખટાશ આવી રહી છે.મસૂદ પેઝેશ્કિયાન દ્વારા ભંડોળનો ઉલ્લેખ કરવાનો હેતુ વચગાળાના સોદા પર ઇરાની જનતાને વેચવાનો હતો, ખાસ કરીને કારણ કે ઓમાનના પ્રાદેશિક પાણીને પર્સિયન ગલ્ફમાંથી આવતા અને જતા ટ્રાફિક માટે ખોલવાના પ્રયાસો દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ પર તેની પકડની કસોટી થઈ છે.

### મે મહિનામાં

ગેસ અને પાણી પુરવઠો, ગટર અને કચરા વ્યવસ્થાપનનો વિકાસ દર અનુક્રમે (-) ૧.૬ ટકા, ૫.૫ ટકા, ૯.૯ ટકા અને ૫.૫ ટકા હતો.મે ૨૦૨૬માં ઉત્પાદન ક્ષેત્રે, ૨૩ માંથી ૧૬ ઉદ્યોગ જૂથોએ સકારાત્મક વૃદ્ધિ નોંધાવી હતી.

મે મહિનામાં ટોચના ત્રણ હકારાત્મક યોગદાન આપનારાઓમાં મોટર વાહનો, ટ્રેઇલર્સ અને સેમી-ટ્રેઇલર્સનું ઉત્પાદન (૧૪.૫ ટકા), ઇલેક્ટ્રિકલ સાધનોનું ઉત્પાદન (૨૦.૮ ટકા) અને મૂળભૂત ધાતુઓનું ઉત્પાદન (૪.૬ ટકા)નો સમાવેશ થાય છે.

ઉપયોગ-આધારિત વર્ગીકરણ મુજબ, પ્રાથમિક માલસામાનમાં વૃદ્ધિ ૨.૬ ટકા, મૂડી માલસામાન (૧૨.૯ ટકા), મધ્યવર્તી માલસામાન (૫.૮ ટકા), માળખાગત/બાંધકામ માલસામાન (૫.૯ ટકા), ગ્રાહક ટકાઉ વસ્તુઓ (૭.૨ ટકા) અને ગ્રાહક બિન-ટકાઉ વસ્તુઓ (૩.૬ ટકા) હતી.

હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સ (આઈઆઈપી)ની નવી શ્રેણી ૧ જૂન ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવી હતી, જેમાં બેઝ યર ૨૦૨૨-૨૩ નો ઉપયોગ ડિફ્લેટર તરીકે કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડીપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઇન્ડસ્ટ્રી એન્ડ ટ્રેડ (ડીપીઆઈઆઈટી) એ ૧૫ જૂન, ૨૦૨૬ના રોજ બેઝ યર ૨૦૨૨-૨૩ સાથે આઉટપુટ પ્રોડ્યુસર પ્રાઇઝ ઇન્ડેક્સ (આઉટપુટ પીપીઆઈ) શ્રેણી બહાર પાડી.

### ઈરાનને

ઢીલી થઈ રહી છે ત્યારે પ્રમુખે આ વાત કરી છે. હવે ઓમાનના જળમાંથી તેલ અને ગૅસનું પરિવહન કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

ઇરાનના હુમલા અને ધમકીને પગલે આ જળમાર્ગથી કાર્ગો શિપ અને ટેન્કરનું જવાનું બંધ થઈ ગયું છે. શાંતિના સમયે વિશ્વનું પાંચમા ભાગનું તેલ અને ગૅસ આ માર્ગેથી પસાર થતું હતું. આ બંધ થવાથી આખા વિશ્વમાં ઊર્જા કોટકટી ઊભી થઈ છે.

આ સામુદ્રધુનીનું સ્થાન ઓમાન અને ઇરાનની જળસીમામાં છે, પરંતુ તેને આંતરરાષ્ટ્રીય જળમાર્ગ ગણવામાં આવે છે. અમેરિકાએ આ આધારે જવાબી હવાઈહુમલા કર્યા હતા. અમેરિકાના તાજેતરના હુમલાને લીધે એવી ચિંતા ઊભી થઈ છે કે યુદ્ધ અટકાવાની વાતચીત ફરી ખોરવાઈ જશે.

ઇરાને રવિવારે બાહરિન અને કુવૈત પર ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતા.

મુખ્ય વાટાઘાટાકાર પાકિસ્તાને સોમવારે માહિતી આપી હતી કે ઇરાન અને અમેરિકા વચ્ચેની વાતચીત વચગાળાના સમજૂતીપત્રના આધારે મંગળવારે શરૂ થશે.

ટ્રમ્પ વહીવટીતંત્રે કહ્યું છે કે કોઈ પણ વસ્તુ રદ કરાઈ નથી અને ટેક્નિકલ વાતચીત પાટા પર છે. ઇરાને હજી જાહેર કર્યું નથી કે તે વાતચીતમાં ભાગ લેશે કે નહીં. (એજન્સી)

### તાત્કાલિક સુનાવણીનો

આભ તૂટી પડવાનું છે?સુપ્રીમ કોર્ટ સમક્ષ આજે જ્યારે આ અરજી આવી ત્યારે જજ સાહેબ નારાજ થઈ ગયા. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, જો ઉનાળાના વેકેશન પછી કોર્ટની નિયમિત કામગીરી શરૂ થવા પર આ મામલાની સુનાવણી થાય, તો કોઈ આભ નથી તૂટી પડવાનું. આમાં આટલી ઉતાવળ શું છે, પ્રક્રિયા મુજબ તેની સુનાવણી કરી લઈશું.સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ એમ.એમ. સુંદરેશ અને જસ્ટિસ શીલ નાગૂની બેન્ચે તાત્કાલિક સુનાવણી કરવાની આ અરજીને ફગાવી દીધી છે. બેન્ચે જણાવ્યું કે આ અરજી પર ૧૨ થી ૧૭ જુલાઈના અઠવાડિયા દરમિયાન સુનાવણી હાથ ધરાશે. રામ મંદિર દાન ચોરી કેસમાં બે વકીલો તરફથી અરજી દાખલ કરવામાં આવી હતી.

#### ૮૦થી વધુને નોટિસ

અયોધ્યાઃ રામ મંદિર દાન ચોરી કેસના પોલીસે તપાસ પણ તેજ કરી છે. જેમાં તપાસ એજન્સીઓએ આ કેસમાં હવે અનિલ મિશ્રા અને ગોપાલ રાવ સહિત ૮૦થી વધુ લોકોને નોટિસ પાઠવી તપાસમાં સામેલ થવા જણાવ્યું છે. આ દરમિયાન એવી વિગતો પણ પ્રકાશમાં આવી છે કે, પોલીસે ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયનું પણ નિવેદન નોંધ્યું છે. તપાસની જરૂરિયાતોને આધારે પોલીસ અનિલ મિશ્રા અને ટ્રસ્ટના અન્ય પદાધિકારીઓના નિવેદનો પણ નોંધશે.

### ચંપતરાયને

આરોપીઓનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

વકીલોએ રવિવારે સંકેત આપ્યો હતો કે તેઓ આરોપીઓનો બચાવ નહીં કરે, કારણ કે મંદિરના દાનની કથિત ચોરીથી તેમની લાગણીઓને ઠેસ પહોંચી છે.

ફૈઝાબાદ બાર એસોસિએશનના પ્રમુખ કાલિકા પ્રસાદ મિશ્રાએ બેઠક પછી પત્રકારોને જણાવ્યું હતું કે સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો છે કે એસોસિએશનનો કોઈ પણ વકીલ આરોપી વતી હાજર રહેશે નહીં.

જો કોઈ વકીલ હજુ પણ આરોપીનું પ્રતિનિધિત્વ કરવા માગે છે, તો તેણે પહેલા અરજી સબમિટ કરવી પડશે અને આરોપી દીઠ ૫ લાખ રૂપિયા ફાળા તરીકે બાર એસોસિએશનમાં જમા કરાવવા પડશે. આ રકમનો ઉપયોગ એસોસિએશન દ્વારા કેસની કાર્યવાહી ચલાવવા માટે કરવામાં આવશે, એવું તેમણે કહ્યું હતું.

મિશ્રાએ વધુમાં જણાવ્યું હતું કે એસોસિએશન સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) ને પત્ર લખીને કથિત ઉચાપતની તપાસની માગ કરશે. તેમણે ઉમેર્યું હતું કે બાર એસોસિએશન સીબીઆઈ તપાસની માગ માટે અલ્હાબાદ હાઈ કોર્ટનો સંપર્ક કરશે અને જો ત્યાં કોઈ રાહત નહીં મળે, તો તે સુપ્રીમ કોર્ટમાં જશે.

બારે કહ્યું કે તે ચંપત રાય, ગોપાલ રાવ અને અનિલ મિશ્રા સામે બીએનએસએસ કલમ ૧૫૬(૩) હેઠળ એફઆઇઆર નોંધવાની માગ કરશે, જે મેજિસ્ટ્રેટને પોલીસને જો પોલીસે ફરિયાદ પર કાર્યવાહી ન કરી હોય તો કોગ્નિઝેબલ ગુનાની તપાસ કરવાનો આદેશ આપવાનો અધિકાર આપે છે.

“અમે પહેલા કેસ નોંધવા માટે પોલીસનો સંપર્ક કરીશું, અને જો કોઈ કાર્યવાહી નહીં થાય, તો અમે કોર્ટ દ્વારા કાનૂની ઉપાય શોધીશું,” તેવું મિશ્રાએ જણાવ્યું હતું.

# ભુજની વાયબલ હૉસ્પિટલમાં એસી બ્લાસ્ટ થતાં ભીષણ આગ: બે મહિલા દર્દીઓનું દિલધડક રેસ્ક્યૂ, સદનસીબે જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: શહેરના અત્યંત વ્યસ્ત એવા હોસ્પિટલ રોડ પર આવેલી જાણીતી ‘વાઈબલ હોસ્પિટલ’માં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર પંથકમાં ભારે દોડધામ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

એર કંડિશનરમાં જોરદાર ધડાકા સાથે લાગેલી આગે ગણતરીની મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જોકે, હૉસ્પિટલ સ્ટાફ અને ફાયર બ્રિગેડની સમયસૂચકતાને કારણે એક મોટી હોનારત ટળી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, હૉસ્પિટલના એક વોર્ડમાં ચાલુ એસીમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાતા કમ્પ્રેશર બ્લાસ્ટ થયું હતું, જેના કારણે આસપાસના વાયરિંગ અને ફર્નિચરે તુરંત આગ પકડી લીધી હતી. આગને પગલે આખી હૉસ્પિટલમાં કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા. અકસ્માત સમયે હોસ્પિટલમાં દાખલ બે મહિલા દર્દીઓ ફસાઈ ગઈ હતી, પરંતુ હૉસ્પિટલના તકેદારી સ્ટાફ અને સ્થાનિક યુવાનોએ પોતાની જાન જોખમમાં મૂકીને તાત્કાલિક બંને મહિલા દર્દીઓનું સુરક્ષિત રેસ્ક્યૂ કરી તેમને અન્યત્ર ખસેડી લીધી હતી.

ઘટના અંગે જાણ કરાતાં ભુજ નગરપાલિકાનો ફાયર ફાઈટર કાફલો ઘટનાસ્થળે ધસી ગયો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત ઉઠાવી, ચારેય તરફથી પાણીનો મારો ચલાવીને આગને વધુ ફેલાતી અટકાવી હતી અને ટૂંક સમયમાં જ તેના પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ અકસ્માતમાં કોઈ માનવ જિંદગી હોમાઈ નથી કે કોઈને ઈજા થઈ નથી. જો કે, આગની તીવ્રતા એટલી વધુ હતી કે હોસ્પિટલના કિંમતી તબીબી સાધનો, દવાઓ, વાયરિંગ અને આંતરિક માળખાને મોટું આર્થિક નુકસાન પહોંચ્યું છે. આગ લાગવાના ચોક્કસ ટેકનિકલ કારણો જાણવા માટે સંબંધિત તંત્ર દ્વારા સત્તાવાર તપાસ શરૂ કરવામાં આવી છે. ■



વટ સાવિત્રી વ્રત એ હિન્દુ ધર્મમાં પરિણીતાઓ માટે અતિ પવિત્ર અને અખંડ સૌભાગ્યનું મહાપર્વ છે, રાજકોટમાં પરિણીત મહિલાઓએ પતિના દીર્ઘાયુષ્ય, ઉત્તમ આરોગ્ય અને સુખી દાંપત્યજીવનની કામના સાથે આ વ્રતની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરી હતી...

# પૂર્વ કચ્છ પર તોળાતું જોખમ: વાગડ વિસ્તાર ભૂકંપના અતિ સંવેદનશીલ ઝોનમાં, જમીનની નીચે સક્રિય ફોલ્ટ લાઈન્સ ચિંતાનું કારણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાતના તાજેતરના ભૂકંપ જોખમ મૂલ્યાંકન અહેવાલમાં કચ્છ ઉપરાંત પૂર્વ કચ્છના વાગડ વિસ્તારને પણ ‘અતિ જોખમી ક્ષેત્ર’ (હાઈ-રિસ્ક ઝોન) તરીકે જાહેર કરવામાં આવ્યો છે. રાપર, ભચાઉ, સામખિયાળી અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોને આવરી લેતો આ સમગ્ર વાગડ પટ્ટો જમીનની નીચે રહેલી એક્ટિવ ફોલ્ટ લાઈન્સ પર વસેલો હોવાથી ભૂસ્તરશાસ્ત્રીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે.

નવા વૈજ્ઞાનિક અભ્યાસ અનુસાર, વાગડની નીચે આવેલી ‘દક્ષિણ વાગડ ફોલ્ટ’ અને ‘કચ્છ મેઈન ફોલ્ટ’ હજુ પણ સક્રિય છે અને તેના કારણે ભૂગર્ભમાં સતત ઊર્જા તથા તણાવ જમા થઈ રહ્યો છે. ભૂસ્તરશાસ્ત્રીય દ્રષ્ટિએ વાગડની જમીન મોટે ભાગે રેતાળ અને કાંપવાળી છે.

આ પ્રકારની જમીન ભૂકંપના આંચકા વખતે સામાન્ય કરતાં વધુ ધ્રૂજે છે અને કેટલીકવાર તે પ્રવાહી જેવું સ્વરૂપ ધારણ કરે છે, જેના કારણે મકાનોના પાયા ધસી પડે છે અને નુકસાનનું પ્રમાણ બેવડાઈ જાય છે.

સંશોધકો અને વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, વાગડ વિસ્તારમાં ભવિષ્યમાં રિક્ટર સ્કેલ પર છની આસપાસની તીવ્રતાનો મોટો ભૂકંપ આવવાની શક્યતા નકારી શકાય તેમ નથી. આ પટ્ટામાં અવારનવાર આવતા હળવા આંચકા એ બાબતનો મજબૂત સંકેત છે કે જમીનની નીચે પ્લેટોની હલચલ સતત ચાલુ છે. ■

# ભાવનગરમાં સૌભાગ્યવતી મહિલાઓએ વડની પૂજા કરી, પતિના દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં જેઠ માસની પૂનમે વટસાવિત્રી વ્રતની ઉજવણી કરવામાં આવી. શહેરના બોરતળાવ થાપનાથ મહાદેવ તથા પાનવાડી બિલેશ્વર મહાદેવ ખાતે સૌભાગ્યવતી મહિલાઓએ વડની પૂજા કરી હતી.

ભાવનગર શહેર અને જિલ્લામાં સૌભાગ્યવતી બહેનોએ સોળે શણગાર સજીને શિવ મંદિરો અને વડલાના ઝાડે જઈને શાસ્ત્રોક્ત વિધિથી પૂજા કરી હતી. વ્રતધારી બહેનોએ અબીલ-ગુલાલ, કંકુ-ચોખા અને ફૂલો સાથે જળ ચઢાવ્યું.

વડના ઝાડ ફરતે સુતરનો દોરો વીંટાળીને પ્રદક્ષિણા કરી. કેટલીક બહેનોએ નકોરડા ઉપવાસ કર્યા, જ્યારે કેટલીક બહેનોએ ફરાળ કર્યું હતું.

ભારતીય સંસ્કૃતિમાં આદિકાળથી સાવિત્રી-સત્યવાન સાથે જોડાયેલા આ વ્રતનો મહિમા છે. પૌરાણિક કથા મુજબ, સાવિત્રીએ યમરાજ પાસેથી પોતાના પતિ સત્યવાનના પ્રાણ પાછા મેળવ્યા હતા. આ ઘટના પછી તે આદર્શ નારીત્વ અને પતિવ્રતા ધર્મનું પ્રતીક બની ગયા. તેથી દર વર્ષે જેઠ સુદ પૂનમના દિવસે સૌભાગ્યવતી મહિલાઓ પોતાના પતિના લાંબા અને સ્વસ્થ આયુષ્ય માટે આ વ્રત કરે છે. ■

# રાજકોટના શાપરમાં ૨.૪૯ કરોડની લૂંટ કરનારા ત્રણ આરોપી ઝડપાયા, ૭૬.૮૬ લાખનો મુદામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જિલ્લાના શાપરમાં થયેલી ૨.૪૯ કરોડ રૂપિયાની લૂંટ કેસમાં પોલીસ ત્વરીત કાર્યવાહી કરી ચોરીનો ભેદ ઉકેલી ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. તે ઉપરાંત પોલીસે તેમની પાસેથી ૭૬.૮૬ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. આ સાથે જ પોલીસે પાંચ ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે. પોલીસે મધ્યપ્રદેશના તેજોરિયા ગામ નજીક રહેતા બનસિંઘ ઉર્ફે બન્ના હેમરાજ સિંગાડ(જાંબુઆ), દિનેશ સેતાન પરમાર અને સેતાન દિવાનની ધરપકડ કરી છે. જો કે હજુ પાંચ જેટલા આરોપીઓ ફરાર છે. ફરાર આરોપીઓમાં કલમસીંગ ઉર્ફે કલમસીંગ સિંગાડ, કરણસીંગ ઉર્ફે મડીયા સિંગાડ, મહોબત, સુલસુલા બામણીયા અને વિઝન માવીનો સમાવેશ થાય છે. જે તમામ મધ્ય પ્રદેશના વતની છે.



(તસ્વીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)

પોલીસે પકડાયેલા ત્રણ આરોપીઓ પાસેથી ૪૩.૧૮ લાખ રોકડ, ૨૧.૨૨ લાખના ઘરેણાં તેમજ લૂંટમાં વપરાયેલ હથિયાર, બોલેરો કાર, લૂંટમાં ગયેલ રાયફલ સહીત કુલ ૭૬.૮૬ લાખનો મુદામાલ રિકવર કરી હતી. આ ત્રણેય આરોપીઓને રિમાન્ડ અર્થે કોર્ટમાં રજૂ કરવામાં આવશે અને આગળ રિકંસ્ટ્રક્શન પંચનામુ કરી અલગ અલગ દિશામાં પૂછપરછ હાથ ધરવામાં આવશે.

પોલીસની કાર્યવાહી અંગે માહિતી આપતા રાજકોટ રેન્જ આઇજી નિર્લિપ્ત રાયે જણાવ્યું હતું કે, ગત ૧૯ અને ૨૦ જૂન ૨૦૨૬ના રોજ રાજકોટ જિલ્લાના શાપર વેરાવળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જૂના રાજવી પરિવારના સભ્ય જીતેન્દ્રસિંહ જાડેજાને ત્યાં લૂંટ થઈ હતી. જેમાં લૂંટારુઓએ જીતેન્દ્રસિંહને બંધક બનાવી ઘટનાને અંજામ આપ્યો હતો. લૂંટારુઓ ૨.૪૭ કરોડ રોકડ, ૨ લાખના સોનાના દાગીના અને એક લાઇસન્સ વાળી બાર બોરની રાઇફલ લૂંટી નાસી છૂટ્યા હતા. ■

# ભાવનગરના લાખણકા ગામે સરકારી જમીનમાંથી થતી ખનિજ ચોરી ઝડપી, ₹ ૧.૫૬ કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લામાં ભૂમાફિયાઓ વિરુદ્ધ તંત્રએ લાલ આંખ કરી છે. ઘોઘા તાલુકાના લાખણકા ગામે લાંબા સમયથી સરકારી તેમજ ખાનગી પડતર જમીનો પર ગેરકાયદેસર રીતે રેતી ખનિજ ચાળવાની પ્રવૃત્તિઓ ચાલી રહી હોવાની વ્યાપક ફરિયાદો ઊઠી હતી. આ ફરિયાદોના આધારે તંત્ર દ્વારા એકાએક આકસ્મિક દરોડા પાડીને તપાસ હાથ ધરવામાં આવી હતી. પ્રાંત અધિકારી અને ખનિજ વિભાગની સંયુક્ત રેડ દરમિયાન કુલ રૂ. ૧.૫૬ કરોડનો અધધધ મુદ્દામાલ ઝડપી પાડવામાં આવતા ખનિજ ચોરો અને ભૂમાફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ઘોઘા તાલુકાના લાખણકા ગામમાં ગેરકાયદે ખનિજ ચોરી થતી હોવાની બાતમી મળતા જ ભાવનગરના પ્રાંત અધિકારી અને ભાવનગર ભૂસ્તર કચેરીની ફ્લાઈંગ સ્ક્વોડ તથા તપાસ ટીમે સંયુક્ત રીતે લાખણકા ગામના સવાલીયા વિસ્તારમાં આકસ્મિક દરોડા પાડ્યા હતા. તંત્રની આ અચાનક થયેલી કાર્યવાહીથી સ્થળ પર હાજર માફિયાઓમાં નાસભાગ મચી ગઈ હતી. તપાસ ટીમ જ્યારે ઘટનાસ્થળે પહોંચી ત્યારે અલગ-અલગ માલિકો દ્વારા સરકારી તેમજ ખાનગી પડતર જમીનો પર ગેરકાયદે રીતે સામ્રાજ્ય ઊભું કરી દેવાયું હોવાનું માલૂમ પડ્યું હતું. સમગ્ર વિસ્તારમાં તપાસ કરતા અલગ-અલગ જગ્યાએથી રેતી ચાળવાના મોટા ચારણા છ, જેસીબી મશીન ચાર, ડમ્પર રેતી ભરેલા બે, ડમ્પર ખાલી બે, ટ્રેક્ટર બે, તેમજ ચારણા સાથે સંકળાયેલી અન્ય મશીનરી મળી કુલ રૂ. ૧.૫૬ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી સીઝ કરવામાં આવ્યો હતો. ■

# ભાવનગરમાં ઈસ્કોન મંદિર હરે ૫૦૧ ઘડાથી શ્રી જગન્નાથ સ્નાન યાત્રા જળ અભિષેક કરવામાં આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં ઈસ્કોન મંદિરમાં ભગવાન જગન્નાથ, બલદેવ સુભદ્રાજીનો જળ અભિષેક કરવામાં આવ્યો હતો. જેમાં હરિદ્વારથી ૨૦૧ લિટર ગંગાજળ વિશેષ મંગાવ્યું હતું અને યમુના, સરસ્વતી, કાવેરી, ગરુડગંગાના પવિત્ર જળથી અભિષેક કરવામાં આવ્યો હતો. ભાવનગરના ડેપ્યુટી મેયર અશોકભાઈ બારૈયા, કોર્પોરેટર ભાર્ગવભાઈ ભટ્ટ, રણધીરસિહ મુંબઈથી કનુભાઈ કાકડિયા ઉપસ્થિત રહ્યા હતા.

ઈસ્કોન ભાવનગરના પ્રમુખ વેણુ ગાયક દાસજી એ જણાવ્યું હતું ૫૦૧ ભક્તો એ જળ અભિષેક કરીયો હતો અને જગન્નાથ પૂરી મંદિરની પરંપરા અનુસાર સ્નાન યાત્રાના દિવસે શ્રી જગન્નાથ અને બલદેવજી ને ગજવેશ ધારણ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી જગન્નાથજીને ૫૬ ભોગ અનકૂટ ધરાવવામાં આવ્યો હતો. જેમાં જગન્નાથજીને ભાવતા માલપુવા,ખાજા,કોડાપીઠા,જેવી વાનગી ભોગ ધરાવવામાં આવી હતી. ■

# ભચાઉના ચોબારી પાસે પાયલોટિંગ કાર અને અન્ય કારમાંથી ૩.૭૬ લાખના દારૂ સાથે ચાર શખ્સો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છ પોલીસ વડાની સૂચના હેઠળ પ્રોહિબિશન પ્રવૃત્તિઓ સામે ચલાવવામાં આવી રહેલી વિશેષ ઝુંબેશ અંતર્ગત સ્થાનિક ગુનાશોધક શાખા અને અંજાર પોલીસે જુદા-જુદા ત્રણ સ્થળોએ દરોડા પાડીને લાખો રૂપિયાનો વિદેશી શરાબનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ભચાઉના ચોબારી ગામે એલસીબીએ ફિલ્મી ઢબે રસ્તો બ્લોક કરીને દારૂની હેરાફેરી કરતી બે કાર સાથે ચાર શખ્સોને દબોચી લીધા હતા, જ્યારે અંજાર પોલીસે બે અલગ કાર્યવાહીમાં ત્રણ બૂટલેગરોને નશાકારક ચીજવસ્તુઓ સાથે ઝડપી લીધા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, રાપર પંથકમાંથી દારૂનો મોટો જથ્થો કાર મારફતે ભચાઉ તરફ આવી રહ્યો હોવા અંગેની પૂર્વ બાતમીના આધારે એલસીબીએ ચોબારી ગામ નજીક વ્યૂહાત્મક રીતે રસ્તો આંતરીને વોચ ગોઠવી હતી. આ દરમિયાન આગળ પાયલોટિંગ કરી રહેલી કિયા કાર અને તેની પાછળ આવી રહેલી દારૂ ભરેલી હ્યુન્ડાઇ ક્રેટા કારને પોલીસે ફિલ્મી ઢબે અટકાવી હતી.

પોલીસે કારની તલાશી લેતાં તેમાંથી રૂ. ૩.૭૬ લાખની કિંમતનો ઇંગ્લિશ દારૂ મળી આવ્યો હતો. સ્થળ પરથી પોલીસે અકબર જૂમાજી સમા (રહે. સામખિયાળી), દીપક ઊર્ફે ડાલો મોહન કોલી (રહે. ડાવરી, રાપર), ભાવેશ પ્રતાપ ઠાકોર (રહે. આણંદપર, રાપર) અને અજય નોંઘુભા વાઘેલાની ધરપકડ કરી હતી. પોલીસે દારૂ ૪ મોબાઈલ અને બે કાર મળી કુલ રૂ. ૧૫.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં મુખ્ય બૂટલેગરોના નામોનો પર્દાફાશ થયો છે. મુખ્ય સૂત્રધાર જિગર ઊર્ફે ઘાયલ તળશી કોલીએ રાપરના ફતેહગઢ કેનાલ પાસે પાંથાવાડાના જેઠા રબારી પાસેથી સ્કોર્પિયો કારમાં દારૂનો જથ્થો મેળવ્યો હતો. ત્યારબાદ આ જથ્થો રાપરના ભીમાસર (ભુટકીયા) ગામે હરદેવ ઊર્ફે વડી દિલુભા વાઘેલાની વાડીએ ઉતારીને ક્રેટા કારમાં ભરાયો હતો. આ જથ્થો ખોખરા ગામે રહેતા દશરથસિંહ પથુભા વાઘેલાને પહોંચાડવાનો હતો તે પૂર્વે જ પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. પોલીસે પકડાયેલા અને ફરાર તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ આદરી છે. ■

# ભાવનગરના જુગાર રમતા આઠ મહિલા સહિત ૧૫ શખ્સો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: લોકલ ક્રાઇમ બ્રાન્ચે અધેવાડા ગામમાં રઘુકુળ પાર્ટી પ્લોટ પાછળ ખુલ્લા ખેતરમાં દરોડો પાડીને રાત્રીના સમયે મોબાઇલ ફોનની ફ્લેશ લાઇટના અંજવાળે જાહેરમાં ગંજીપત્તાનો જુગાર રમતા સાત પુરુષો અને ૮ મહિલાઓ સહિત કુલ ૧૫ શખ્સો ને ઝડપી લીધા હતા. ભાવનગર રેન્જ આઇજી અને એસપીની સૂચના હેઠળ એલસીબી પીઆઇ એમ. એમ. સરવૈયાની ટીમે મળેલી બાતમીના આધારે આ રેઇડ કરી હતી. ઘટનાસ્થળેથી પોલીસે જુગાર રમતા (૧) દુર્ગેશ ઉર્ફે દુટ્ટો મકવાણા, (૨) જિતેન્દ્ર બારૈયા, (૩) રવિ વેગડ, (૪) સાગર મકવાણા, (૫) રાજુભાઇ ઉર્ફે બુધાભાઇ ડાભી, (૬) હિરેન પરમાર અને (૭) કરીમભાઇ શેખ સહિત સાત પુરુષોને રંગેહાથ ઝડપી લીધા હતા.જ્યારે જુગારના પટમાંથી મળી આવેલી ૮ મહિલાઓ (૧) મીનાબેન બાવળીયા, (૨) નીતાબેન બારૈયા, (૩) સોનલબેન મકવાણા, (૪) રેખાબેન મકવાણા, (૫) નાનીબેન વેગડ, (૬) જયશ્રીબેન ઉર્ફે પિન્ટુબેન પરમાર, (૭) સુનિતાબેન ઉર્ફે લાલુબેન જસમુળીયા અને (૮) શારદાબેન ગોસાઇની ધરપકડ હાલ બાકી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

એલસીબી ટીમે સ્થળ પરથી રૂ. ૬૦,૭૮૦ની રોકડ અને ત્રણ મોબાઇલ ફોન મળીને કુલ રૂ. ૭૧,૭૮૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ■

# ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાના બહાને ₹ ૧.૯૭ લાખની ઓનલાઈન છેતરપિંડીથી ચકચાર

ભુજ: કચ્છ જિલ્લામાં શિક્ષિત નાગરિકોને શિકાર બનાવતી સાયબર ગુનેગારોની ટોળકીએ હવે સરકારી તબીબને નિશાન બનાવીને લાખો રૂપિયાની ઓનલાઈન ઠગાઈ આચરી હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

બંદરીય માંડવીના અર્બન હેલ્થ સેન્ટરમાં ફરજ બજાવતા ૨૬ વર્ષીય તબીબ મહેશ બાંભણિયાને સાયબર ચીટરોએ ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાની લાલચ આપીને રૂ. ૧,૯૭,૦૦૦ની ઠગાઈ આચરતાં માંડવી પોલીસે અજાણ્યા મોબાઈલ કોલર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો મુજબ, ફરિયાદી ડો. મહેશ બાંભણિયા માંડવી સ્થિત એક્સિસ બેંકની શાખામાં ખાતું ધરાવે છે અને તેમની પાસે બેંકનું ક્રેડિટ કાર્ડ છે, જેની મૂળ ક્રેડિટ લિમિટ રૂ. ૨.૯૫ લાખ છે. ગત ૧૪ મેના રોજ બપોરે તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર ગઠિયાએ પોતે એક્સિસ બેંકના ક્રેડિટ કાર્ડ ડિપાર્ટમેન્ટમાંથી બોલતો હોવાની ખોટી ઓળખ આપીને તબીબને પૂછ્યું હતું કે, ‘‘શું તમે તમારા ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવા ઈચ્છો છો?’’ તબીબે હા પાડતાં જ સાયબર ઠગે જણાવ્યું હતું કે તે એક લિંક મોકલી રહ્યો છે, જેના પર ક્લિક કરવાથી લિમિટ વધી જશે.

ગઠિયાએ મોકલેલી ટેક્સ્ટ મેસેજની લિંક ઓપન કરતાં જ મોબાઈલમાં એક્સિસ બેંકની સત્તાવાર એપ્લિકેશન જેવી જ આબેહૂબ લે-આઉટ ધરાવતી એક નકલી ફિશિંગ એપ ખૂલી હતી. તબીબે વિશ્વાસમાં આવીને તેમાં પોતાના ક્રેડિટ કાર્ડનો ગુપ્ત નંબર અને સીવીવી નંબર એન્ટર કર્યો હતો. આ વિગતો નાખતાની સાથે જ તેમના મોબાઈલ પર એક ઓટીપી આવ્યો હતો, જે તેમણે એપમાં સબમિટ કર્યો હતો.

ઓટીપી સબમિટ થયાની ગણતરીની મિનિટોમાં જ તબીબના ક્રેડિટ કાર્ડ મારફતે બેંક ખાતામાંથી રૂ. ૧,૯૭,૦૦૦ ઉપડી ગયાનો મેસેજ આવતા તેઓ ચોંકી ઉઠ્યા હતા. પોતે ઓનલાઈન સાયબર ફ્રોડનો ભોગ બન્યા હોવાનું સમજાતાં જ તબીબે તાત્કાલિક બેંકનો સંપર્ક કરીને ક્રેડિટ કાર્ડ બ્લોક કરાવ્યું હતું અને કેન્દ્ર સરકારના સાયબર ક્રાઈમ પોર્ટલ પર ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. ■

# પડાણાની કેમિકલ કંપનીમાં ઓળખના પુરાવા વગર પરપ્રાંતીય શ્રમિકો રાખનાર કોન્ટ્રાક્ટર સામે ગુનો

ભુજ: ગાંધીધામના પડાણા વિસ્તારમાં આવેલી એક કેમિકલ કંપનીમાં પરપ્રાંતીય શ્રમિકોના કાયદેસરના ઓળખ પત્રો કે આધાર પુરાવાની ચકાસણી કર્યા વિના તેમજ પોલીસ મથકમાં નોંધણી કરાવ્યા વગર તેમને કામે રાખવા બદલ એક શ્રમ કોન્ટ્રાક્ટર વિરુદ્ધ ગાંધીધામ ‘બી’ ડિવિઝન પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાના ભંગ બદલ કરાયેલી આ કાર્યવાહીથી સ્થાનિક ઉદ્યોગજગતમાં અને કોન્ટ્રાક્ટરોમાં દોડધામ મચી ગઈ હતી. આ અંગે ગાંધીધામ ‘બી’ ડિવિઝન પોલીસ મથકના કોન્સ્ટેબલ મુકેશ એચ.રાઠવા પાસેથી મળતી માહિતી મુજબ, તપાસ દરમિયાન પડાણા સ્થિત ‘કચ્છ સ્પેશ્યલ કેમિકલ કંપની’ના પ્લાન્ટમાં અન્ય રાજ્યોમાંથી આવેલા મજૂરો કોઈ પણ પ્રકારની કાયદેસરની નોંધણી વગર કામ કરતા હોવાનું માલૂમ પડ્યું હતું. આ બેદરકારી બદલ શ્રમિકો સપ્લાય કરનાર સ્થાનિક કોન્ટ્રાક્ટર સંજરાજ ગૌતમ (રહે. પડાણા, તા. ગાંધીધામ) વિરુદ્ધ નામજોગ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ આરોપી કોન્ટ્રાક્ટર પોલીસ પકડથી દૂર હોઈ તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે.

નિયમ મુજબ, સુરક્ષાના કારણોસર સરહદી કચ્છ જિલ્લામાં કોઈ પણ પરપ્રાંતીય શ્રમિકને કામ પર રાખતા પહેલાં તેના અસલ ઓળખ પુરાવાની ચકાસણી કરવી, તેનું વિગતવાર રજિસ્ટર નિભાવવું અને સંબંધિત પોલીસ સ્ટેશનમાં તેની વિગતો જમા કરાવવી ફરજિયાત છે. આરોપી કોન્ટ્રાક્ટરે આ નિયમોનું ઉલ્લંઘન કર્યું હોવાનું તપાસમાં બહાર આવતાં જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેર સુરક્ષા અર્થે બહાર પાડવામાં આવેલા જાહેરનામાના ભંગ બદલ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ■

# કચ્છમાં શિણાઈ, ભારાપર અને જડોદરમાંથી કરોડોના ગેરકાયદે દબાણો જમીનદોસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં કિંમતી સરકારી અને ગૌચરની જમીનો પર ખડકાયેલા ગેરકાયદેસર દબાણોને નાબૂદ કરવા માટે વહીવટી તંત્ર દ્વારા આક્રમક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. તેના ભાગરૂપે મહેસૂલ અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓના કાફલાએ અંજાર તાલુકાના શિણાઈ-ભારાપર અને નખત્રાણાના કોટડા (જડોદર) ગામે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ધાર્મિક બાંધકામ, ૫૦થી વધુ ઓરડીઓ-કેબિનો અને પાકા મકાનો સહિતના મોટા દબાણો જમીનદોસ્ત કરી દેતાં દબાણકારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. અંજાર તાલુકાના શિણાઈ ગામ નજીક સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે ઊભું કરાયેલું અંદાજે ૪૦ ચોરસ મીટરનું ધાર્મિક દબાણ (અંદાજિત કિંમત રૂ. ૪૦,૦૦૦) તંત્ર દ્વારા કાયદેસરની પ્રક્રિયા અનુસરીને તોડી પાડવામાં આવ્યું હતું.

આ જ સમયે તંત્રની બીજી ટીમે ભારાપર ગામ નજીક આવેલી ‘રેણુકા શુગર’ ફેક્ટરીની સામે મોટું ઓપરેશન હાથ ધર્યું હતું. અહીં સરકારી કિંમતી જમીન પચાવી પાડીને વ્યાપારી હેતુ માટે ગેરકાયદેસર રીતે ઊભા કરાયેલા ૫૦થી વધુ ઓરડીઓ અને કેબિનોના સામ્રાજ્યને બુલડોઝરની મદદથી નેસ્તનાબૂદ કરાયું હતું. તંત્રના જણાવ્યા અનુસાર આ જમીન અને દબાણની બજાર કિંમત આશરે રૂ. ૧ કરોડ ૯૪ લાખ જેટલી થવા જાય છે. નખત્રાણા તાલુકાના કોટડા (જડોદર) ગામે પણ વહેલી સવારથી જ વહીવટી તંત્રે દબાણ હટાવવાની મોટી કાર્યવાહી હાથ ધરતાં ગામમાં સન્નાટો વ્યાપી ગયો હતો. તંત્ર દ્વારા છ દિવસ પૂર્વે અપાયેલી નોટિસની મુદત પૂર્ણ થતાં જ નખત્રાણા પોલીસના સઘન બંદોબસ્ત વચ્ચે મેગા ડ્રાઈવ શરૂ કરાઈ હતી, જેમાં ૮ પાકી દુકાનો અને ૩ ચાની હોટેલો, ૩ વ્યાપારી કેબિનો અને ૨ ઓટલા, ૧ પાકું મકાન અને એક ધાર્મિક સ્થાનની ગેરકાયદે દીવાલ મળીને કુલ ૧૮ જેટલાં નાના-મોટાં કાચાં-પાકાં દબાણોને તોડી પાડી કિંમતી જમીન ખુલ્લી કરાવાઈ હતી.દબાણ હટાવ કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત કરાયો હતો. ઉચ્ચ અધિકારીઓએ પ્રત્યક્ષ હાજર રહીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખી હતી.

આઠમાં પાનાનું ચાલુ

## પહેલી જુલાઈથી

હળવું રહ્યું હતું. વહેલી સવારના ચાર વાગ્યા બાદ વરસાદે બ્રેક લીધો હતો અને ત્યારબાદ સોમવાર બપોરથી ફરી મુંબઈ સહિત થાણે, નવી મુંબઈના વિસ્તારોમાં જોશભેર ત્રાટક્યો હતો.

પાલિકાએ આપેલા આંકડા મુજબ રવિવાર મોડી રાતના ૧૨ વાગ્યાથી ચાર વાગ્યા સુધી ભારે વરસાદ પડયો હતો, જેમાં વર્સોવામાં ૧૫૭ (સવા છ ઈંચ) જેટલો ભારે વરસાદ પડયો હતો, જેને કારણે અંધેરી સબ-વે પર પાણી ભરાઈ ગયા. મરોલમાં ૧૦૮ મિ.મી. (સવા ચાર ઈંચ), ઓશિવરામાં ૧૦૮ મિ.મી. (સવા ચાર ઈંચ), મુલુંડમાં ૧૬૦ મિ.મી. (સાડા છ ઈંચ), માનખુર્દમાં ૧૨૩ મિ.મી. (પાંચ ઈંચ), પવઈમાં ૧૨૨ મિ.મી. (પાંચ ઈંચ), ભાંડુપમાં ૧૨૦ મિ.મી. (પાંચ ઈંચ), મુંબઈ સેન્ટ્રલમાં ૩૪ મિ.મી., મલબાર હિલમાં ૩૭ મિ.મી., દાદરમાં ૪૫ મિ.મી. તો માટુંગામાં ૫૩ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

સોમવારે ભારેથી અતિ ભારે વરસાદ, વાવાઝોડા અને તોફાની પવનની ઓરેન્જ ચેતવણી છતાં, શહેરના મોટાભાગના ભાગોમાં દિવસ દરમિયાન માત્ર હળવાથી મધ્યમ વરસાદ જ પડ્યો, જેમાં કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યા હતો. આ અગાઉ રવિવારે મોડી રાત્રે ચોમાસું તીવ્રતા સાથે પાછું ફર્યું હતું, પરંતુ સમગ્ર મુંબઈમાં વરસાદ ખૂબ જ અસમાન રહ્યો. ઉપનગરોમાં મુશળધાર વરસાદ પડ્યો હતો, તેની દક્ષિણ મુંબઈમાં એટલે કે શહેરમાં માત્ર મધ્યમ સ્વરૂપનો વરસાદ જ પડ્યો હતો. ૨૮ જૂન, રવિવાર સવારે આઠ વાગ્યાથી ૨૯ જૂન, સોમવારના સવારે આઠ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં સાંતાક્રુઝમાં સરેરાશ ૧૦૩ મિ.મી. અને કોલાબામાં ૩૦.૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

રવિવાર મધરાતથી સવારે ચાર વાગ્યા સુધી માનખુર્દ જેવા વિસ્તારોમાં ૧૨૩ મીમી, ત્યારબાદ પવઈમાં ૧૨૨ મીમી, ભાંડુપમાં ૧૨૦ મીમી અને મરોલ-ઓશિવારામાં ૧૦૮ મીમી વરસાદ નોંધાયો, તેની સરખામણીમાં દક્ષિણ મુંબઈમાં વરલીમાં સૌથી વધુ ૫૩ મીમી વરસાદ નોંધાયો હતો.

### ત્રણ દિવસ ઓરેન્જ અલર્ટ

દિવસ દરમ્યાન ૧૬ શોર્ટ સર્કિટ, ૧૭ વૃક્ષો અને ડાળીઓ પડવાના બનાવો અને ઘર અને દિવાલ ધરાશાયી થવાના ત્રણ કેસ નોંધ્યા હતા. દરમિયાન હવામાન વિભાગે મંગળવાર માટે યલો અલર્ટ અને ત્યારબાદ પહેલીથી ત્રીજી જુલાઈ સુધી ઓરેન્જ અલર્ટ આપ્યું છે, જેમાં છૂટાછવાયા સ્થળોએ વાવાઝોડા, વીજળી અને તેજ પવન સાથે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

મંગળવારે બપોરના ૧૨.૩૫ વાગે દરિયામાં ભરતી છે એ દરમ્યાન દરિયામાં ૪.૧૬ મીટર ઊંચા મોજાં ઉછળશે. જો આ સમયે ભારે વરસાદ પડયો તો મુંબઈના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ શકે છે.

### પૂર્વ ઉપનગરમાં સરેરાશ સાડા ચાર ઈંચ વરસાદ

હવામાન વિભાગે આપેલા ડેટા મુજબ પૂર્વીય ઉપનગરોમાં સૌથી વધુ સરેરાશ ૧૧૩.૨૭ મી.મી. વરસાદ નોંધાયો હતો, ત્યારબાદ પશ્ચિમી ઉપનગરોમાં ૮૪.૨૭ મીમી વરસાદ પડ્યો હતો, જ્યારે શહેરમાં ફક્ત ૩૭.૫૦ મીમી વરસાદ પડ્યો હતો.

આ અગાઉ ગયા અઠવાડિયામાં પૂર્વીય ઉપનગરની સરખામણીમાં પશ્ચિમ ઉપનગરમાં વરસાદનું જોર વધુ હતું.

પાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ભારે વરસાદને કારણે અંધેરી સબવે ડૂબી ગયો હતો, જેના કારણે વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો, જ્યારે મુલુંડમાં એલબીએસ માર્ગ પર પાણી ભરાઈ જવાથી સવારની મુસાફરીમાં ભારે અવરોધ ઉભો થયો હતો. મુલુંડ, ભાંડુપ, ઘાટકોપર, મલાડ અને માલવાણી, અંધેરી પશ્ચિમમાં પણ પાણી ભરાઈ ગયા હતા.

### મુંબઈમાં સરેરાશ માત્ર ૧૪.૭૯ ટકા વરસાદ

મુંબઈમાં ૧૦ જૂનને બદલે આ વર્ષે લંબાઈ ગયેલા ચોમાસાએ ૨૪ જૂનના સત્તાવાર રીતે એન્ટ્રી કરી હતી.

ગયા અઠવાડિયાથી શરૂ થયેલો વરસાદ અત્યાર સુધી માંડ સરેરાશ ૧૪.૭૯ ટકા પડ્યો છે, જેમાં ગયા વર્ષે મુંબઈમાં ૨૮ જૂન સુધીમાં કોલાબામાં ૫૮૫.૨ મિ.મી. વરસાદ પડયો હતો, તેની સામે આ વર્ષે આ સમયગાળામાં કોલાબામાં માત્ર ૪૦૯.૩ મિ.મી. વરસાદ નોંધાયો છે. તો ગયા વર્ષે આ સમયગાળામાં સાંતાક્રુઝમાં ૫૧૦.૪ મિ.મી. વરસાદ સામે આ વર્ષે માંડ ૩૮૮.૬ મિ.મી. વરસાદ પડયો છે.

### નવી મુંબઈમાં પણ મુશળધાર વરસાદ

મુંબઈની સાથે જ થાણે અને નવી મુંબઈમાં પણ રવિવાર મોડી રાતથી વહેલી સવારના ભારે વરસાદ પડયો હતો. નવી મુંબઈમાં રવિવાર સવારના આઠ વાગ્યાથી સોમવાર સવારના આઠ વાગ્યા સુધીમાં સરેરાશ ૧૧૮.૧૦ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જેમાં બેલાપુરમાં ૧૫૬.૮૦, નેરુલમાં ૧૩૬.૪૦ મિ.મી., વાશીમાં ૧૧૯.૦ મિ.મી., કૌપરખૈરાણેમાં ૧૪૫.૪૦ મિ.મી., ઐરોલીમાં ૮૪.૬૦ મિ.મી. અને દીઘામાં ૬૬.૪૦ મિ.મી. વરસાદ નોંધાયો હતો. નવી મુંબઈમાં પહેલી જૂનથી ૨૯ જૂન સુધીમાં સરેરાશ ૧૪૪ મિ.મી. (છ ઈંચ) વરસાદ નોંધાયો છે. થાણે શહેરમાં રવિવાર સવારથી સોમવાર સવાર સુધીમાં સરેરાશ ૧૧૬.૮૩ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો અત્યાર સુધી થાણેમાં કુલ ૨૨૭.૭૬ મિ.મી. વરસાદ નોંધાયો છે. ■

## આવા નરાધમોને

એ સમાજમાં એક મોટો દાખલો બેસાડશે. કોર્ટના આ નિર્ણય બાદ હવે ભવિષ્યમાં કોઈપણ ગુનેગાર આવી માસૂમ બાળકીઓ કે મહિલાઓ સામે આંખ ઉઠાવીને જોવાની કે આવું હીન કૃત્ય કરવાની હિંમત સુદ્ધાં નહીં કરે.

તેમણે આગળ એવું પણ ઉમેર્યું હતું કે, આવા નરાધમો સમાજ માટે કલંક સમાન છે અને કાયદાના માધ્યમથી તેમને વહેલામાં વહેલી તકે કડક સજા અપાવવી એ સરકારની પ્રાથમિકતા છે. પીડિત પરિવારને ન્યાય મળવાથી ન્યાયતંત્ર પર જનતાનો વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે.

આ ચુકાદા બાદ સોશ્યલ મીડિયા અને પુણેની જનતા તરફથી પણ ન્યાયતંત્ર અને પોલીસ પ્રશાસનની કામગિરીની પ્રશંસા થઈ રહી છે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ આ માટે પોલીસ વિભાગને પણ અભિનંદન આપ્યા હતા જેમણે સમયસર અને સચોટ તપાસ કરીને કેસને મજબૂત બનાવ્યો. આ નિર્ણયથી પીડિત બાળકીના પરિવારજનોએ પણ સંતોષ વ્યક્ત કર્યો છે અને નરાધમને ફાંસીના માચડે લટકાવવામાં આવે તે દિવસની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ■

## ફડણવીસ-ગડ્કરીની

નીતિન ગડકરી અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનું નામ લીધું હોવાથી ભાજપ મુશ્કેલીમાં મુકાઈ ગયો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી પછી અમિત શાહનું નામ પક્ષમાં સૌથી પ્રભાવશાળી નેતા તરીકે સૌથી પહેલા માનવામાં આવે છે. ભાજપમાં મજબૂત હિન્દુત્વનો ચહેરો અને દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ ખૂબ જ લોકપ્રિય છે. તેમનું નામ પક્ષના કાર્યકરો અને સમર્થકોમાં ખૂબ જ પસંદ કરવામાં આવે છે. ગડકરી તેમના કાર્યને કારણે પક્ષની બહારના તમામ પક્ષોના નેતાઓ દ્વારા આદર મેળવે છે. તેમનું નામ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ખૂબ જ નજીકના અને વિશ્વાસુ નેતા તરીકે પણ જોવામાં આવે છે, જેના કારણે હંમેશા એવી ચર્ચા રહે છે કે મુશ્કેલ રાજકીય પરિસ્થિતિઓમાં તેમનો ચહેરો આગળ આવી શકે છે. ■

## મુંબઈમાં પાણીની

પાણી પર સંપૂર્ણપણે નિર્ભર છે. જળાશયોમાં થતા વરસાદી પાણીનો સંગ્રહ કરીને તેને આખુ વર્ષ વાપરવામાં આવે છે પણ વૈશ્વિક સ્તરે વાતાવરણમાં થયેલા ફેરફારની અસર ચોમાસાને પણ થઈ રહી છે. દર વર્ષે થતા અનિયમિત વરસાદે મુંબઈમાં પાણીની પુરવઠાને અસર થઈ રહી છે, જેમાં ૨૦૧૪, ૨૦૧૫, ૨૦૨૦, ૨૦૨૨ અને ૨૦૨૩માં ઓછા અને ચોમાસું ખેંચાઈ જવાને કારણે પાણી કાપ લાદવો પડ્યો હતો.

મુંબઈ તેના આખા વર્ષભરના પાણી પુરવઠા માટે લગભગ સંપૂર્ણપણે ચોમાસા પર આધાર રાખે છે. પાલિકાના પાંચ વરસાદ આધારિત જળાશયો - મોડક સાગર, અપર વૈતરણા, ભાતસા, તાનસા અને છેલ્લે ૨૦૧૪માં કાર્યરત થયેલા મિડલ વૈતરણામાંથી દરરોજ ૪,૧૦૦ મિલિયન લિટર (એમએલડી) પાણી ઉપાડે છે. મુંબઈની દૈનિક પાણીની માગ લગભગ ૪,૬૦૦ એમએલડી સુધી પહોંચી ગઈ છે, જેના કારણે માગ-પુરવઠાનો તફાવત વધ્યો છે. છેલ્લું જળાશય કાર્યરત થયાના બાર વર્ષ પછી પણ મુંબઈ પાસે હજુ પણ કોઈ નવો પાણીનો સ્રોત નથી, અને જો ચોમાસુ નબળું રહે તો મુંબઈ માટે પાણીનું ગંભીર સંકટ નિર્માણ થાય છે.

### જળાશયોના કેચમેન્ટમાં વરસાદની ગેરહાજરી

પાણીની કટોકટી જેમ વધુ ગંભીર બને છે, તેમ તેમ પાલિકા પાણી કાપ વધારતી જાય છે. અગાઉ ૧૫ મેના રોજ ૧૦ ટકા પુરવઠા ઘટાડા લાગૂ કર્યા બાદ પાલિકાએ બાંધકામ સ્થળો અને સ્વિમિંગ પુલને પાણી પુરવઠો સ્થગિત કર્યો, નવા પાણીના જોડાણો આપવાનું બંધ કર્યું અને કમર્શિયલ વપરાશકર્તાઓ પર પણ ૨૦ ટકા સુધીનો પાણીકાપ લાગુ કર્યો. આ કટોકટીના પગલાં ઉપરાંત મુંબઈ પાસે લાંબા સમય સુધી વરસાદની ખાધ સામે બહુ ઓછો પાણીના પર્યાય છે. વધુ ચિંતાજનક વાત એ છે કે મુંબઈ, થાણેના શહેરી વિસ્તારમાં વરસાદ પડી રહ્યો છે, પરંતુ થાણે અને પાલઘરમાં આવેલા તળાવો અને તેના કેચમેન્ટ વિસ્તારોમાં વરસાદ જ નથી, તેને કારણે તળાવોનું સ્તર સતત નીચે ઊતરી રહ્યું છે અને પાણીની કટોકટી વધુ ગંભીર બની રહી છે.

### પાણીના નવા પ્રોજેક્ટ લંબાઈ ગયા

મુંબઈની પાણીની સમસ્યાનો લાંબા ગાળાની યોજનાને અમલમાં આવવામાં હજી વર્ષો નીકળી જવાના છે. પાલઘરમાં પ્રસ્તાવિત ગાર્ગઈ ડેમ (૪૪૦ એમએલડી) અને મનોરી (૪૦૦ એમએલડી) અને વર્સોવા (૨૦૦ એમએલડી) ખાતે ડિસેલિનેશન પ્લાન્ટ શહેરના પાણી પુરવઠામાં ૧,૦૪૦ એમએલડી પાણી ઉમેરશે એવું કહેવાય છે. જોકે આ પ્રોજેકટ પર કામ હજુ શરૂ થવાનું બાકી છે અને પૂર્ણ થવામાં ઓછામાં ઓછા ત્રણથી ચાર વર્ષનો સમય લાગવાનો છે. પાલિકા સાત સ્યુજ ટ્રીટમેન્ટ પ્લાન્ટને પણ અપગ્રેડ કરી રહી છે જેથી દરરોજ ૨,૪૬૪ એમએલડી ગંદા પાણી પર પ્રક્રિયા કરી શકાય, જેમાં ૧,૨૩૨ એમએલડી પાણીનો ઉપયોગ બિન-પીવાલાયક હેતુઓ માટે કરવામાં આવશે. પરંતુ આ પ્રોજેક્ટ ૨૦૨૮ પહેલા શરૂ થવાની શક્યતા ઓછી હોવાથી મુંબઈગરાને વારંવાર આવતા પાણીના સંકટનો કોઈ તાત્કાલિક ઉકેલ મળવાનો નથી.

### 'અલ નીનો'ની અસર!

નૈર્ઋત્યાનું ચોમાસું લંબાઈ જતા અને આ વર્ષના અંતમાં મજબૂત 'અલ નીનો' સ્થિતિ વિકાસની આગાહીને કારણે શહેરના પાણી પુરવઠા અંગે અગાઉ જ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. હાલમાં જળાશયોમાં ૨૦૨૪માં આ સમયગાળા દરમિયાન જે ૫.૪૩ ટકા હતું તેના કરતા વધુ પાણી રહે છે. ચોમાસું સામાન્ય રીતે ૧૦ જૂનની આસપાસ મુંબઈ પહોંચે છે, પરંતુ આ વર્ષે તેની શરૂઆત મોડી થઈ છે.

ગયા વર્ષે શહેરમાં ચોમાસુ મે મહિનામાં આવી ગયું હતું, જે તેની સામાન્ય શરૂઆતની તારીખથી ઘણું વહેલું હતું. મોડા આગમન અને ધીમી પ્રગતિને કારણે પાલિકાએ મહારાષ્ટ્ર સરકારના જળ સંસાધન વિભાગના નિર્દેશોને અનુસરીને પીવાના પાણીના વ્યવસ્થાપન માટે કરકસરનાં પગલાં અમલમાં મૂકવા માટે ૧૫ મેથી મુંબઈમાં ૧૦ ટકા પાણી કાપ લાદયા બાદ ૧૭ જૂનથી ઈન્ડસ્ટ્રિયલ અને કોમર્શિયલ સંસ્થાઓ માટે ૨૦ ટકા પાણી કાપ લાગુ કર્યો હતો. ■

## નસરાપુરના

અને રાજ્યભરમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

એડિશનલ સેશન્સ જજ (સ્પેશિયલ જજ) એસ.આર. સાળુંખેએ આ કેસને 'રેરેસ્ટ ઓફ ધ રેર' કેટેગરીનો ગણાવીને ભીમરાવના સજા સંભળાવી હતી. એ સમયે તે વિટનેસ બોક્સમાં ઊભો હતો. વિશેષ જજે ભીમરાવને મૃત્યુદંડની સજા સંભળાવ્યા બાદ તેના પરિવારના સભ્યો કોર્ટમાં ભાંગી પડ્યા હતા. કોર્ટે પચીસમી જૂનના રોજ આરોપીને અપહરણ, બળાત્કાર તેમ જ હત્યા માટે દોષી ઠેરવ્યો હતો અને ચુકાદો સોમવારે અનામત રાખ્યો હતો.

ચુકાદો સંભળાવતી વખતે જજે અવલોકન કર્યાં હતાં, જે ખૂબ આઘાતજનક હતાં. ચુકાદો વાંચતી વખતે જજે જણાવ્યું હતું કે આરોપીએ બાળકીને જીવિત રહેવા માટે કોઇ વિકલ્પ છોડ્યો નહોતો. તેણે માત્ર બળાત્કાર નહીં, પણ હત્યા બાદ પણ તેના શરીર પર જાતીય હુમલો કર્યો હતો.

આવા હત્યારા માટે મૃત્યુદંડ પૂરતો નથી. કોર્ટે ચુકાદો આપતી વખતે પોલીસ અને તપાસ એજન્સીઓના કાર્યની ખૂબ પ્રશંસા કરી હતી. પોલીસે આ કેસમાં ૧૬ દિવસ બાદ મજબૂત ચાર્જશીટ દાખલ કરી. પંચાવન સાક્ષીદારોની તપાસ કરાઇ, ડૉક્ટરો, સાયબર નિષ્ણાતો અને ફોરેન્સિક ટીમે પ્રશંસનીય કાર્ય કર્યું. પોલીસ તેની ઉત્તમ તપાસ માટે અભિનંદનને પાત્ર છે.

આ ગુનો ખૂબ ક્રૂર રીતે આચરવામાં આવ્યો હતો અને તેમાં પીડિતા સાથે અમાનવીય વર્તન કરવા સાથે તેને ત્રાસ આપવામાં આવ્યો હતો. પીડિતા એક નિર્દોષ અને લાચાર બાળકી હતી.

તેની હત્યા વાસના સંતોષવા માટે કરવામાં આવી હતી, જે ક્રૂરતાનો પુરાવો આપે છે. તે ઉશ્કેરણી વિના ઠંડે કલેજે કરવામાં આવેલી હત્યા હતી. ગુનો એટલો ક્રૂર રીતે કરવામાં આવ્યો હતો કે માત્ર ન્યાયની દેવીના અંતરાત્માને નહીં, પણ સમાજના અંતરાત્માને પણ આંચકો લાગ્યો છે, એમ જજે અવલોકન કર્યું હતું.

તપાસકર્તા પક્ષના વકીલે આ કેસમાં મૃત્યુદંડની માગણી કરતાં દલીલ કરી હતી કે આરોપી સુધરે એવી શક્યતા નથી. આરોપીએ અગાઉ ૬૨ વર્ષની વૃદ્ધા, ૧૭ વર્ષની સગીરા ઉપરાંત પ્રાણી સાથે પણ દુષ્કર્મ આચર્યું હતું.

સુનાવણી દરમિયાન બચાવ પક્ષ દ્વારા આરોપીની વધતી ઉંમરનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. બચાવ પક્ષે વિનંતી કરી હતી કે તેની ઉંમરને ધ્યાનમાં રાખીને મૃત્યુદંડની સજાને બદલે હળવી સજા આપવામાં આવે. જોકે કોર્ટે આ દલીલ સ્વીકારી નહોતી.

નસરાપુરમાં પહેલી મેના રોજ આરોપી બાળકીને નાસ્કો અપાવવાને બહાને અને વાછરડું બતાવવાને બહાને ગામના તબેલામાં લઇ ગયો હતો, જ્યાં બાળકી પર બળાત્કાર ગુજાર્યા બાદ તેની હત્યા કરાઇ હતી. તેણે બાળકીનો મૃતદેહ બાદમાં છાણમાં છુપાવી દીધો હતો. ■

## સરકારની

આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને તેઓ પોલીસ કસ્ટડીમાં છે, જ્યારે એક વિશેષ તપાસ ટીમ (એસઆઈટી) આ કેસની તપાસ કરી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે ૨૭ જૂને અહિલ્યાનગર જિલ્લાના કોલગાંવ પોલીસ સ્ટેશનમાં મહારાષ્ટ્ર પ્રિવેન્શન ઓફ મેલપ્રેક્ટિસ એટ યુનિવર્સિટી, બોર્ડ એન્ડ અધર સ્પેસિફાઇડ એક્ઝામિનેશન્સ એક્ટ, ૧૯૮૨ ની કલમ ૬ અને ૮ હેઠળ ટીઈટી પ્રશ્નપત્ર ગેરકાયદેસર રીતે મેળવવા, ઉમેદવારો પાસેથી મોટી રકમ વસૂલવા અને વિતરણ માટે પેપર રાખવા બદલ કેસ નોંધવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં પોલીસને શનિવારે યોજાનારી ટીઈટી ૨૦૨૬ પરીક્ષાના પ્રશ્નપત્રનો એક ભાગ લીક થયો હોવાનું જણાતા એક દિવસ પહેલા પરીક્ષા મુલતવી રાખવામાં આવી હતી અને ત્રણ લોકોની ધરપકડ કરી હતી. ■

# મુંબઈની મરણ નોંધ

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ખરસાડ નિવાસી હાલ મુંબઈ મુલુન્ડ સ્વ. લીલાબેન (ઉ.વ. ૮૪) તા. ૨૬-૬-૨૬ના દેવલોક પામેલ છે. તેઓ સ્વ. ગોવિંદભાઈ જીવણજી પટેલનાં પત્ની. મંજુલાબેન, મીનાબેન, માલુબેન, મહેશભાઈ, શૈલેષભાઈના માતુશ્રી. તે ઉર્વશીબેનનાં સાસુ. જૈનમના દાદી. સ્નેહા, રોનક, દીપ, દૃષ્ટિના નાની. બેસણું તા. ૨-૭-૨૬ ગુરૂવારના બપોરે ૨ થી ૫ કલાકે મુંબઈ નિવાસસ્થાને અને સવારે ૯ થી ૧૨ કલાકે ખરસાડ (ઓરીફળિયા) સ્થાને બન્ને પક્ષનું બેસણું સાથે છે. બારમું (પુચ્છપાણી) તા. ૭-૭-૨૬, મંગળવાર ૨ થી ૫ કલાકે મુંબઈ નિવાસસ્થાને રાખેલ છે. મુકામઃ- ૮૦૨, દેવરાજ પ્રેરણા, ડો. આર. પી. રોડ, સંઘવી ચાલની સામે, જનકલ્યાણ બેંકની પાછળ, મુલુન્ડ (વે.)

**હાલાઇ ભાટિયા**

મહેન્દ્ર પુષ્પા પરષોતમ આશર (ઉં. વ. ૭૮) (જામ ખંભાળીયાવાળા) તે કીર્તિબેન આશરના પતિ. જેસલ અને પ્રણવના પિતા. તે સ્વ. પ્રમીલા વીરજી સંપટના જમાઇ. પ્રતાપ, રવીન્દ્ર, જયોતી, ઇન્દુ તથા રશ્મિના ભાઇ. ભાવેશભાઇ તથા બીજલના સસરા. તનુષ, હિયા અને દેવાંશના નાના-દાદા. તા. ૨૯-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧-૭-૨૬ના શ્રી લુહાર સુતાર જ્ઞાતિ, હિતેચ્છુક મંડળ, વેલફેર સેન્ટર, દત્તપાડા મેન રોડ, કાર્ટર રોડ, નં-૩. અંબાજી મંદિરની બાજુમાં, બોરીવલી (ઇસ્ટ), સાંજે ૫થી ૭, લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ ભાવસાર**

બુધેલ નિવાસી હાલ મુંબઇ લક્ષ્મીબેન ત્રિભોવનદાસ ભાઇચંદ તલાજીયાના સુપુત્ર ભાઇશ્રી ચંદ્રકાંત (ઉં. વ. ૭૮) તા. ૨૮-૬-૨૬ના અક્ષરવાસી થયા છે. તે સ્વ. કાંતિલાલ મગનલાલ રાણપુર (લાતિવાળા) હાલ બરવાળાના પુત્રી. ભાનુમતિબેનના પતિ. વર્ષા કલ્પેશ, મનિષા દિલીપ સુરુ, હેતલ તેજસ દેસાઇના પિતાશ્રી. સ્વ. રતિલાલભાઇ, સ્વ. લીલીબેન, સ્વ. ગુલાબબેન, સ્વ. પંકજભાઇ અને કિરણબેન નરેશકુમાર શાહના ભાઇ. સિમિત, ખ્યાતિ અંકિત વોરાના કાકાશ્રી. દીક્ષા, જૈના, પર્લ, કેવલ, દ્રિતિના દાદા-નાનાશ્રી. ચક્ષુદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસા સોરઠીયા વણિક જ્ઞાતી**

માંગરોળ નિવાસી હાલ ખાર જસવંતભાઇ છોટાલાલ શાહ (ઉં. વ. ૮૬) તા. ૨૬-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ચંદ્રિકાબેનના પતિ. જીજ્ઞેશ અને અનીષા (મોનાબેન) ના પિતાશ્રી. શિવાલી અને દેવેશભાઇ નંદલાલ શાહના સસરા. ખુશીના દાદા અને મિલોનીના નાના. તારામતી જયંતીલાલ પ્રાગજીના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ રાતીયા હાલ માટુંગા નિવાસી રમેશભાઇ હંસરાજ સામાણી, તે સ્વ. લીલાવંતીબેન હંસરાજના પુત્ર. તે લક્ષ્મીદાસ, કાંતીભાઇ અને પ્રવીણભાઇના નાનાભાઇ. તે સ્વ. ચંપાબેન, પ્રમોદિનીબેન અને નિલમબેનના દિયર. તે સ્વ. જમનાદાસ જેઠાભાઇ બાટવિયાના ડોયત્ર. તે પૂર્ણિમા નલીનકુમાર ઠક્કર, ઉષા દ્વારકાદાસ ગઢીયા, શિવાંગી પ્રફુલકુમાર રાજપોપટ, જીજ્ઞા, પૂજા, જાગૃતિ, અશોક, સ્વ. અરુણા, સ્વ. ચેતન, વૃષાલી, રાકેશ, વિપુલ અને કુણાલના કાકા. તા. ૨૭-૬-૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટીયા (ધરણગામ)**

સ્વ. રોહિદાસ અર્જુનદાસ ઉદેશી તા. ૨૮-૬-૨૬ રવિવારના શ્રીજીના ચરણ પામેલ છે. સ્વ. ધનેશ, સ્વ.ભાનુદાસ, સ્વ. રામદાસ, સ્વ. સુરેશ રૂપેશભાઇ, સ્વ. પ્રમિલાબેન અજીત સિંહ રાવડ, સ્વ. સુશીલાબહેન, સુંદરદાસ આશર, ગં. સ્વ. તારાબેન લલીત ગાજરીયાના ભાઇ. કપીલ ઉદેશી પિતા. કવિતા આશિષ વેઝેર પિતા. લૌકિક પ્રથા બંધ છે.

**વિસા સોરઠીયા વણિક**

માંગરોળ નિવાસી હાલ મલાડ સ્વ. કમલાબેન પ્રવીણચંદ્ર દેવીદાસ શાહના પુત્રવધૂ મૃદુલાબેન નરેન્દ્રભાઇ શાહ તા. ૨૬-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નરેન્દ્રભાઇના પત્ની. તે કરણ, ધૃતિ, નમ્રતાના માતુશ્રી. જિજ્ઞા, શ્રી તથા ચિંતનના સાસુ. દિલીપભાઇ, કૃષ્ણકાંત તથા હેમા અજય શાહના ભાભી. ઉબરીવાળા સ્વ. જમનાદાસ પરસોતમ શાહના પુત્રી. લૌકિક પ્રથા બંધ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

માંગરોળ નિવાસી, હાલ ઘાટકોપર, ગં. સ્વ. નિર્મળાબેન મનમોહનદાસ લોઢવિયા, ૨૭.૦૬.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે શીતલ (ચંદ્રીકા) સતીશ જૂઠાણી, સ્વાતિ નિતીન ગોસલીયાના માતુશ્રી. દીપા કેતન મહેતા, દેવાંગી અમીત દેસાઈ અને કશ્યપ સતીશ જૂઠાણીના નાની. ચેરીશા કશ્યપ જૂઠાણીના નાનીસાસુ, માનીત અને રીવાના પરનાની. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

રાજુલા નિવાસી સુરેશ છોટાલાલ દોશી (ઉં. વ. ૮૪) તે કોકિલાબેનના પતિ. ભાવેશ, સમીર અને બીજલનાં પિતા. સ્વ. નારણદાસ નવનીધરાય મહેતાના જમાઈ. અલકા, રશ્મી અને દેવાંગીના સસરા. રમેશભાઈ, હર્ષદભાઈ, વીણાબહેન અને પ્રબોધભાઇના મોટાભાઈ. માધવી- પૂજન, વૈભવી -કરણ, પ્રાચી -ડેન, વેદાંત, કહાનના દાદા. તા : ૨૮.૬.૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વ પક્ષની પ્રાર્થનાસભા મંગળવારે સાંજે ૫ થી ૭. કે.સી. કોલેજ, ચર્ચગેટ. મુંબઈ.

## જૈન મરણ

મોરચુપણા નિવાસી હાલ ડોમ્બીવલી, ચંપકલાલ નાનચંદ શાહ (ઉં. વ. ૭૯) તે મંજુલાબેનના પતિ. વિપુલ, વિરલ, જલ્પા અંકિતકુમાર શાહ, કિંજલ નિલેશકુમાર મહેતાના પિતા. ભવ્ય, તન્વિ, જિનયના નાના. સ્વ. શાંતિભાઈ, સ્વ. ચીમનભાઈ, સ્વ. કાંતિભાઈ, સ્વ. મનહરભાઈ, સ્વ. જસુમતીબેન હરગોવિંદભાઈ શાહ, સ્વ. નિર્મળાબેન ભુપતરાય શાહ, સરોજબેન અરવિંદરાય મહેતાના ભાઈ. સ્વસુરપક્ષે વાસા પ્રેમચંદ જીવરાજ બુઢણાવાળાના જમાઈ. અવસાન ૨૯/૬/૨૬ના રોજ થયેલ છે. મણીલક્ષ્મી સદન, નામદેવ પાટીલ વાડી, માનપાડા રોડ, ડોમ્બીવલી ઇસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ મુલુંડ સ્વ. લલિતાબેન શાંતીલાલ દોશીના સુપુત્ર મહેન્દ્રભાઇ (ઉં. વ. ૭૩) તા. ૨૭-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. બીપીનભાઇ, કમલેશભાઇ, ભાવનાબેન જીતેન્દ્ર પારેખ, રૂપાબેન નિપુણ કોટીચાના ભાઇ. વર્ષાબેન અને અલકાબેનના જેઠ. શ્રદ્ધા અનુજ અને મીલોની નીરવના મોટા પપ્પા. બિલખા નિવાસી ગીરધરલાલ માણેકચંદ દોશીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૩૦-૬-૨૬ મંગળવારના ૩.૩૦થી ૫.૩૦. ઠે. આર્ય નિવાસ ૬ઠ્ઠો માળ, વિકાસ સેન્ટર, જંકશન ઓફ એન.એસ. રોડ. એન્ડ સેવારામ લાલવાની રોડ, મુલુંડ (વેસ્ટ).

**ખંભાત દશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી હાલ વિલેપાર્લે બીનાબેન તે હેમંતભાઇ ચંદુલાલ શાહ (રાજુભાઇ)ના ધર્મપત્ની (ઉં. વ. ૬૦) પૂજા હેમંત શાહના માતા. તે વર્ષાબેન અશોકભાઇ શાહ તથા નયનાબેન સુધીરભાઇ શાહના દેરાણી. પિયર પક્ષ સ્વ. વીરબાલાબેન તથા સ્વ. રમેશચંદ્ર નાનાલાલ શાહના પુત્રી. આશાબેન જતીનભાઇ દેસાઇ, અલકાબેન ભરતભાઇ સંઘવી તથા દીપ્તીબેન અશોકભાઇ દાણીના બેન. તા. ૨૮-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા ૩૦-૬-૨૬ મંગળવારના સાંજે ૪.૩૦થી ૫.૩૦. ઠે. ચતવાણી બાગ, ગોખલે રોડ, વિલેપાર્લે (પૂર્વ), સ્ટેશનની બાજુમાં.

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

બોટાદ નિવાસી હાલ મીરારોડ, સ્વ. ઉષાબેન સુમતીલાલ શાહના પુત્ર ભરતભાઈ (ઉં. વ. ૬૪) ૨૮/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે નીતાબેનના પતિ. મિનેષ તથા મીતેનના પિતા. હિતેશ તથા હિના દિનેશકુમાર પટનીના ભાઈ. સ્વ. કનકબેન મહાસુખલાલ શાહના જમાઈ. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

વિનોદકુમાર જીવરાજભાઈ શાહ (પંચમીઆ) (ઉં. વ. ૮૨) જુનાગઢ સરસાઈ નિવાસી, હાલ દાદર, તે સ્વ. બકુલાબેનના પતિ. રૂપાલીના પિતા તથા અક્ષય ઝવેરીના સસરા. સ્વ.ખુશાલભાઈ, સ્વ.લીલાબેન તથા સ્વ.ઈન્દુબેનના ભાઈ. સ્વ. રૂક્ષ્મણીબેન તથા સ્વ. લક્ષ્મીચંદ શાહ (દોઢીવાળા)ના જમાઈ. તા.૨૮-૬-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલા. સ્થા. વીસા. શ્રી. જૈન**

બોટાદ નિવાસી હાલ ડોંબીવલી, પ્રેમિલાબેન રમણીકલાલ મોહનલાલ શાહના પુત્રવધૂ આશિષ રમણીકલાલ શાહના ધર્મપત્ની અ.સૌ. શીતલ (ઉં. વ. ૪૭) તા. ૨૬-૬-૨૬ને શુક્રવારે રાણપુર અરિહંતશરણ પામેલ છે. તે ભવ્ય તથા પ્રિયલના માતા. મનીષા હિતેશભાઇ શાહના દેરાણી. બીના રમેશભાઈ ગાંધી, સ્વ. ભાવના પ્રદીપભાઈ દોશી તથા દીપિકા સંગમભાઈ ગોપાણીના ભાભી. શશીકાંતભાઈ અમૃતલાલ શાહના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસા સોરઠીયા વણિક**

પાદરડીવાળા પ્રફુલભાઇ ધરમશી કાલિદાસ મલકાણનાં ધર્મપત્ની અ.સૌ.વસંતબેન (ઉં. વ. ૭૧) તે કેયુરી કેયુરભાઈ, ફાલ્ગુની એડવીનભાઈ અને મયુરનાં માતુશ્રી. દીપાનાં સાસુજી. લોઢવાવાળા સ્વ. લાભુબેન દ્વારકાદાસ ભાણજીની પુત્રી. સ્વ. ભીખુલાલ, ગં.સ્વ. ઇન્દીરાબેન, દિનેશભાઇ, જગદીશભાઈ, હસમુખભાઈ, ઉમેશભાઈ, હર્ષદભાઇનાં ભાભી વડોદરા મુકામે ગુરુવાર તા. ૨૫.૬.૨૬નાં શ્રીજીચરણ પામ્યા છે. દેહ દાન કરેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

સામતેર નિવાસી હાલ ઘાટકોપર, અ.સૌ. હર્ષા (ઉં. વ. ૬૨) તે શૈલેષ તારાચંદ શાહનાં ધર્મપત્ની. ચિ.ભૂષણ-અ.સૌ. નિયતી, અ.સૌ. ચૈતાલી અતિનકુમારના માતુશ્રી. ચિ. કવિરના દાદી, સ્વ. કુમુદગૌરી કિશોરચંદ્ર પારેખના સુપુત્રી. સતિષભાઈ-અ.સૌ. વર્ષાબેનનાં દેરાણી, યોગેશભાઈ-અ.સૌ. નીતાબેન, ચેતનભાઈ-અ.સૌ. નીપાબેનનાં જેઠાણી, શનિવાર તા. ૨૭/૬/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૦-૦૬-૨૦૨૬ના મંગળવાર સ્થળઃ લવન્ડર બો, પહેલે માળે, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇ), સમયઃ- સાંજે ૫ થી ૭.

## પારસી મરણ

હમાય ફલી ઇલાવ્યા તે મરહુમ ફલી બી. ઇલાવ્યાના ધણીયાની. તે મરહુમ પેરીન અને મરહુમ દાદીબા કલયાણીવાળાના દીકરી. તે સાયરસ અને સોલીના મમા. તે કીતુ એસ ઇલાવ્યાના સાસુજી. તે મરહુમ મેરૂ અને મીનુના બહેન. તે અનોશ અને અરસવના મોટા મમા. (ઉં.વ. ૯૬) રે. ઠે. એમપ્રસ કોર્ટ-સી, ૪થે માળે, ૧૪૨ દીનશા વાચ્છા રોડ, કે. સી. કોલેજની બાજુમાં, ચર્ચગેટ, મુંબઇ-૪૦૦૦૨૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૧-૭-૨૬ના દીને સાંજે ૩.૪૦એ વાડીયાજી આતશબેરામમાં કરવામાં આવશેજી.

આદીલ રોહીન્ટન શેઠના તે મરહુમ નતાશા આદીલ શેઠના ધનીયાની. તે મરહુમ પીલુ ને રોહીન્ટનના દીકરા. તે જાનીશ શેઠનાના વડીલ. તે શીરાઝ અસુન્દારીના અને ખુશ્નુમા કાવીનના ભાઇ. (ઉં.વ.૫૪) રે. ઠે. ગતાલીયા મેન્શન, ૮૦૩-ડી, ૧લે માળે, ડો. આંબેડકર રોડ. દાદર (ઇસ્ટ), દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧-૭-૨૬ના ૩.૪૫ વાગ્યે અંધેરી પટેલની અગિયારીમાં કરવામાં આવશેજી.

ચેરાગ બેરામ દેસાઇ તે મરહુમ મહેરા અને બેરામ ડી. દેસાઇના દીકરા. તે નારીસંગ અને મરહુમ ડીનાઝ નોશીર દેસાઇ અને અરનાવાઝના ભાઇ. તે કયોમઝ એન. દેસાઇ, નાઝનીન નોઝર કુતાર આરમીન અરનોશ બોધાનવાલા, દીલબર સાયરસ લંગરાના અને તોરંગ ખુશરૂ પીઠાવાલાના અંકલ તે માહીજ કયોમઝ દેસાઇના કાકા સસરા. (ઉં. વ. ૮૦) રે. ઠે. ૪ મહેર વીલા, માલકમ બાગ, એસ. વી. રોડ, બ્લાઇન્ડ હોમની સામે, જોગેશ્વરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૨.ઉઠમણાંની ક્રિયા : તા. ૧-૭-૨૬ના દિવસે ૩.૪૦ એ સાંજે માલકમબાગ અગિયારીમાં કરવામાં આવશે.

**ઝાલાવાડ શ્વે મૂ પૂ જૈન**

વઢવાણ નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. શારદાબેન નગીનદાસ શાહના પુત્રવધૂ, સ્વ. અશ્વિનભાઈના ધર્મપત્ની, નયનાબેન (ઉં. વ. ૬૯) સોમવાર તા ૨૯/૦૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કિતનના માતુશ્રી, જેતલના સાસુ. હેમાની પંકજકુમાર શાહ, ઈલા વિરેનકુમાર શાહ, નિકિતા વિજય શાહના ભાભી, પિયરપક્ષ ધ્રાંગધ્રા નિવાસી તારેન્દ્ર ભુરાભાઈ શાહની દીકરી. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી. એડ્રેસઃ ૬૦૧, શક્તિ નિવાસ, સાઈનાથ નગર, એલબીએસ માર્ગ, ઘાટકોપર વેસ્ટ.

**દશા શ્રીમાળી જૈન**

વિસાવદર નિવાસી હાલ ઘાટકોપર, જ્યોતિબેન હસમુખરાય ગઠાણી (ઉં. વ. ૮૦) તે ભાવેશભાઈ, હીનાબેન નિશીથભાઈ દોશી તથા પિંકીબેન દીપકભાઈ ઠક્કરના માતુશ્રી. જેસિકાના સાસુ. પ્રથમ, લબ્ધિ, કૌશલ, મુસ્કાન, બંસરી, કીયાનના દાદી-નાની. અ.સો. હીનાના દાદીજી સાસુ, અહાનાના પરદાદી. પિયરપક્ષે શાંતિલાલ દામોદર દેસાઈની પુત્રી. શુક્રવાર તા. ૨૬.૬.૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેવપુરના જ્યોતિ રમણીક વીરા (ઉં. વ. ૫૯) તા. ૨૭-૬-૨૬નાં અવસાન પામેલ છે. માતુશ્રી લક્ષ્મીબેન કુંવરજીના પુત્રવધૂ. રમણીકના પત્ની. પાર્થ, ચાર્મીના માતુશ્રી. માતુશ્રી ચંચળબેન રામજીના પુત્રી. કુસુમ વિરેન્દ્ર, પ્રફુલના બેન. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : રમણીક વીરા, એ-૨૨/૪, ગાલાનગર, મુલુંડ (વેસ્ટ).

ડુમરા હાલે ભુજનાં લીલાવંતી લીલાધર સાવલા (ઉં. વ. ૮૧) ૨૬-૦૬નાં ભુજમાં અવસાન પામ્યા છે. મીઠીબાઇ ઉમરશીના પુત્રવધુ. સ્વ. લીલાધરના પત્ની. મધુબાલા, ઇલાના માતાજી. કોટડી મહાદેવપુરીના રતનબાઇ આણંદજી લાલનના સુપુત્રી. કાંતીલાલ, ડોલર, ગઢશીશાના નાનબાઇ પ્રેમજી, સાકરબાઇ, કોટડા રમીલા લક્ષ્મીચંદ, નવાવાસ હેમલતા લક્ષ્મીચંદ, ચીયાસર નિર્મલા હંસરાજના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મધુબાલા-ઇલા, ૫૦૧, અલંકાર, બાલારામ સ્ટ્રીટ, ગ્રાન્ટ રોડ, મું.૭.

નાની ખાખરના પરેશ પ્રેમજી વીરા (ઉં. વ. ૫૮) તા.૨૮-૬-૨૬ના અરિહંત શરણ પામ્યા છે. અમૃતબેન પ્રેમજીના પુત્ર. જ્યોતિના પતિ. હર્ષના પિતા. શૈલેષ, અશોક, રતાડીયા ગણેશ વંદના અતુલના ભાઈ. ઝવેરબેન ટોકરશીના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦. ચક્ષુદાન કરેલ છે. નિ. પરેશ પ્રેમજી વીરા. ૧૯૦૫, પુષ્પ વિનોદ ૪, એસ.વી.રોડ, બોરીવલી (વે).

નાના ભાડીયાના માતુશ્રી ચંચળબેન મામણીયા (ઉં. વ. ૮૪) તા. ૨૭-૬-૨૬ના અવસાન પામેલ છે. પાનબાઈ વાલજી પુનશીના પુત્રવધુ. ચાંપશીભાઈના પત્ની. અનીલ, કામીનીના માતા. ફરાદી દેવકાંબેન વીરજી રાયમલ વીરાના સુપુત્રી. મોરારજી, મણીલાલ, મહેન્દ્ર, મનસુખ, નાની તુંબડી પ્રભાબેન શામજી,વીઢ હીરાવંતી મુલચંદના બેન. પ્રા. શ્રી હાલારી વિશા ઓસવાળ સમાજ (હાલાઈ વાડી), દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (સે.રે.). ટા.: ૪ થી ૫.૩૦. નિ. અનીલ મામણીયા. ૧૧, મહેતા મહેલ, પહેલે માળે, દાદા સાહેબ ફાળકે રોડ, દાદર (ઈસ્ટ).

રતાડીયા (ગ) ના રૂક્ષ્મણીબહેન છેડા (ઉં. વ. ૮૫) તા. ૨૩-૬-૨૬નાં અવસાન પામેલ છે. માતુશ્રી પાનબાઇ નાનજી રવજીના પુત્રવધૂ. કાંતીલાલના ધર્મપત્ની. ગીતા, મહેન્દ્ર, વિજય, સ્વ. કલ્પેશના માતુશ્રી. કુંદરોડી માતુશ્રી મુલબાઇ રામજી મામણીયાના સુપુત્રી. સ્વ. ધનજી, સ્વ. કલ્યાણજી, સ્વ. રમણીક, તલકશી, શાંતીલાલ, બગડા સ્વ. સાકરબેન ધનજી વોરા, ભુજપુર ગં.સ્વ. શાંતાબેન લાલજી, દેશલપુર ગં.સ્વ. વિમળાબેન જેન્તીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન રૂબરૂ તુલ્ય. એ. કાંતીલાલ છેડા, ૧૩૦૧, સતગુરૂ હાઇટસ, લીબર્ટી ગાર્ડન રોડ નં. ૩, મલાડ (વે.).

બિદડાના અનશનવ્રતધારી માતુશ્રી રતનબેન દામજી પેથડ (ઉં. વ. ૮૪) તા. ૨૭-૬-૨૬ ના દેવલોક પામ્યા છે. દામજી હંસરાજના ધર્મપત્ની. ઉમરબાઈ/મોંઘીબાઈ હંસરાજ વિજપારના પુત્રવધુ. જયેશ, નિલેશ, દિક્ષા (મીના)ના માતુશ્રી. ફરાદી દેમીબાઈ દેવશી નેણશીના સુપુત્રી. ધનજી, રામજી, તુંબડી જયવંતીબેન પદમશી કેશવજીના બેન. ગુણાનુવાદ સભા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦. નિ. રતનબેન દામજી : કેવલ કુટીર, : એલ-૫, આર.એચ.-૧, સે.-૭, વાશી-૭૦૩.

## 'હવે ફાંસીની સજાનો

જિલ્લાના ભોર તાલુકાના નસરાપુર ગામમાં સગીર છોકરીનું અપહરણ, બળાત્કાર અને હત્યા કરવાના ગુનામાં એક ખાસ કોર્ટે સોમવારે ૬૫ વર્ષીય ભીમરાવ કાંબલેને મૃત્યુદંડની સજા ફટકારી હતી. આ ઘટનાને કારણે સમગ્ર મહારાષ્ટ્રમાં લોકોમાં આક્રોશ હતો. આ ઘટના પહેલી મેના રોજ બની હતી અને વધારાના ન્યાયાધીશ એસ.આર. સાળુંખેએ આ કેસને દુર્લભમાં દુર્લભ ગણાવતા ૨૫ જૂનના રોજ આરોપીને દોષિત ઠેરવ્યો હતો. ન્યાયાધીશે ફાંસીની સજા સંભળાવતા જ પીડિતાનો પરિવાર કોર્ટમાં રડી પડ્યો. બાદમાં પત્રકારો સાથે વાત કરતા, પીડિતાના પિતાએ કહ્યું, અમે માનનીય કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણયથી સંતુષ્ટ છીએ. અમે પહેલાથી જ આરોપી સામે કડક કાર્યવાહીની માગ કરી છે. ફાંસીની સજાનો અમલ ઇચ્છીએ છીએ. કાંબલે સામે અપહરણ, છેડતી, બળાત્કાર અને હત્યાના આરોપો તેમજ જાતીય અપરાધોથી બાળકોના રક્ષણ (પોક્સો) કાયદા હેઠળ ગુનાઓ ઘડવામાં આવ્યા હતા. (પીટીઆઈ) ■

## થાણેમાં

ભાગો વગેરે સ્થળોએ બુધવારે સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગ્યા સુધી પાણી પુરવઠો બંધ રહેશે અને સમતાનગર, ઋતુપાર્ક, સિદ્ધેશ્વર, ઇટરનિટી, જોહ્નસન, જેલ, સાકેત, ઉથળસર, રુસ્તમજી, દોસ્તી, આકૃતિ, વર્તકનગર (મ્હાડા) વગેરે વિસ્તારોમાં બુધવારે રાત્રે ૯.૦૦ વાગ્યાથી ગુરુવારે સવારે ૯.૦૦ વાગ્યા સુધી પાણી પુરવઠો બંધ રહેશે. ઉપરોક્ત શટડાઉનને કારણે પાણીપુરવઠો પૂર્વવત્ થવામાં એકાદ-બે દિવસ લાગશે. આ દરમ્યાન ઓછા દબાણે પાણી પુરવઠો મળવાની શક્યતા છે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# તન-મન-ધનથી રહો તરોતાજા

# સંપૂર્ણ અર્થશાસ્ત્ર

## મારું પોતાનું અર્થતંત્ર

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

આ પુસ્તક લખતાં પહેલાં હું સ્વર્ગસ્થ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે, કે જેમને તેમના શિષ્યો આદરપૂર્વક પૂજ્ય દાદા તરીકે સંબોધે છે. તેમની શ્રીસુકતમ પરની ટિપ્પણી ફરી એક વાર વાંચી ગયો. જેટલી વખત આ લખાણ વાંચું છું ત્યારે દર વખતે મને નવા નવા દૃષ્ટિકોણ મળે છે. આ શાસ્ત્ર માટે ખરેખર એક જ શબ્દ વાપરી શકાય તેમ છે- અદ્‌ભુત. પૂજ્ય દાદાની સમજાવવાની રીત પણ એટલી જ પ્રભાવશાળી છતાં સરળ છે.

આપણે આજે વાંચીએ ત્યારે સમજાય છે કે આજના અર્થશાસ્ત્રને સંપૂર્ણ અર્થશાસ્ત્ર બનાવવા માટે કયા કયાં પાસાંને આવરી લેવાની જરૂર છે. આજનું અર્થશાસ્ત્ર માત્ર પૈસા કેમ બનાવવા અને થોડેઘણે અંશે બચત કેવી રીતે કરવી તેના વિશે જ વાત કરે છે. ધન-સંપિત્તને કઈ રીતે ખર્ચવી અને વહેંચવી તે અંગે આજનું અર્થશાસ્ત્ર આપણને કશું શીખવતું નથી.

જો સંપૂર્ણ અર્થશાસ્ત્ર સમજવું હોય તો પૈસા નીતિના માર્ગે કઈ રીતે કમાવા તે શીખવું જરૂરી છે. ઉપરાંત, પૈસા ખર્ચતી વખતે અને વહેંચતી વખતે કઈ બાબતોને ધ્યાનમાં લેવી જોઈએ એ જાણવું પણ જરૂરી છે. શ્રીસૂકતમમાં આ પાસાંને ઊંડાણપૂર્વક અને પ્રવાહી શૈલીમાં સમજાવવામાં આવ્યાં છે.

આજનો સમાજ પૈસાને મહત્ત્વ આપે છે, પરંતુ તે કંઈ રીતે પ્રાપ્ત કરવા જોઈએ તે વિશે વિચારવાનું કોઈને જરૂરી લાગતું નથી. પૈસાના પૂજારી હોવું અને લક્ષ્મીની આરાધના કરવી આ બંને વચ્ચે અંતર છે. એકમાં ઉછાંછળાપણું છે, જ્યારે બીજામાં મર્યાદા અને આદરભાવ છે.

પૈસો લક્ષ્મી ત્યારે જ બની શકે છે જ્યારે તે નીતિમત્તાથી મેળવેલો હોય. જો પૈસો સાચા રસ્તે કમાયેલો નહીં હોય તો ઘરમાં કલેશ પેદા કરશે.

પૈસા કેવી રીતે પ્રાપ્ત કરવા ઉપરાંત એનો ઉપયોગ કેવી રીતે કરવો એ પણ જાણી લેવું એટલું જ જરૂરી છે. આજનું અર્થશાસ્ત્ર પૈસાનો ઉપયોગ કેવી રીતે કરવો એ અંગે બિલકુલ જ્ઞાન આપતું નથી.

પૈસો તાકાત અને ઊર્જા છે. જો ઊર્જા સાથે કામ પણ પાર પાડવામાં તકેદારી ન લેવાય તો ઊર્જાનો ઉપયોગ કરનારને જ હાનિ પહોંચી શકે છે. ભૌતિકવાદ આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ભૌતિકવાદ વપરાશકર્તાને નુકસાન પહોંચાડે છે.

શ્રીસૂકતમમાં પૈસાના ઉપયોગ માટે બે અલગઅલગ માર્ગ સૂચવ્યાં છે. એક માર્ગ એવો છે જેને આપણે પૈસાનો ઉપયોગ પોતાનવી જાત, પરિવાર, સ્વજનો અને પ્રિયજનો માટે કરીએ છીએ. આને ભોગ કહે છે.

બીજો માર્ગ દાનનો છે. આપણે સમાજ અને સૃષ્ટિમાંથી પૈસા કમાઈએ છીએ તેથી આપણી મિલકતમાંથી થોડો હિસ્સો સમાજ અને સૃષ્ટિને પાછો આપવો જોઈએ એવી તેમાં ભાવના છે. થોડા વખત પહેલાં એક સેમિનારમાં મોટી ઉંમરના એક વિદુષીના સંપર્કમાં આવવાનું થયું હતું.

તેમણે મને આ સંકલ્પના બહુ જ સરળ રીતે સમજાવી હતી. એમણે કહેલું કે, આપણી કમાણીનો એક ભાગ પાછળ આપવો જોઈએ. આગળ એટલે કે આપણું અતીત- આપણાં માતાપિતા. દાદા-દાદી. વગેરે...

બીજો એક ભાગ આગળ માટે મૂકી રાખવો જોઈએ. આગળ એટલે આપણું ભવિષ્ય. આપણે આવનારા સમય માટે પૈસા બચાવવા જોઈએ અને યોગ્ય રીતે રોકાણ કરવું જોઈએ. એક ભાગ નીચે રાખવો જોઈએ. આપણા પગ નીચે ધરતીમાતા છે. આપણી માતૃભૂમિ અને કર્મભૂમિ છે. અર્થાત્ સમાજ અને સમષ્ટિ માટે શક્ય હોય તેટલું કરી છૂટવું જોઈએ. દાટેલો ભાગ ક્યારેક જરૂર ઊગી નીકળશે. આટલું કર્યા પછી જે બચે તેનો ઉપયોગ પોતાના માટે કરવો જોઈએ.

આપણે નસીબદાર છીએ કે આપણે એવી ભૂમિ પર જન્મ્યા છીએ જ્યાં ઋષિ-મુનિઓએ અર્થશાસ્ત્રનું આટલું સચોટ અર્થઘટન કર્યું છે.

**યોગિક વેલ્થ**

**પવિત્ર રીતે કમાયેલી સંપત્તિ યોગિક વેલ્થ છે. તે આપણને પરમાનંદની અનુભૂતિ કરાવશે.**

---

## બીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

# વધુ પડતું વજન તમારા હેલ્થ ઈન્સ્યોરન્સ પર શું પ્રભાવ પાડી શકે?

જ્યારે આપણે હેલ્થ ઇન્સ્યોરન્સ વિશે વિચારીએ છીએ ત્યારે સામાન્ય રીતે ઉંમર, બીમારીનો ઇતિહાસ અથવા જીવનશૈલી જેવી અમુક વાતો ધ્યાનમાં આવે છે, પરંતુ શું તમને ખબર છે કે તમારું વજન પણ તમારી હેલ્થ ઇન્સ્યોરન્સ પોલિસીના પ્રીમિયમ અને શરતોને અસર કરી શકે છે?

ઇન્સ્યોરન્સ કંપનીઓ વ્યક્તિના સ્વાસ્થ્ય જોખમનું મૂલ્યાંકન કરવા માટે બોડી માસ ઇન્ડેક્સ (BMI) જેવા માપદંડોનો ઉપયોગ કરે છે. BMI એ વ્યક્તિની ઊંચાઈ અને વજનના આધારે કરવામાં આવતી સરળ ગણતરી છે, જેનાથી વ્યક્તિનું વજન સામાન્ય છે કે વધારે તે જાણી શકાય છે.

સામાન્ય રીતે BMI મુજબ વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવે છે:

- ૧૮.૫થી ઓછું BMI ઓછું વજન
- ૧૮.૫થી ૨૪.૯ વચ્ચે સામાન્ય વજન
- ૨૫થી ૨૯.૯ વચ્ચે વધારે વજન
- ૩૦ કે તેથી વધુ સ્થૂળતા (Obesity)

વધારે BMI ધરાવતા લોકોમાં ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, હૃદય સંબંધિત સમસ્યાઓ જેવી બીમારીઓનું જોખમ વધુ હોઈ શકે છે. આ કારણે ઇન્સ્યોરન્સ કંપનીઓ આવા અરજદારોને વધારે જોખમવાળા ગ્રાહક તરીકે જોઈ શકે છે.

### વધારે વજનથી હેલ્થ ઈન્સ્યોરન્સ પર અસર

**૧) પ્રીમિયમમાં વધારો**

વધારે વજન ધરાવતી વ્યક્તિઓ માટે કેટલીક કંપનીઓ પ્રીમિયમમાં વધારો કરી શકે છે, કારણ કે ભવિષ્યમાં ક્રોનિક બીમારીઓ અથવા લાંબા સમયની સારવારની શક્યતા વધારે માનવામાં આવ છે. આ વધારાનો ચાર્જ જોખમને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે છે.

**૨) મેડિકલ અન્ડરરાઇટિંગ પ્રક્રિયા**

પોલિસી આપતાં પહેલાં ઇન્સ્યોરન્સ કંપની વ્યક્તિના સ્વાસ્થ્યનું મૂલ્યાંકન કરે છે, જેને મેડિકલ અન્ડરરાઇટિંગ કહેવામાં આવે છે. વધારે BMI હોય તો કંપની બ્લડ શુગર, કોલેસ્ટ્રોલ, બ્લડ પ્રેશર અથવા હૃદય સંબંધિત તપાસ કરાવી શકે છે.

**૩.) વધારાની શરતો અથવા મર્યાદાઓ**

અતિશય સ્થૂળતાના કિસ્સામાં કેટલીક કંપનીઓ વધારાની શરતો મૂકી શકે છે, જેમ કે ચોક્કસ બીમારીઓ માટે લાંબો વેઇટિંગ પિરિયડ અથવા કેટલીક પરિસ્થિતિઓ માટે મર્યાદિત કવરેજ.

સ્થૂળતા સાથે જોડાયેલાં આરોગ્ય જોખમ ઇન્સ્યોરન્સ કંપનીઓ પ્રીમિયમ નક્કી કરતી વખતે સંભવિત ભવિષ્યના ક્લેમને ધ્યાનમાં લે છે.





વધારે વજનના કારણે અહીં દર્શાવેલી સમસ્યાઓનું જોખમ વધી શકે છે:

- ટાઇપ-૨ ડાયાબિટીસ
- હાઈ બ્લડ પ્રેશર
- હૃદય રોગ
- સ્લીપ એપિનયા
- સાંધાની સમસ્યાઓ અને આર્થ્રાઇટિસ
- કેટલાક પ્રકારના કેન્સરની સંભાવના

આવી બીમારીઓમાં લાંબા સમય સુધી દવાઓ, સારવાર અને હોસ્પિટલાઇઝેશનની જરૂર પડી શકે છે, જેના કારણે મેડિકલ ખર્ચ વધી શકે છે.

પ્રીમિયમ નક્કી કરતી વખતે કયાં પરિબળો જોવામાં આવે છે? માત્ર વજન જ નહીં, પરંતુ ઇન્સ્યોરન્સ કંપનીઓ આ બાબતો પણ ધ્યાનમાં લે છે:

- ઉંમર અને લિંગ
- પહેલાથી રહેલી બીમારીઓ (Pre-existing Diseases)
- પરિવારનો મેડિકલ ઇતિહાસ
- ધૂમ્રપાન અને દારૂ જેવી આદતો
- જીવનશૈલી અને એકંદર આરોગ્ય

જો BMI ખૂબ વધારે હોય તો કેટલીક કંપનીઓ વધારાનું પ્રીમિયમ (Loading) પણ લગાવી શકે છે.

### વધુ વજન હોય તો શું કરવું?

વધારે વજન હોવાનો અર્થ એ નથી કે તમને હેલ્થ ઇન્સ્યોરન્સ નહીં મળે, પરંતુ સ્વસ્થ જીવનશૈલી અપનાવવાથી ભવિષ્યમાં જોખમ અને ખર્ચ બંને ઘટાડી શકાય છે.

- સંતુલિત આહાર લો અને નિયમિત કસરત કરો
- સમયાંતરે હેલ્થ ચેક-અપ કરાવો
- ધૂમ્રપાન અને વધુ દારૂથી દૂર રહો
- ઇન્સ્યોરન્સ કંપનીઓના વેલનેસ પ્રોગ્રામનો લાભ લો

નિયમિત કસરત, યોગ્ય ઊંઘ અને સ્વસ્થ ખોરાક વજન નિયંત્રણમાં મદદ કરે છે. નિષ્ણાતો સામાન્ય રીતે અઠવાડિયામાં ઓછામાં ઓછી ૧૫૦ મિનિટ મધ્યમ કક્ષાની શારીરિક પ્રવૃત્તિ કરવાની સલાહ આપે છે.

### હેલ્થ ઈન્સ્યોરન્સ કેમ વધુ મહત્ત્વનું બને છે?

વધારે વજન ધરાવતા લોકો માટે હેલ્થ ઇન્સ્યોરન્સ વધુ જરૂરી બની શકે છે, કારણ કે સ્વાસ્થ્ય સંબંધિત જોખમોનું પ્રમાણ વધી શકે છે.

સારો હેલ્થ ઇન્સ્યોરન્સ પ્લાન તમને હોસ્પિટલાઇઝેશન ખર્ચ, સારવાર ખર્ચ અને મેડિકલ ઇમર્જન્સીમાં આર્થિક સુરક્ષા આપે છે. ઘણા પ્લાન્સમાં પ્રિવેન્ટિવ હેલ્થ ચેક-અપ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ હોય છે.

જો કોઈ વ્યક્તિ વજન ઘટાડે અને તેના આરોગ્યમાં સુધારો થાય તો ભવિષ્યમાં પોલિસી રિન્યુઅલ સમયે કેટલાક કિસ્સામાં કંપની જોખમનું પુનઃમૂલ્યાંકન કરી શકે છે.

ટૂંકમાં, વજન અને આરોગ્ય વચ્ચે સીધો સંબંધ છે અને તેનો પ્રભાવ હેલ્થ ઇન્સ્યોરન્સ પર પણ પડી શકે છે. તેથી યોગ્ય સમયે યોગ્ય કવરેજ લેવું, સ્વસ્થ જીવનશૈલી અપનાવવી અને પોતાના આરોગ્ય પ્રત્યે જાગૃત રહેવું સૌથી મહત્ત્વપૂર્ણ છે. ■

---

feedback@bombaysamachar.com

## આરોગ્ય પ્લસ

સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

# કાન-નાક-ગળું... સંભાળજો!

બાહ્ય વાતાવરણના સીધા સંપર્કમાં આવતા શારીરિક અંગોમાં કાન, નાક અને ગળું મુખ્ય છે. આજે હવાનું પ્રદૂષણ વધવાને કારણે નાક તથા ગળાની બીમારીઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે.

તેમાં પણ આજના યુગમાં કાનની બહેરાશનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે. તેનું મૂળ કારણ અવાજ પ્રદૂષણ છે. અવાજ પ્રદૂષણ એટલે બિનજરૂરી અને વધુ પડતો અવાજ કાનમાં જવો. આજે લોકોને ધીમા અવાજે સાંભળવાની ટેવ જ નથી. તેમા

પણ અવાજ પ્રદૂષણમાં ભારતનાં અમુક શહેરો વિશ્વમાં સહુથી આગળ સ્થાન ધરાવે છે. તેના મુખ્ય કારણો આ મુજબ છે :

- ટ્રાફિક પ્રદૂષણ. જેવા કે, વાહનોના વિચિત્ર, બિનજરૂરી અને વધુ પડતા અવાજવાળા હોર્ન.
- જાહેર પ્રોગ્રામોના સ્પીકરો. જેમ કે, રેલીઓ, બેન્ડવાજા, ડીજે, પ્રવચનો, ડાયરાઓ વગેરે.
- મોટા અવાજવાળા ફટાકડાઓ...



### કાનમાંથી મેલ કાઢવાના ઉપચાર

૧ કપ પાણીમાં ૧ ચમચી મીઠું નાખવું. રૂને તે પાણીમાં ડૂબાડીને થોડું નિતારીને કાનમાં તેનાં ૩-૪ ટીપાં નાખવાં.

આમ ૧૦ મિનિટ સુધી કાનને નમાવેલો રાખવો. ત્યાર પછી વિરુદ્ધ સાઇડમાં કાનને નમાવીને વધારાનું પાણી કાઢી નાખવું અને શુદ્ધ કપડાં વડે મેલ બહાર કાઢી નાખવો.

આ પ્રયોગ તલનું તેલ, સરસિયાનું તેલ, બદામનું તેલ, ઓલીવ ઓઈલ, હાઈડ્રોજન પેરોક્સાઈડ કે ગ્લીસરિન સાથે પણ કરી શકાય છે.

### કાનનો મેલ સાફ કરવામાં રાખવાની સાવધાની

- કાનમાંથી રોજ મેલ કાઢવા બિનજરૂરી ટેવ ન પાડવી. ઘણીવાર આપણે કાનને સ્વચ્છ રાખવાના નિમિત્તે કાનમાંથી રોજ મેલ કાઢીને સાફ કરીએ છીએ. પરંતુ અમુક બહારનો મેલ કાનના રક્ષણ માટે ફાયદાકારક હોય છે, તે બહારથી આવતા અવાજના પ્રદૂષણથી કાનના પડદાને નુકસાનથી બચાવે છે. માટે જો સાંભળવામાં કોઈ તકલીફ ન થતી હોય તો કાનમાંથી બિનજરૂરી મેલ કાઢ્યા ન કરવો.
- કાનને સાફ કરવા માટે પેન-પેન્સિલ, દીવાસળી કે ચીપિયાનો ઉપયોગ ક્યારેય ન કરવો.
- જેમ પેન-પેન્સિલ કે દીવાસળીથી કાનને નુકસાન પહોંચે છે, તેવી જ રીતે રૂની સળી પણ કાનના પડદાને નુકસાનકારક છે.



### કાનની બહેરાશનાં કારણ

- અવાજના પ્રદૂષણથી.
- અચાનક જ કાનમાં વધુ પડતો અવાજ જવો. જેમ કે, સ્પીકરની નજીક જવાથી, ફટાકડા અને વાહનોના મોટા હોર્નવાળા અવાજો વગેરેથી.
- લાંબા સમય સુધી અને ઊંચા અવાજે ઈયરફોન - હેડફોન સાંભળવાથી.
- કાનમાં વધારે મેલ થવાથી, કાનમાં ઈન્ફેકશન થવાથી અથવા અમુક પ્રકારની દવાઓથી.
- થપ્પડ આદિ લાગવાથી કાનને ઈજા પહોંચવાથી.
- વધુ ઉંમર હોવાથી.

### કાનની બહેરાશના ઉપચાર


૧. તાજા ગૌમૂત્રના ૩-૪ ટીપા ૧૫ દિવસ સુધી રોજ કાનમાં નાખવા.

૨. કારેલાના બી તથા એટલા જ પ્રમાણમાં જીરું પાણીમાં વાટી, તેને ગાળીને તે રસના ૨-૩ ટીપાં દિવસમાં ૨ વાર કાનમાં નાખવાથી બહેરાશ ફાયદો થાય છે.

૩. વરિયાળી પાવડરને પાણીમાં ઉકાળી તેની વરાળ દુઃખના કાન પર લેવાથી બહેરાશ, કાનનું શૂળ અને કાનમાં થતો અવાજ મટે છે.

૪. રોજ બદામના તેલના ૨-૩ ટીપાં કાનમાં નાખવાં. ■

### વિશ્વમાં સહુથી વધુ અવાજ પ્રદૂષણ ધરાવતા ૧૦ શહેર




સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૪વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
૨૦૪ વર્ષ મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર ધર્મતેજ આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર તરોતાજા મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર ઈન્ટરવલ થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર લાડકી પુરુષ સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર મેટિની મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર વીક એન્ડ વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર ઉત્સવ અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# વ્રતથી સ્વાસ્થ્યનો સુધારો કરો...

દરેક ઋતુમાં તંદુરસ્ત રહેવા માટે યોગ્ય જીવનશૈલી જરૂરી છે. ખાસ કરીને આહારની બાબતમાં વધુ બાબતોનું ધ્યાન રાખવું પડે છે. રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે યોગ્ય આહારનું સંતુલન રાખવું જરૂરી છે. વર્ષાઋતુ દરમિયાન રોગપ્રતિકારક શક્તિ નબળી પડે છે. કારણ પાચનક્રિયા મંદ થઇ જાય છે. વાતાવરણમાં બેક્ટેરિયા સક્રિય થઇ જાય છે. જેથી વાઇરલ ઇન્ફેક્સનનો ખતરો રહે છે. જે પાચનક્રિયા નબળી અને વાઇરલ ઇન્ફેક્સનના કારણે બીમારી થાય છે. તેમ જ રોગગ્રસ્ત વ્યક્તિના રોગોમાં થોડો વધારો થાય છે. તેથી જ વર્ષાઋતુના સમયમા વ્રતોનું મહત્ત્વ અધિક છે. વ્રતોથી ઘણીય બીમારીને કાબૂ અથવા નાબૂદ કરી શકાય છે. બીમારીમાં વ્રતોથી ઠરવું ન જોઇએ વ્રતોમાં ખાનપાન ઉચ્ચ પ્રકારના હોય છે. તેનો જે પારંપરિક રીતે જ ઉપયોગ કરવાથી ઘણાંય લાભો થાય છે. વ્રતોમાં શુદ્ધ ભોજન બનાવવાની પ્રથા છે. બાહ્ય ભોજનનો ઉપયોગથી વ્રતોનું મહત્ત્વ રહેતું નથી.

વર્ષાઋતુ દરમ્યાન થતાં વ્રતોથી સુગર (ડાયાબિટીઝ) ગેસ્ટ્રિક્નો પ્રૉબ્લેમ, શરીરનું ભારેપણું, શરીરના સાંધાના દુખાવા, શરદી, ઉધરસ, હાફચડવી, થકાવટ, પગના દુઃખાવા જેવી વ્યાધિઓ થોડા જ દિવસોમાં સાજી થઇ જાય છે. તાવ, ઊલટી, ઝાડાઓની વ્યાધિ લાંબાગાળા સુધી થતી નથી. કારણ વ્રતોથી કબજિયાત કે મંદઅગ્નિ થતું નથી. તેથી ઝડપથી સુધારો થાય છે. વ્રતોમાં ઉપવાસ ફકત પાણી પર કે ફકત ફળો પર અથવા ફકત એક ટાઇમ ફરાળની વાનગીઓથી કરવાથી શરીર નવસર્જન થાય છે. તેથી ઘણીયે વ્યાધિઓ આપમેળે જ ઠીક થવા લાગે છે.

ડાયાબિટીઝની વ્યાધિમાં બ્લડ સુગર વધી જાય સેલમાં પણ સુગર ભરાઇ જાય બ્લડમાં સુગરનો સ્ટોક વધી જતા સેલમાં આ સુગર જતી નથી. તેથી લોહીમાં વધી જાય છે. આ વધારાની સુગર લિવરમાં નસોમાં, અને મગજમાં ભરાઇ જાય છે. એક હદ સુધી વધેલી સાકર નુકસાન નથી કરતી, પણ લિવરમાં, નસોમાં અને મગજમાં હદથી બહાર વધતા અલગ અલગ બીમારીઓ થાય છે. લિવરમાં વધી જતાં કોલેસ્ટ્રોલ વધી જાય, ફેટી લિવર થાય છે જેને કારણે શરીરમાં ભારેપણું, પગ દુખવા, આંખમાં તકલીફ, વાળ ઉતરવા, શરદી થવી વગેરે થાય. નસોમાં સુગર વધતાં યુરિક એસિડ વધે અને સંધિવાત થાય છે. સાંધા દુઃખાવા થાય. ચાલવું મુશ્કેલ બને. શરીર ભારે થાય. શરીર અક્કડ બનતાં ઊઠવું બેસવું મુશ્કેલ તેમ જ શરીરમાં સોજા આવે. મગજમાં સુગર વધતાં અલ્ઝાઇમરની વ્યાધિ થાય તેમ જ, મગજનું પાણી (વાઇટ મેટર) બગડી જાય. સતત માથાનો દુઃખાવો રહે છે. આંખમાંથી પાણી આવે. કાનમાં ખંજવાળ આવે છે. આ બધી વ્યાધિઓથી બચવા માટે વ્રતો કરવા જોઇએ. એક ટાઇમ



ખાવાના કારણે શરીર સારી રીતે પાચન કરી શકે છે. લગભગ વીસ કલાક ભૂખ્યા રહેવાથી શરીરમાં જામેલા મિઝલ્સ (એક પ્રકારનો ખરાબ પદાર્થ) નીકળી જાય છે. સુગર પણ કંટ્રોલમાં રહે છે. સુગરને કારણે વારંવાર યુરિન આવે છે. તેના પર કંટ્રોલ થાય છે. વધુ યુરિન આવવાને કારણે શરીર નબળાઇ જણાય છે. તે પણ સારી થાય છે. વધુ યુરિન આવવાના કારણે શરીરના મિનરલ્સ ઓછા થઇ જાય છે તે મિનરલ્સ પણ જળવાઇ રહે છે. વ્રતોથી દૂર ન જાવું શાંત મનથી કરવા જેથી વગર દવાએ સાજા થઈ જવાય. શ્રાવણ મહિનામાં ઘણાંય વ્રતો આવે છે. જેમ કે મોળાકાત જેમાં એક ટાઇમ નમક વગરનું (અલૂણું) ભોજન કરાય છે. મોરશની ભાજીવાળી રોટલી અને દહી ખવાય જેથી થાઇરોઇડ ગ્રંથિ કાબૂમાં રહે છે. ભવિષ્યમાં થાઇરોઇડ થતો નથી. મોરશની ભાજીવાળી રોટલી અને મૂઠિયા બને છે. મોરશની ભાજીની પોપટી ખૂબ પાવરફૂલ જે થોડા જ દિવસમાં થાઇરોઇડ મટાડી દે છે.

ઘણાંય લોકો આખું શ્રાવણમાસ ફક્ત સુરણ ખાઇને કરે છે. ફક્ત એક જ ટાઇમ સુરણ ખાવાથી હરસ મસામાં પડતું લોહી બંધ થાય છે. અને હરસની વ્યાધિ રહેતી જ નથી. તેમ જ નસો ખૂબ જ મજબૂત બને છે. ભરપૂર માત્રામાં ફાઇબર, વિટામિન-એ, બી-૬, પાટેશિયમ અને મેગ્નેશિયમના કારણે પાચન મજબૂત બને છે. વાળની પકડ મજબૂત થાય છે. વજન પણ ઘટી જાય. સુગરને જલદીથી નિયંત્રિત કરે છે. રોગપ્રતિકારક શક્તિ વધી જાય છે. સૂરણ બાફીને ખાવું તેમાં થોડું ઘી ઉમેરવું જેથી પ્રતિકારક ક્ષમતા વધી જાય. શ્રાવણ માસમાં ફળોનું ખૂબ મહત્ત્વ છે. લગભગ બધા જ પ્રકારના ફળો મળતાં હોય છે. ફક્ત ફળો ખાવાથી શરીરનું ભારે પણું રહેતું નથી. બધા જ મિનરલ્સ અને વિટામિન મળી રહે છે. શરીર સ્વાસ્થ્ય એકદમ મજબૂત બની જાય છે. શ્રાવણ માસમાં ફરાળ એટલે કે રાજગરો, સામો, કોદરી, સિંઘોડાનો લોટ, કૂટુના લોટ, સામાના ભાત, શક્કરીયા વગેરે ખાવાથી શરીરમા ફાઇબર અને આર્યન જળવાઇ રહે છે. શરીરની સુગર એકદમ જલદીથી નિયંત્રિત થઇ જાય છે. આ આહારને વધુ મસાલા નાખી ન ખાવા.

ચાતુર્માસમાં પાણી પર ઉપવાસ કરવાથી શરીરની વ્યાધિઓ સમાપ્ત થઇ જાય છે. બહુ લાંબા ઉપવાસ નહીં કરવા (શક્તિ મુજબ કરવા) એક ટાઇમ એટલે એકટાણા (ફક્ત એક જ ટાઇમ ખાવું) મર્યાદિત વસ્તુઓથી કરવું જેથી શરીર પર વધુ પચાવાનો બોજ ન રહે. શરીરમાં જામેલા મિઝલ્સ નીકળી જાય છે. ચાતુર્માસમાં આવતા વ્રતો અને તહેવારો આપણી માટે વરદાનરૂપ છે. સમજી અને પારંપરિક પદ્ધતિથી કરવા. ભક્તિ સાથે સ્વાસ્થ્ય જળવાય છે. આ વ્રતો અને તહેવારો કરવાથી ઉમંગ જળવાઇ રહે છે. જીવનમાં આનંદ રહે છે. લોકો સાથે હળવા મળવાથી જે આનંદ મળે છે. તેનાથી પણ વ્યાધિઓથી દૂર રહી શકાય છે. જીવન જીવવાનો ઉત્સાહ વધી જાય છે. જો આપણાં વડીલો આ ગોઠવણ ન કરત તો જીવન બારિંગ અને સુસ્ત થઇ જાય. આનંદની અનુભૂતિ માટે સ્વાસ્થ્ય જાળવી રાખવું મહત્ત્વનું છે. ■

# શરીરને ઠંડક આપે છે આ જ્યુસ...




ઉત્તર ભારતથી લઈને મધ્ય અને પશ્ચિમ ભારત સુધી હાલમાં સૂર્ય જાણે આગ વરસાવી રહ્યો છે. લગભગ બે તૃતીયાંશ શહેરોમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયું છે અને હીટ વેવ હવે માત્ર ઋતુગત મુશ્કેલી નહીં પરંતુ ગંભીર આરોગ્ય પડકાર બની ગઈ છે. આવી સ્થિતિમાં, જ્યારે હૉસ્પિટલોમાં ડિહાઇડ્રેશન, ચક્કર આવવા, થાક અને લૂથી પીડિત દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે પણ ભારતીય ઘરોમાં એક પરંપરા પ્રત્યે લોકોનો વિશ્વાસ અડગ છે તે છે ભારતીય જડીબુટ્ટીઓ પ્રત્યેની લોકમાન્યતા. ક્યાંક બેલનું શરબત તૈયાર થઈ રહ્યું છે, ક્યાંક વરિયાળીનું, ક્યાંક ફુદીના, ધાણા અને ખસમાંથી બનેલાં પીણાં શરીરને ઠંડક પહોંચાડવા માટે ઉપયોગમાં લેવાઈ રહ્યા છે. રસપ્રદ વાત એ છે કે આધુનિક વિજ્ઞાન પણ હવે આ જડીબુટ્ટીઓમાં રહેલા અનેક કુદરતી સંયોજનો અને તેમના સંભવિત આરોગ્યલાભોનો અભ્યાસ કરી રહ્યું છે. કારણ કે આપણે હાલમાં જલવાયુ પરિવર્તનના અત્યંત જોખમી સમયગાળામાંથી પસાર થઈ રહ્યા છીએ, તેથી ભારતીય જડીબુટ્ટીઓની ઉપયોગિતા અંગે નવી ચર્ચા શરૂ થઈ છે. પરંપરા અને વિજ્ઞાનના આ સંગમને સમજવું આજે પહેલાં કરતાં વધુ પ્રાસંગિક બની ગયું છે. ભારતીય આયુર્વેદિક ચિકિત્સા પ્રણાલી શરીર અને ઋતુઓ વચ્ચેના સંબંધને વિશેષ મહત્ત્વ આપે છે.

આયુર્વેદ અનુસાર, ઉનાળાની ઋતુ દરમિયાન શરીરમાં પ્રવાહીની ઉણપ થાય છે અને પિત્તનો પ્રભાવ વધે છે. તેથી, શરીરને ઠંડુ પાડતા અને ઊર્જા જાળવી રાખતા ખોરાક અને ઔષધિઓનું સેવન કરવું ફાયદાકારક છે. આ જ કારણ છે કે આજકાલ ફરીથી સમાજમાં સદીઓથી સ્વીકારાયેલી બેલ, વરિયાળી, ફુદીનો, ખસ, આમળાં, ધાણા અને ગુલકંદ જેવી વસ્તુઓનો ઉનાળામાં ઉપયોગ વધી ગયો છે. નિષ્ણાતોનું માનવું છે કે આ જડીબુટ્ટીઓની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં રહેલા કુદરતી તત્ત્વો શરીરને હાઇડ્રેટ રાખવામાં, પાચનતંત્રને સંતુલિત કરવામાં અને ગરમીને કારણે થતી બેચેની ઘટાડવામાં મદદરૂપ થાય છે. જો વરિયાળીના પાણીને પરંપરાગત રીતે શીતળ માનવામાં આવે છે, તો ઉનાળામાં આ પાણીના પીણાં તરીકે થતા વ્યાપક ઉપયોગથી મળતાં પરિણામો પણ આ માન્યતાને ટેકો આપે છે, એટલે કે આ માન્યતા ઘણી હદ સુધી યોગ્ય સાબિત થાય છે. આ જ રીતે ફુદીનો શરીરને તાજગી આપે છે અને ગરમીને કારણે લાગતો થાક તેમ જ ભૂખ ન લાગવી જેવી સમસ્યાઓને ઘટાડવામાં મદદરૂપ બને છે. બેલનું ફળ ઉનાળાની એક આગવી ઓળખ છે. ગ્રામ્ય વિસ્તારોમાં સદીઓથી ગરમી અને લૂથી બચવા માટે બેલનું શરબત પીવામાં આવે છે. ફાઇબર અને ખનિજ તત્ત્વોથી સમૃદ્ધ બેલમાં એવા અનેક ગુણધર્મો છે, જે શરીરને ગરમી સામે લડવામાં મદદ કરે છે અને પાચનતંત્રથી લઈને શરીરની ઊર્જા સુધી બધાનું રક્ષણ કરે છે. આ જ કારણ છે કે હવે આધુનિક તબીબો પણ બેલ આધારિત પીણાંને ઉનાળામાં ઉપયોગી વિકલ્પ તરીકે ગણાવી રહ્યા છે. આવી જ એક ઉપયોગી અને ઉનાળાની ગરમી સામે અસરકારક ઔષધીય ફળ છે આમળાં. તેનું મહત્ત્વ માત્ર વિટામિન સી અને એન્ટીઓક્સિડન્ટ તત્ત્વો પૂરતું મર્યાદિત નથી, પરંતુ વધતી ગરમી અને બદલાતા હવામાન વચ્ચે થતા ચેપથી બચવામાં પણ તે અત્યંત ઉપયોગી છે. તેમ છતાં, એ સમજવું જરૂરી છે કે જડીબુટ્ટીઓ હિટ વેવનો ઉપચાર નથી કરતી. જો કોઈ વ્યક્તિને તાવ, બેભાન થવું, અત્યંત નબળાઈ અથવા હિટ સ્ટ્રોકનાં લક્ષણો દેખાય, તો તેને માત્ર ઘરગથ્થુ ઉપાયો પર નિર્ભર રાખવું જોખમી બની શકે છે. આવી સ્થિતિમાં તાત્કાલિક તબીબી સહાય લેવી અત્યંત જરૂરી છે.

આધુનિક તબીબી વિજ્ઞાન સ્પષ્ટપણે કહે છે કે હિટ સ્ટ્રોક એક તાત્કાલિક સારવારની જરૂરિયાત ધરાવતી ગંભીર સ્થિતિ છે, જેનો સમયસર ઉપચાર અત્યંત જરૂરી છે. જો સમયસર સારવાર ન મળે, તો તેના ગંભીર પરિણામો આવી શકે છે. જોકે, વૈજ્ઞાનિક સંશોધનો દર્શાવે છે કે જડીબુટ્ટીઓમાં એવાં તત્ત્વો રહેલાં હોય છે, જે શરીરના સામાન્ય આરોગ્યને વધુ સારું બનાવવામાં મદદરૂપ થાય છે. તેમના પ્રભાવને કોઈ ચમત્કારીક ઉપાય તરીકે જોવો યોગ્ય નથી. તેમ છતાં, સાવચેત જીવનશૈલી અને જડીબુટ્ટીઓનો યોગ્ય ઉપયોગ ઉનાળાની ગરમી સામે લડવા માટે શરીરને કુદરતી રીતે શક્તિ આપે છે. તેથી, જ્યારે આકાશમાંથી આગ વરસતી હોય તેવી ગરમી પડતી હોય, ત્યારે શરીરમાં પૂરતું પાણી જળવાઈ રહે તેનું ધ્યાન રાખવું જોઈએ. ઓ.આર.એસ. નો ઉપયોગ કરવો, તડકામાં બહાર નીકળવાનું ટાળવું, હળવા અને સુતરાઉ કપડાં પહેરવા, પૌષ્ટિક આહાર લેવો અને જડીબુટ્ટીઓનો દૈનિક ખોરાકમાં સમાવેશ કરવો આ બધું ગરમીથી અસરકારક બચાવ કરવામાં મદદરૂપ બને છે. પરંતુ એક વાત યાદ રાખવી જરૂરી છે. આજકાલ હર્બલ ઉત્પાદનો એક મોટો વ્યવસાય બની ગયો છે. વિવિધ સંશોધનો અને સર્વેક્ષણોમાં જાણવા મળ્યું છે કે બજારમાં મળતી લગભગ ૫૦ ટકા સુધીની જડીબુટ્ટીઓ તો નકલી હોય છે અથવા તેમાં તે જરૂરી તત્ત્વો જ મળતા નથી, જેના કારણે તે પ્રસિદ્ધ છે. કારણ કે ઘણી વખત તેને વ્યાવસાયિક હેતુઓ માટે રાસાયણિક ખાતરો અને અન્ય કૃત્રિમ પદ્ધતિઓ દ્વારા ઝડપથી તૈયાર કરવામાં આવે છે. તેથી નિષ્ણાતો સલાહ આપે છે કે ઘરે તૈયાર કરાયેલા જડીબુટ્ટીઓના કુદરતી પીણાં પર વધુ વિશ્વાસ રાખવો જોઈએ. બજારમાં મળતા તૈયાર હર્બલ ઉત્પાદનોનો શક્ય હોય તેટલો ઓછો ઉપયોગ કરવો યોગ્ય છે. શહેરી વિસ્તારોમાં છેલ્લાં કેટલાક વર્ષોમાં કિચન ગાર્ડનની લોકપ્રિયતા વધવાનું પણ આ જ એક મુખ્ય કારણ છે. કિચન ગાર્ડનમાં આપણે દૈનિક ઉપયોગમાં આવતી ઘણી જડીબુટ્ટીઓ જાતે ઉગાડી શકીએ છીએ, અને તે ઘણીવાર બજારમાં મળતા હર્બલ કંપનીઓના ઉત્પાદનો કરતાં વધુ સારાં પરિણામો આપે છે. બહરહાલ, આજે જ્યારે જલવાયુ પરિવર્તનના કારણે ગરમી અત્યંત ભયાનક સ્તરે પહોંચી ગઈ છે, ત્યારે પણ વિશ્વ આરોગ્ય સંસ્થા ભારતીય જડીબુટ્ટીઓના યોગ્ય ઉપયોગને લાભદાયક અને અસરકારક માને છે. પરંતુ વિશ્વ આરોગ્ય સંસ્થા માત્ર જડીબુટ્ટીઓના સહારે કોઈ પણ આપાતકાલીન અથવા ગંભીર આરોગ્ય પરિસ્થિતિનો સામનો કરવાની સલાહ આપતું નથી. સ્પષ્ટ છે કે તે જડીબુટ્ટીઓને આધુનિક ચિકિત્સાનો વિકલ્પ નહીં, પરંતુ એક પૂરક ઉપાય તરીકે જુએ છે, જે શરીરને બદલાતા હવામાન અને ઋતુઓ સાથે અનુકૂળ થવામાં મદદ કરે છે. આથી, આજની જરૂરિયાત એ છે કે આપણે પરંપરાગત જ્ઞાનને વૈજ્ઞાનિક વિચારસરણી સાથે જોડીને અપનાવીએ. ■

# થેલેસેમિયામાંથી બચવા માટે જાગૃતિ જરૂરી છે...

feedback@bombaysamachar.com
ફોકસ
રેખા દેશરાજ

થેલેસેમિયા એક આનુવંશિક રક્ત વિકાર છે જેમાં શરીર પૂરતું હિમોગ્લોબિન ઉત્પન્ન કરી શકતું નથી. હિમોગ્લોબિન એ લાલ રક્તકણોનો મુખ્ય ઘટક છે, જે શરીરના દરેક ખૂણે ઓક્સિજન પહોંચાડવાનું કામ કરે છે. તેથી આ રક્ત વિકારથી પીડાતા દર્દીઓને બાળપણથી જ આજીવન નિયમિતપણે લોહી ચઢાવવું પડે છે. ઘણા કિસ્સાઓમાં બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ આ રોગનો કાયમી ઈલાજ હોય છે.

ભારતમાં દર વર્ષે હજારો બાળકો થેલેસેમિયા સાથે જન્મે છે, તેનું મુખ્ય કારણ જાગૃતિનો અભાવ અને લગ્ન પહેલાં યુગલો દ્વારા કરવામાં આવતી સ્વાસ્થ્ય તપાસનો અભાવ છે. જોકે, વિશ્વ થેલેસેમિયા દિવસ નિમિત્તે દર વર્ષે વિશ્વભરમાં લાખો પીડિતો માટે સમયાંતરે તપાસ અને યોગ્ય નીતિઓના અમલીકરણ માટે અભિયાન ચલાવવામાં આવે છે, જેથી ભવિષ્યમાં આ વિકારથી પીડાતા લોકોની સંખ્યામાં ઘટાડો લાવી શકાય.

વર્ષ ૧૯૯૪માં થેલેસેમિયા ઇન્ટરનેશનલ ફેડરેશન દ્વારા આ દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ખરેખર તો આ દિવસ એટલા માટે પસંદ કરવામાં આવ્યો કારણ કે, થેલેસેમિયા ઇન્ટરનેશનલ ફેડરેશનના સ્થાપક જ્યોર્જ એન્ગલજોસના પુત્રનું આ જ દિવસે આ બીમારીના કારણે મૃત્યુ થયું હતું, તેની યાદમાં આ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય દુનિયામાં થેલેસેમિયા પ્રત્યે જાગૃતિ વધારવી અને તેના દર્દીઓ તેમજ તેમના પરિવારજનોને સામાજિક અને માનસિક રીતે સહકાર અને સમર્થન આપવાનો હતો. સાથે જ, આ દિવસની



ઉજવણીનો એક હેતુ સરકારોને યાદ અપાવવાનો પણ છે કે તેઓ આ બીમારી સામે લડવા માટે વધુ સારી નીતિઓ બનાવે. આગળ જતાં વિશ્વ આરોગ્ય સંસ્થા અને અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ પણ આ પહેલને સમર્થન આપ્યું. જેના કારણે આજે આ દિવસ લગભગ આખી દુનિયામાં ઉજવવામાં આવે છે અને તેણે એક રીતે વૈશ્વિક સ્વાસ્થ્ય આંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું છે.

વિશ્વ થેલેસેમિયા દિવસના મહત્ત્વને ઘણી રીતે સમજી શકાય છે. સૌથી પહેલા તો આ દિવસનો ઉદ્દેશ તેના નિવારણ પર ભાર મૂકવાનું છે. કારણ કે થેલેસેમિયા એક એવી બીમારી છે, જેને માત્ર જન્મ પહેલાં જ રોકી શકાય છે. જો લગ્ન પહેલાં બંને સાથીદારો પોતાનું હેલ્થ ચેકઅપ કરાવે, તો એ જાણી શકાય છે કે તેમનાથી જન્મનાર બાળક થેલેસેમિયા વિકારથી પીડિત હશે કે નહીં. થેલેસેમિયાના દર્દીઓને નિયમિતપણે લોહી ચઢાવવાની જરૂર પડે છે. આ દિવસ સમાજને સ્વૈચ્છિક રક્તદાન માટે પ્રેરિત કરે છે, કારણ કે સમાજ દ્વારા કરવામાં આવેલા રક્તદાનથી જ આ વિકારથી પીડાતા લોકો જીવિત રહી શકે છે. આ દિવસ એ વાત પર પણ ભાર મૂકે છે કે થેલેસેમિયાના દર્દીઓને સસ્તી અને સરળ તબીબી સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે, જેથી તેઓ પણ પોતાના જીવનના અધિકારને યોગ્ય રીતે મેળવી શકે. યાદ રહે, વિશ્વના ઘણા સમાજોમાં આ બીમારીને લઈને વિવિધ પ્રકારની ખોટી માન્યતાઓ જોડાઈ ગઈ છે; આ દિવસ તે માન્યતાઓને તોડવાનું તેમ જ થેલેસેમિયાના દર્દીઓને સન્માન આપવાનું કામ કરે છે.

ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશમાં જો એ જોવામાં આવે કે દેશમાં દર વર્ષે આનાથી પીડિત કેટલા નવા દર્દીઓ સામે આવે છે, તો આ સવાલનો જવાબ છે કે ભારતમાં દર વર્ષે ૧૦ થી ૧૨ હજાર નવા દર્દીઓ સામે આવે છે. ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં, આ રોગ વિશે જાગૃતિના અભાવને કારણે, મોટાભાગના દર્દીઓ છે. તેથી જરૂર છે કે લગ્ન પહેલાં થેલેસેમિયાની તપાસ કાયદાકીય રીતે અનિવાર્ય કરી દેવામાં આવે. ઘણાં રાજ્યોમાં આ અંગે વ્યાપક ચર્ચા થઈ રહી છે, પરંતુ હજુ સુધી એવું કરવું શક્ય બન્યું નથી. જ્યાં સુધી આ બીમારી સામે લડવા અને લોકોને સહયોગ આપવા માટે વિવિધ બિન-સરકારી સંસ્થાઓનો સવાલ છે, તો સાચા અર્થમાં તેઓ જ આની સામે સૌથી વધુ લડી રહ્યા છે. આ બિન-સરકારી સંસ્થાઓ જ છે, જે આ દિવસે રક્તદાન શિબિર, વિશેષ જાગૃતિ અભિયાન અને મફત તપાસ કાર્યક્રમોનું આયોજન કરે છે.

જોકે, પરિસ્થિતિ હવે પહેલા જેવી રહી નથી. તાજેતરનાં વર્ષોમાં, થેલેસેમિયા માટે લગ્ન પહેલાના પરીક્ષણમાં નોંધપાત્ર વધારો થયો છે. ડિજિટલ પ્લેટફોર્મ અને સોશ્યલ મીડિયાએ પણ આ રોગ વિશે વધુ જાગૃતિ લાવી છે. તેથી ભારત જેવા દેશમાં જ્યાં વસ્તી ખૂબ વધારે છે અને સ્વાસ્થ્ય સંસાધનો મર્યાદિત છે, ત્યાં એ વધુ જરૂરી બની જાય છે કે દરેક નાગરિક આ વિષયને સારી રીતે સમજે અને લગ્ન પહેલા પોતાના ઘરના યુવાનો માટે એ સુનિશ્ચિત કરે કે થેલેસેમિયા ટેસ્ટ જરૂર થાય. કારણ કે, એક નાનકડો ટેસ્ટ મોટું પરિવર્તન લાવી શકે છે. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# એનાં આંસુ વધુ પવિત્ર છે!




દાદુને દાદ અપાવતી-આટલી સરસ ચાલતી મજબૂત કોલમ અધવચ્ચે છોડી જવાય? અરે, કોઈ પ્રેમી બગીચામાં પ્રેમિકાની રાહ જોતો હોય એમ દર શુક્રવારે હું દાદુની 'સાત્ત્વિકમ શિવમ' કોલમની રાહ જોતો અને આ શુક્રવારે ભરતભાઈ ઘેલાણીએ ૩૪૮ કોલમના માલિક એવા અરવિંદ વેકરિયા માટે 'આવજો અરવિંદભાઈ' લખી એક ટનનો આંચકો આપ્યો. જેને આખી જિંદગી રંગમંચની સેવા કરવાની જીદ પકડી હોય એ દાદુ અચાનક ફોટોફ્રેમમાં ગોઠવાઈ ગયા. એમની કોલમ વાંચી હું 'વાહ દાદુ, દાદ આપવી જ પડે એવી મજબૂત કોલમ' લખું ને મારી કોલમ વાંચી લખે 'તમારી 'મોજની ખોજ'માં જ મોજ મળી જાય છે...' આમ એકબીજાના વખાણથી ટેવાયેલા, પણ એ ટેવ હવે મને તો ભારે પડવાની. પણ શું કરીએ-કરી શકાય? મેં તો એક વાર કીધેલું 'દાદુ, આ પ્રતિષ્ઠાનું ગુંમડું સાલું જબરું. નથી ફૂટતું કે નથી મટતું. હવે પેલો ઉપરવાળો આખા જગતનો સરમુખત્યાર. એના વર્ચસ્વ આગળ આપણું સર્વસ્વ નકામું. સાચું એ છે કે નાવડી ગમે તેટલી સુંદર હોય પણ કિનારો આવે એટલે છોડી જ દેવી પડે, પણ હવે મુંઝવણ એ છે કે હમણાં અહીં ભારતમાં વસતિ ગણતરીની સિઝન ચાલે છે તો અમારા અરવિંદભાઈની ગણતરી અમારામાં કરીએ કે તમારા ભગવાનોમાં ?.

ત્યાં તો 'ટીંગ ટોંગ' કરતો ડોરબેલ વાગ્યો. દરવાજો ખોલી પૂછ્યું; 'બોલો?'

'સર હું ચંબુ, સરકાર તરફથી વસતિ ગણતરી કરવા આવ્યો છું. આપના ઘરમાં માણસો કેટલા?'

'માણસો?' હું ચમક્યો 'તને આ ઘર ગુફા, તબેલો કે માળો લાગે છે? અમારા ઘરમાં તને ચકલી, કબૂતર, ગાય, ભેંસ કે ઘોડા દેખાય છે? અહીં બધા માણસો જ વસે છે'.

'તમે સમજ્યા નઈ, ઘરમાં કોણ કોણ છે?'

'હું એકલો'.

'સોરી' ચંબુ રડમસ અવાજે બોલ્યો : 'સર મને ક્યાંથી ખબર હોય? પણ ભાભીજી કેટલા વર્ષ પહેલાં ...'

'અબે ચૂપ, તું સમજે છે એવું હોત તો તારા મોઢામાં ઘી સાકર. એ પિયર ગઈ છે'.

'ઓકે. બાપુજી શું કરે છે?'.

'એ માટે તમારે ઉપર જઈ તપાસ કરવી પડે'.

'કેમ... કેમ?'

'કેમ શું વળી? આ મોંઘવારીમાં તેમને આ પૃથ્વી પર ફરીવાર અવતાર ધારણ કરવાની ઈચ્છા નથી'.

'ઓહ, ગુજરી ગયા છે? અને બા પણ ગુજ..?'

'ના, બા એમના પિયર ગયા છે'.

'ભાઈને મળવા?'

'ચંબુ, બા ૭૭ વર્ષે સુવાવડ ઉપર તો નઈ ગયા હોય ને?'

'મને શું ખબર સર? સુવાવડ બાની છે ને બા તમારી છે. એ સુવાવડ માટે જાય કે ગરબા રમવા. મારાથી થોડા રોકી શકાય'.

'અચ્છા, વસતિ ગણતરીમાં તમે કયા વિભાગમાં કામ કરો છો?' મેં પૂછ્યું.

'સર હું 'ફેમિલી પ્લાનિંગ' વિભાગમાં કામ કરું છું.'

'ઓકે, તમારે સંતાનોમાં..?'

'મારે ચાર દીકરા, ત્રણ દીકરી ...બે ગુજરી ગયા..'

'વા...ઉ પણ તમે ફેમિલી પ્લાનમાં હોવા છતાં તમારો પ્લાન ફેલ? નવ નવ વખત ભાભીને પ્રસવ પીડા આપવા પાછળનું પ્રયોજન?'

'સર, આમાં પાછળના કે આગળના પ્રયોજનની વાત જ નથી. એ વખતે હું કોરોના કાળ પુર જોશમાં હતો ને હું ગુજરાતના વિકાસખાતામાં ડેવલપમેન્ટ ઓફિસર હતો. આજે ચીનને વટાવી આપણો દેશ ૧૪૦ કરોડે પહોંચ્યો એનો ખરો યશ કોરોનાને જાય છે. હું ભાગ્યશાળી છું કે દેશના વિકાસમાં મારું યોગદાન આપી શક્યો. આ ફેમિલી પ્લાન વિભાગમાં તો દોઢ વર્ષથી.'

'સર, એ વખતે વિકાસદર બહુ ઓછો હતો. મેં મારી ચંપાને વાત કરી : 'ચંપા, તુમ્હારા સાથ તો અપના વિકાસ, ઈશ્વર કૃપાથી એ માની ગઈ. એક્ચ્યુઅલી આ બાળવિકાસની પ્રેરણા અમને ધ્રૃતરાષ્ટ્ર અને ગાંધારી પાસેથી મળેલી.૧૦૦ સંતાન. એનો રેકોર્ડ હજી સુધી કોઈ તોડી શક્યું નથી. હું પણ નિષ્ફળ ગયો. ચાલો ... મેં બહુ લાંબું ચલાવ્યું... હવે નીકળું. હજી ફૂટપાથ પરની ગણતરી બાકી છે' એટલું બોલી ચંબુ ફૂટપાથ પર પહોંચ્યો ને રૂપલીને પૂછ્યું : 'આ છત અને દીવાલ વગરના ઘરમાં કોણ કોણ..'

'અહીં અમે બે જણ.'

'ઓહ સંતાન નથી?'

'સંતાન છે, સર વર નથી'.

'ઓહ, ગરીબાઈથી ગભરાઈ ને મોંઘવારીથી હારી ઘર છોડી ગયો?'

'હા સર, અમને છોડીને ઉપર ચાલી ગયો' રૂપલીની આંખમાં ચોમાસું બેઠું. 'સાત વર્ષ પહેલા વીજળી વેરણ થઇ ને મેં મીણબત્તી પેટાવી. નશામાં આવેલ ધનજીને એની જાળ લાગી ને સાડા પાંચ ફૂટનું શરીર ૨૫૦ ગ્રામ રાખમાં પલટાઈ ગયું. અમારો ચીતા ઉપર સુવાડવાનો ખર્ચો બચી ગયો, નઈતર ચિતા ઉપર સુવાડવાની ચિંતા ભારે પડી જાત, પણ ચિંતા ગળે વળગાડતો ગયો. એ બળતા બળી ગયો પણ મારો જીવ બળવા લાગ્યો. ગમે એમ તોયે મારો ધણી હતો. જોકે ઈશ્વરની ગણતરીમાં કોઈ ભૂલ નથી નઈતર ધનજીએ અપાયેલ સફેદ સાડીને કફન બનાવવું પડ્યું હોત. પણ પછી પહેરું શું?' આટલું કહીને રૂપલી હસી :

'મારો વર નશામાં મને કહેતો 'લે અલ્લી, એક પેગ આજ તું પણ માર, આ નશો તો કાલ ઊતરી જશે પણ વગર પીધે આ સત્તાનો, પ્રતિષ્ઠાનો, અહંકારનો નશો ક્યારેય ઊતરતો નથી' એટલું બોલીને રૂપલીએ થોડા વિષાદભર્યા સ્વરે ઉમેર્યું :

'સાહેબ, વાદળમાંથી નીકળતા વરસાદની સિઝન છે પણ આંખમાંથી નીકળતા વરસાદની ક્યાં સિઝન હોય છે.?'

રૂપલીનાં એ આંસુ ભ્રષ્ટ નેતાઓના આંસુ કરતાં લાખ ઘણા પવિત્ર હતા. શું કહો છો? ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# દાળોમાં સર્વશ્રેષ્ઠ દાળ એટલે પીળી મગની દાળ



ચોમાસાની શરૂઆત મુંબઈમાં તો ધીમી ગતિએ થઈ ગઈ છે. અસહ્ય ઉકળાટ વચ્ચે વાતાવરણમાં થોડી ઠંડક અનુભવાય છે. ચોમાસું આવે તેની સાથે પેટમાં ગરબડ અચૂક અનુભવાતી હોય છે. તો વળી ક્યારેક શરદી-ખાંસી-ઝીણા તાવના કેસો વધી જતાં હોય છે. આવા સંજોગોમાં સુપાચ્ય આહાર લેવો આવશ્યક બની જાય છે. ખાસ ગુજરાતી કુટુંબમાં પ્રતિદિન બપોરના ભાણામાં તુવેરની ગરમા-ગરમ દાળ તથા ભાત ખાવાની આદત જોવા મળે છે. જ્યારે રાત્રિના ભોજનમાં આજે પણ કાઠિયાવાડમાં ગરમા-ગરમ ખીચડી-કઢી-ઓસામણ બનાવવાનો રિવાજ છે. માન્યું કે સમય બદલાયો છે. સંતાનો રોજ નવી-નવી, ચટપટી, મસાલેદાર ભારતીય કે પાશ્ચાત્ય દેશોની વાનગીનો સ્વાદ માણવાનું પસંદ કરતાં હોય છે. જ્યારે વડિલો સાદું, ઓછા મસાલાવાળું સુપાચ્ય ભોજન લેવાનું પસંદ કરે છે. જેમાં તંદુરસ્ત જીવનનું રહસ્ય સમાયેલું જોવા મળે છે. જો આપ મુંબઈ-અમદાવાદ કે સૌરાષ્ટ્રના હાઈ-વે ઉપરથી પસાર થયા હશો તો એક વાત અચૂક ધ્યાન ખેંચે તેવી જોવા મળે છે. તે છે થોડા-થોડા અંતરે દેખાતા કાઠિયાવાડી ધાબા. જ્યાં સ્વાદિષ્ટ કાઠિયાવાડી વાનગીઓ પીરસવામાં આવે છે.

આપણા આયુર્વેદમાં ખાસ ઉલ્લેખ જોવા મળે છે કે તંદુરસ્ત સ્વાસ્થ્ય જાળવવા માટે તાજો, ઋતુ તેમજ રાજ્ય પ્રમાણેનો આહાર લેવો જરૂરી છે. આજે આપણે દાળોમાં સર્વશ્રેષ્ઠ ગણાતી પીળી મગની દાળ વિશે જાણકારી મેળવવાના છીએ. તેને અંગ્રેજીમાં વિગ્ના રેડિયાટા તરીકે ઓળખાય છે. તો સંસ્કૃતમાં તેને મુદ્‌ગા, આંધ્ર પ્રદેશમાં પેસારા પપ્પૂ, તમિલનાડુમાં પચઈ પયારૂ, કર્ણાટકમાં હેસારૂ કાલુ, કેરળમાં ચેરૂપયાર, તો ઉત્તરી ભારતમાં મગની પીળી દાળ કહેવામાં આવે છે.

મગની દાળને ગરીબોની 'સોનેરી દાળ' તરીકે ઓળખ મળી છે. એશિયાઈ દેશોમાં તે લોકપ્રિય દાળ તરીકે જાણીતી છે. તેનો ઉપયોગ ભોજનની સાથે ઓષધી, સૌંદર્ય પ્રસાધનોમાં કરવામાં આવે છે. પ્રોટીનથી ભરપૂર હોવાને કારણે જેઓ માંસાહાર છોડવા માંગતા હોય તેમને માટે ઉત્તમ વિકલ્પ ગણાય છે. ખનીજ તેમજ ઍન્ટિ-ઓક્સિડન્ટના ગુણો ધરાવે છે. કૅન્સર જેવી બીમારીના ખતરાથી બચાવમાં મદદ કરી શકે છે. વળી તેમાં એવા ફાઈટોકૅમિકલ સમાયેલાં છે જે શરીર ઉપર આવતાં સોજાને ઘટાડવામાં મદદ કરી શકે છે.

## મગની દાળના સ્વાસ્થ્યવર્ધક લાભ

**નાના બાળકોને માટે લાભકારી :** નાના બાળકોને જ્યારે પ્રથમ વખત અનાજ ખવડાવાનું કહેવામાં આવે છે તે સમયે નિષ્ણાતો દ્વારા બાફેલી મગની દાળનો સૂપ પીવડાવવાનો આગ્રહ રાખવામાં આવે છે. કેમ કે તેમાં રહેલાં વિવિધ પોષક તત્ત્વો શિશુના વિકાસમાં અત્યંત ઉપયોગી બને છે. મગની દાળમાં પોટેશિયમ, આયર્ન, કૅલ્શિયમ, કૉપર, ફૉલેટ, રાઈબોફ્લેવીન, ફોસ્ફરસ, ફાઈબર, મેગ્નેશિયમ જેવાં પોષક તત્ત્વો સમાયેલાં હોય છે. જે શિશુના સંપૂર્ણ વિકાસમાં મદદ કરે છે.

**હૃદયની તંદુરસ્તી માટે ગુણકારી :** મગની દાળ માટે એવું કહેવાય છે કે તેમાં પોષક તત્ત્વોનો ખજાનો સમાયેલો છે. પોટેશિયમ તથા આયર્નની માત્રા ભરપૂર હોવાને કારણે માંસપેશીમાં લોહી ગંઠાઈ જવાની સમસ્યામાં રાહત મળે છે. બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. અનિયમિત હૃદયના ધબકારાને સુધારવામાં મદદ કરે છે. તેમ છતાં નિષ્ણાત ડૉક્ટરની સલાહ બાદ જ પ્રમાણભાન રાખીને સેવન કરવું જોઈએ. જે લોહીમાં કૉલેસ્ટ્રોલના સ્તરને નિયંત્રિત રાખવામાં મદદ કરે છે. વિવિધ સંશોધનો દ્વારા જાણવા મળે છે કે મગની દાળમાં રહેલું પ્રોટીન શરીરના કુલ કૉલેસ્ટ્રોલ તથા ટ્રાયગ્લિસરાઈડના સ્તરને ઘટાડે છે. લાભકારક ગણાય છે કેમ કે પાચન સંબંધિત સમસ્યા વખતે તેનું સેવન ખાસ કરવામાં આવે છે. હૃદયની તંદુરસ્તી જાળવી રાખવા માટે મગની દાળનું સેવન નિયમિત આહારમાં કરવું આવશ્યક છે.

**કૅન્સરનું જોખમ ઘટાડવામાં ગુણકારી :** મગની દાળમાં ફેનોલિક યોગિક ફ્લેવોનોઈડ્સ, લેક્ટિન, ફાઈટોટેસ્ટેરૉલ તથા સેલેનિયમ જેવાં ખનીજ તત્ત્વો સમાયેલાં હોય છે. મગની દાળમાં સમાયેલાં ઍન્ટિ ઓક્સિડન્ટ રક્ત કોશિકાને સુચારુ રીતે કાર્ય કરવામાં મદદ કરે છે. પાચનમાં હલકી હોવાને કારણે આંતરડા ઉપર વધતો બોજો ઘટી શકે છે. તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે પ્રમાણભાન રાખીને લેવાતો પોષ્ટિક આહાર કૅન્સરના જોખમથી વ્યક્તિને બચાવી શકે છે પરંતુ તેને કૅન્સરના ઉપચાર કે તેને ઘટાડવાનાં સચોટ ઉપાય તરીકે ઉપયોગ ન કરવો જોઈએ.

**ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં ફાયદાકારક :** મગની દાળનો અત્યંત મહત્ત્વનો ગુણ જોઈએ તો તે છે હાઈપોગ્લાઈસેમિક. જે ડાયાબિટીસના રોગમાં લાભકારક ગણાય છે. મગની દાળમાં સ્ટાર્ચની માત્રા ભરપૂર જોવા મળે છે. જે એક ઓછો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ તેમજ કાર્બોહાઈડ્રેટ ધરાવે છે. જેના સેવન બાદ લોહીમાં શર્કરાની માત્રાને નિયંત્રણમાં રાખવામાં તેમજ મોટાપો વધતો અટકાવવામાં મળે છે.

**પોષ્ટિક ગુણોનો ભંડાર:** મગનો છોડ એક લોકપ્રિય તેમજ પૌષ્ટિક છોડ ગણાય છે. તેના બીજને અંકુરિત કરીને ખાઈ શકાય છે. બીજનો ઉપયોગ મગની દાળ બનાવવામાં થાય છે. મગની દાળમાં પ્રોટિનની માત્રા ૩૨. ૬ ટકા જેટલી સમાયેલી જોવા મળે છે. સ્વાસ્થ્ય માટે જરૂરી એમિનો એસિડનું પ્રમાણ ભરપૂર સમાયેલું જોવા મળે છે. જેને કારણે એશિયાઈ દેશોમાં મગની દાળ એક લોકપ્રિય આહાર ગણાય છે. મગની દાળમાં ખનીજ, આયર્ન, ફાઈબરની માત્રા સમાયેલી છે. જે વ્યક્તિના સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખવામાં ગુણકારી બને છે.

**વજન નિયંત્રિત કરવા માટે લાભકારી:** પીળી મગની દાળમાં કોલેસીસ્ટોકિનિન હાર્મોનનું કામ વધારવામાં મદદ કરે છે. જેને કારણે તેનો ભોજનમાં ઉપયોગ કર્યા બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. મેટાબોલિઝમ રેટમાં સુધારો જોવા મળે છે. વારંવાર, તળેલું-તીખું ભોજન ખાવાથી વજન ઝડપથી વધવા લાગે છે. મગની દાળનું સેવન કર્યા બાદ તંદુરસ્ત ભોજન કર્યાનો સંતોષ મળે છે.

**પાચન સુધારવામાં લાભકારી :** પીળી મગની દાળ ખાધા બાદ આંતરડામાં બ્યુટારેટ નામક ફૅટી એસિડ બનવા લાગે છે. જે આંતરડાને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે. વળી મગની પીળી દાળમાં ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણો સમાયેલાં હોય છે. જે પેટમાં ગેસ બનતાં રોકે છે. જેથી પાચનતંત્ર મજબૂત બને છે. મગની દાળ પચવામાં હલકી હોવાથી તેના સેવન બાદ કબજિયાતની તકલીફથી રાહત મેળવી શકાય છે.

**વિટામિન બી-૯ (ફૉલેટ)મસ્તિષ્કના સ્વાસ્થ્ય માટે ગુણકારી :** ગર્ભાવસ્થા દરમિયાન ફૉલેટ સ્વાસ્થ્ય માટે તેમજ ગર્ભસ્થ શીશુ માટે ગુણકારી ગણાય છે. કેમ કે તેનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ લગભગ (૩૮)ની આસપાસ હોય છે. તેથી ડાયાબિટીસના દર્દીઓ માટે તે લાભકારક છે. ભારતીય આયુર્વેદમાં દર્શાવ્યા મુજબ ૧૦૦ ગ્રામ બાફેલી મગની દાળમાં ૭.૦૨ ગ્રામ પ્રોટીન, ૧૯.૧૫ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૭.૬૦ ગ્રામ ફાઈબર, તથા વિટામિન બી-૯ જે ફૉલેટ તરીકે ઓળખાય છે તે સમાયેલું હોય છે. વિટામિન બી શરીરના વિવિધ કાર્યો સુચારુ રીતે થાય તે માટે આવશ્યક છે. મસ્તિષ્કની તંદુરસ્તી જાળવી રાખવામાં મદદ કરે છે. વિટામિન બી મનુષ્યના શરીરનું ડીએનએ બનાવવામાં મદદ કરે છે. મગની દાળ માટે એવું કહેવાય છે કે ૪૫૦૦ વર્ષ પહેલાં હિમાલયના પહાડી વિસ્તારમાં રહેતાં સ્થાનિકો દ્વારા તેમજ હરપ્પન સંસ્કૃતિમાં તેનો ઉપયોગ થતો હતો. મગને સૂકવીને તેને હાલમાં મશીનો દ્વારા તોડીને લીલી મગની દાળ બનાવવામાં આવે છે. તેના છોતરાં કાઢી લીધા બાદ જે તૈયાર થાય છે, તે મગની પીળી દાળ કે સોનેરી દાળ ગણાય છે.

ભારત મગની ખેતીમાં વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે. મગની ખેતી ભારતના બધા જ રાજ્યોમાં થતી જોવા મળે છે. લગભગ ૩૬ હજાર હૅક્ટર જમીનમાં મગની ખેતી થાય છે. જેના દ્વારા લગભગ ૧૭ લાખ ટન અનાજનું ઉત્પાદન થાય છે. ઉત્પાદક્તાની વાત કરીએ તો લગભગ ૫૦૦ કિલોગ્રામ પ્રતિહૅક્ટર જોવા મળે છે. ભારતમાં મગની દાળના પ્રમુખ ઉત્પાદકોમાં મધ્ય પ્રદેશ, ગુજરાત, રાજસ્થાન, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ તેમજ બિહાર છે. મગની દાળનો ઉપયોગ પશુઓ માટે લીલા ઘાસચારા તરીકે કરવામાં આવે છે. તો ખાતર તરીકે પણ થાય છે. ભારતમાં તેની ખેતી ત્રણે મોસમમાં કરવામાં આવે છે, ગ્રીષ્મ, રવી, ખરીફ.

મગની દાળમાંથી વિવિધ વાનગીઓ બનાવી શકાય છે. જેમ કે મગની દાળના ઢોકળાં, મગની દાળનો શિરો, મગનીદાળના પૂડલાં. મગની છૂટી દાળ, પાલક-મગની દાળ, મગની દાળનાં પકોડાં વગેરે બનાવી શકાય છે. મગની દાળના ભજિયા.

મગની દાળની કચોરી બનાવી શકાય છે. ■

### પહેલાં વરસાદમાં મજા પડી જાય તેવી સ્વાદિષ્ટ મગની દાળની પૂરી



**સામગ્રીઃ** ૧ કપ મગની પીળી દાળ, ૨ કપ ઘઉંનો લોટ, ૨ ચમચી રવો, ૧ ચમચી કસૂરી મેથી, ૧ ચમચી અજમો, ૨ નંગ લીલા મરચાં, ૧ નાનો ટૂકડો આદું, ચપટી હિંગ, સ્વાદાનુસાર મીઠું, ૮-૧૦ નંગ આખા મરી, ૧ નાની ચમચી જીરૂ, ૧ નાની ચમચી તલ, ૨ ચમચી કોથમીર, મોણ તથા તળવા માટે તેલ.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ મગની દાળને ૫-૬ કલાક પાણીમાં પલાળી રાખવી. ત્યારબાદ તેને મિક્સર જારમાં લેવી. તેમાં આખા મરી, તલ, અજમો, જીરૂ, આદું-મરચાં ઝીણાં સમારેલાં ઉમેરવાં. દાળ એકરસ બને તેવી પીસવી. કથરોટમાં ઘઉંનો લોટ લેવો. તેમાં ૨ ચમચી મોણ નાખવું. રવો ઉમેરવો. સ્વાદાનુસાર મીઠું, હિંગ તથા તૈયાર કરેલી મગની દાળનું મિશ્રણ થોડું થોડું ઉમેરવું. પૂરીનો લોટ તૈયાર કરવો. લોટ બંધાઈ જાય ત્યારબાદ તેને અડધો કલાક મલમલના કપડાંમાં ઢાંકીને રાખવો. લોટને બરાબર મસળીને નાની નાની મધ્યમ કદની પૂરી બનાવીને ગરમ તેલમાં તળી લેવી. ગરમાગરમ બટાકાના રસાવાળા શાક તેમજ ચા સાથે તેનો આસ્વાદ માણવો.

feedback@bombaysamachar.com
ટૂંકું ને ટચ
રશ્મિ શુકલ

# સર્વાઈકલ સ્પોન્ડિલાઈટીસથી તમે પણ છો પરેશાન?

ઓફિસમાં સતત કોમ્પ્યુટર સામે બેસીને કામ કરવું અને કલાકો સુધી એકસરખું કામ કરવાને કારણે સર્વાઇકલ સ્પોન્ડિલાઇટીસની સમસ્યા વકરી છે. એને કારણે ડોકમાં દુખાવો અને ખભાના સ્નાયુઓ પર દબાણ આવે છે. એથી ધીમે ધીમે દર્દમાં વધારો થાય છે અને ક્યારેક ચક્કર પણ આવે છે.

સર્વાઇકલ સ્પોન્ડિલાઇટીસના લક્ષણઃ

૧. અસહ્ય દર્દઃ સવારે જાગતાંની સાથે જ ડોકમાં દુખાવો ઊપડે અને જકડાઈ જાય છે. લાંબા સમય સુધી એક જ સ્થિતિમાં બેસી રહેવાથી આ તકલીફ થાય છે.

૨. અવાજ આવવોઃ ડોકને ડાબી-જમણી અને ઉપર-નીચે ફેરવવાની સાથે હાડકામાંથી અવાજ આવે છે.

૩. માથાનો દુખાવોઃ સામાન્ય રીતે પાછળના ભાગથી દુખાવો શરૂ થઈને એ માથા સુધી પહોંચે છે.

૪. નબળાઈઃ સ્નાયુમાં કમજોરી આવી જવી, જેનાથી હાથમાં પકડેલી કોઈ વસ્તુ છૂટી જાય છે.

૫. સંતુલન ગુમાવવુંઃ ચાલતી વખતે શરીરનું સંતુલન ગુમાઈ જાય છે અને લથડતા ચાલવું પડે છે. શું તમે પણ આવી કોઈ તકલીફમાંથી પસાર થઈ રહ્યા છો તો તમારી ખુરશી પર બેસીને જ સરળ એક્સરસાઇઝ કરીને આ દુખાવામાંથી તમને થોડી રાહત મળી શકે છે. તો શું છે આ કસરત આવો જાણીએ...

**નેક રોટેશનઃ** આ કસરતથી જકડાઈ ગયેલી ડોકને આરામ મળે છે. આના માટે ખુરશી પર સીધા બેસી જાઓ. પછી ડોકને ધીરેધીરે જમણી તરફ ફેરવો અને થોડી સેકેન્ડ્સ માટે થોભો. પછી ધીરેધીરે સામાન્ય સ્થિતિમાં આવો અને ડોકને ડાબી બાજુ ફેરવો અને નીચે તરફ નમો. આ ક્રમને ૫થી ૧૦ વખત કરો. યાદ રાખવું ડોકને ઝડપથી કે ઝટકાથી ના ફેરવો.

**શોલ્ડર રોલઃ** સતત ટાઇપિંગનું કામ કરવાથી સ્નાયુઓ અકડાઈ જાય છે. એને ઠીક કરવા માટે કરોડરજ્જુને સીધી કરીને બેસવું. હવે બન્ને ખભાને એક સાથે ઉપર ઉઠાવો અને એને ગોળ ફેરવતાં પાછળની તરફ લઈ જાઓ. દસ વખત આવું કરો. ઊલટી દિશામાં પણ દસ વખત આવું કરો. એનાથી ખભા અને પીઠ પરનું દબાણ ઓછું થાય છે.

- આવી તકલીફની જાણ જો શરૂઆતમાં જ થાય તો યોગ્ય સમયે યોગ્ય સારવાર લેવાથી રાહત મળી શકે છે. ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગારો | DESTROYED |
| ગારદ | CHEEK |
| ગારુડી | MUD |
| ગાલ | CARPET |
| ગાલીચો | SNAKE CHARMER |

### શબ્દલાલિત્ય




**આડી ચાવી**

૧. રણ, રેતાળ પ્રદેશ (૪)
૪. પૂછપરછ (૪)
૬. ઈર્ષા, અદેખાઈ (૨)
૭. આળસ, મંદતા (૨)
૮. જાહેર કરવાની ક્રિયા (૪)
૯. પુષ્કળ, પાર વિનાનું (૩)
૧૧. અડચણ, વિઘ્ન (૩)
૧૨. ઈચ્છા, ખુશી (૩)
૧૪. દોલત, નાણું (૨)
૧૫. માગ્યા --- વરસે નહીં (૨)
૧૬. પ્રપંચી, છળકપટ કરનારું (૩)
૧૮. ઘોડાનું રહેઠાણ (૩)
૨૦. નાશવંત (૩)
૨૨. જે જાય --- તેનાં જાય ઘરબાર (૪)
૨૩. પળ, ક્ષણ (૨)
૨૪ દુશ્મન, શત્રુ (૨)
૨૬. સોંસરું (૪)
૨૭. બીક, ભય (૪)

**ઊભી ચાવી**

૧. લીટી (૨)
૨. ખ્રિસ્તી દેવળ (૫)
૩. ફુરસદ (૪)
૪. નકામા રદ્દી કાગળ (૨)
૫. પૂનમ (૩)
૯. આંખનો પલકારો માર્યા વગર (૪)
૧૦. માંસ (૪)
૧૧. સ્વજનનો વિયોગ (૩)
૧૨. માન ન માન મૈં તેરા --- (૪)
૧૩, જિંદગી (૪)
૧૪. જમાવ, ભરાવો (૩)
૧૭. પોષાક (૫)
૧૯. પાયમાલ, તબાહ (૪)
૨૧. સસરો (૩)
૨૩. --- ફૂટે --- જાય (૨)
૨૫. રૂઢિ, પદ્ધતિ (૨)

**ગયા વખતનો ઉકેલ**



### માતૃભાષાની મહેક

જીવન વ્યવહારમાં ઘણી વાર દેશની સાથે વેશનું મહત્ત્વ પણ જોવા મળે છે. આ વાતનું પ્રતિબિંબ પાડતી કહેવત છે કે ટોપીમાં ત્રણ ગુણ, નહીં વેરો નહીં વેઠ, બાવો બાવો સહુ કરે ને સુખે ભરીએ પેટ. ભગવી ટોપી કે વસ્ત્ર પહેરવાથી કોઈ પ્રકારનો વેરો નથી ભરવો પડતો, કોઈ જહેમત નથી ઉઠાવવી પડતી અને સ્વામીજી સ્વામીજી કહી સૌ મફતમાં ખવડાવે એ છોગામાં.

### ઓળખાણ પડી?

આયુર્વેદમાં અમૃતા તરીકે ઓળખાતી અત્યંત ગુણકારી અને રોગપ્રતિકારકશક્તિ વધારતી આયુર્વેદિક ઔષધિની ઓળખાણ પડી?



અ) શતાવરી બ) અરડૂસી ક) ગળો ડ) ગુંજા

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૯ | | | | ૭ | ૮ | |
| | | | ૯ | | ૨ | | | |
| ૩ | ૬ | | ૫ | | ૪ | | ૨ | ૧ |
| ૫ | ૩ | ૨ | | | | ૬ | ૯ | ૭ |
| | | | | | | | | |
| ૯ | ૭ | ૪ | | | | ૧ | ૩ | ૮ |
| ૭ | ૪ | | ૮ | | ૬ | | ૧ | ૯ |
| | | | ૪ | | ૩ | | | |
| | ૯ | ૮ | | | | ૫ | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ-ગયા વખતનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૮ | ૭ | ૧ | ૩ | ૫ | ૪ | ૯ |
| ૩ | ૫ | ૭ | ૮ | ૪ | ૯ | ૧ | ૨ | ૬ |
| ૧ | ૯ | ૪ | ૬ | ૨ | ૫ | ૭ | ૩ | ૮ |
| ૮ | ૩ | ૨ | ૧ | ૫ | ૭ | ૬ | ૯ | ૪ |
| ૯ | ૭ | ૫ | ૪ | ૮ | ૬ | ૩ | ૧ | ૨ |
| ૪ | ૧ | ૬ | ૩ | ૯ | ૨ | ૮ | ૭ | ૫ |
| ૫ | ૮ | ૩ | ૨ | ૭ | ૪ | ૯ | ૬ | ૧ |
| ૭ | ૨ | ૯ | ૫ | ૬ | ૧ | ૪ | ૮ | ૩ |
| ૬ | ૪ | ૧ | ૯ | ૩ | ૮ | ૨ | ૫ | ૭ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ગામ | VILLAGE |
| ગામઠી | RUSTIC |
| ગામવખો | QUARREL |
| ગામેતી | HEADMAN |
| ગામસારણી | DINNER |

**ગુજરાત મોરી મોરી રેઃ**
જંગલ

**ઓળખાણ પડી?**
જેઠી મધ

**માઈન્ડ ગેમ :**
ગુજરાત

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ**
દાનત

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ CYBERPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) કમ્પ્યુટર
બ) વાજિંત્ર
ક) પ્રાણી
ડ) આકાશ

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'તુંડે તુંડે મતિ ભિન્ન' પંક્તિમાં મતિ શબ્દનો અર્થ જણાવો.

અ) મહેનત બ) બુદ્ધિ ક) શ્રમ ડ) જોર

### ઈર્શાદ

મોસમનો પહેલો વરસાદ, ઘણી ખમ્મા,
તરણે કોળે છે તારી યાદ, ઘણી ખમ્મા.
-- હરીન્દ્ર દવે

### માઈન્ડ ગેમ

દિલ્હી સલ્તનતના શાસક અલાઉદ્દીન ખીલજીના શાસનકાળમાં ૧૩૦૩ની સાલમાં બાંધવામાં આવેલો સિરી ફોર્ટ કયા શહેરમાં સ્થિત છે ?

અ) કાનપુર બ) દિલ્હી ક) ગેંગટોક ડ) ભોપાલ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભરત કજરિયા (૪) ભારતી બુચ (૫) ડો. પ્રકાશ કટકિયા (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામીની સંપટ (૧૦) વિપીન શાહ (૧૧) નૂતન વિપીન શાહ (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) જ્યોતી ખાંડવાલા (૧૫) લજીતા ખોના (૧૬) મીનળ કાપડિયા (૧૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૮) ભાવના કર્વે (૧૯) નિખીલ બંગાળી (૨૦) અમીષી બંગાળી (૨૧) ખુશરૂ કાપડિયા (૨૨) જયવંત પદમશી ચિખલ (૨૩) વીણા સંપટ (૨૪) અરવિંદ કામદાર (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૭) અંજુ ટોલીય (૨૮) રમેશભાઈ દલાલ (૨૯) હીનાબેન દલાલ (૩૦) ઈનાક્ષીબેન દલાલ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) ડાયના સંતોકે (૩૩) મનીષા શેઠ (૩૪) ફાલ્ગુની શેઠ (૩૫) અલકા વાણી (૩૬) ભારતી બુચ (૩૭) નિતીન જયંતીલાલ બજરીયા (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) પુષ્પા પટેલ (૪૪) પ્રવીણ વોરા (૪૫) મહેશ દોશી (૪૬) મહેશ સંઘવી

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પહેલી જુલાઈથી ત્રણ જુલાઈ સુધી મુંબઈ, થાણે, પાલઘરમાં ઓરેન્જ અલર્ટ

## રવિવાર રાતના ચાર કલાકમાં ઉપનગરમાં ૧૦૦ મિલીમીટરથી વધુ વરસાદ





**મજા-મુશ્કેલીઃ** મુંબઈમાં રવિવાર રાતથી પડી રહેલા વરસાદમાં અમુકે ભીંજાઈને આનંદ માણ્યો હતો, જ્યારે અમુક લોકોને ભરવરસાદે પણ પરિશ્રમ કરવાની ફરજ પડી હતી. (પીટીઆઈ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જૂન મહિનો લગભગ પૂરો થવાનો છે ત્યારે સોમવારે મુંબઈના કેટલાક વિસ્તારોમાં રાતના માત્ર ચાર કલાક પડેલા મુશળધાર વરસાદમાં ઉપનગરના અનેક વિસ્તારોમાં ૧૦૦ મીમી (ચાર ઈંચ)થી વધુ વરસાદ પડ્યો હતો અને તેને કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. હવામાન વિભાગે આજે મુંબઈ, થાણે માટે યલો અલર્ટ તો પહેલી જુલાઈથી ત્રણ જુલાઈ માટે મુંબઈ સહિત થાણે, પાલઘર, રાયગડ માટે ઓરેન્જ અલર્ટ આપીને ભારેથી અતિભારે વરસાદ પડવાનો અંદાજો વ્યક્ત કર્યો છે.

મુંબઈમાં ગયા અઠવાડિયે બે દિવસ મુશળધાર વરસાદ પડયા બાદ પોરો ખાનારા વરસાદે સોમવારે રાતે ફરી જોરદાર એન્ટ્રી કરી હતી. રાતના લગભગ ૧૧ વાગ્યાથી મુંબઈના અનેક વિસ્તારોમાં વરસાદ શરૂ થયો હતો. રાતના ફકત ચાર કલાક દરમ્યાન મુશળધાર પડીને પૂર્વ અને પશ્ચિમ ઉપનગરના અનેક વિસ્તારોમાં સરેરાશ પાંચથી છ ઈંચ જેટલો વરસી ગયો હતો. તેની સામે દક્ષિણ મુંબઈમાં રાતના સમયે વરસાદનું જોર થોડું

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં પાણીની ગંભીર કટોકટીઃ જળાશયોમાં સાત ટકાથી ઓછું પાણી

## વૈકલ્પિક પાણીના સ્રોત ઉપલબ્ધ થવામાં ત્રણથી ચાર વર્ષ રાહ જોવી પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ તાજેતરના વર્ષોમાં સૌથી ગંભીર પાણીની કટોકટીનું સામનો કરી રહ્યું છે. મુંબઈને પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોમાં માંડ એક લાખ મિલિયન લિટર એટલે કે ૬.૯૩ ટકા પાણી બચ્યું છે. દેશની સૌથી શ્રીમંત કહેવાતી મુંબઈ મહાનગરપાલિકા હજી પણ પાણીની માગને પહોંચી વળવા માટે વરસાદી પાણી પર જ નિર્ભર રહી છે. વૈકલ્પિક પાણીના સ્રોતને લગતા પ્રોજેક્ટ પૂર્ણ થવામાં હજી ત્રણથી ચાર વર્ષનો સમય લાગવાનો હોવાથી મુંબઈની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે ચોમાસા પર જ નિર્ભર રહેવું પડવાનું છે. તેમાં પણ જો આ વર્ષની માફક જ અનિયિમિત વરસાદની પેટર્ન ચાલુ રહી તો મુંબઈની વધતી વસતી સામે વારંવાર પાણીની કટોકટીનો સામનો કરવાની નોબત આવી શકે છે. આગામી દિવસમાં વરસાદ કેવો પડે છે તેના પર હવે પાણી કાપ આધાર રાખે છે.

આ વર્ષે ચોમાસામાં વિલંબ અને અપૂરતા વરસાદને કારણે મુંબઈ સાત જળાશયોમાં પાણીનો જથ્થો ઘટીને સાત ટકાથી ઓછો થઈ ગયો છે, જે ગયા વર્ષ કરતાં નોંધપાત્ર રીતે ઓછો છે. પાલિકાના હાઇડ્રોલિક એન્જિનિયર વિભાગના ડેટા મુજબ સોમવારે સવારના સાત જળાશયોમાં મળીને ૧,૦૦,૨૭૯ મિલિયન લિટર પાણી હતું. ગયા વર્ષે આ જ સમયગાળામાં ૫,૭૧,૬૭૦ મિલિયન લિટર (૩૯.૫ ટકા) હતું.

મુંબઈની પાણીની જરૂરિયાત વરસાદી

(જુઓ પાનું ૪) ▸▸

# નસરાપુરના બળાત્કારી-હત્યારા ભીમરાવ કાંબળેને મૃત્યુદંડ

## પુણે વિશેષ કોર્ટેનો ઐતિહાસિક ચુકાદોઃ નરાધમે બાળકીને પીંખી નાખ્યા બાદ તેની હત્યા કરી હતી

પુણેઃ પુણે જિલ્લાના ભોર તાલુકામાં નસરાપુર ગામમાં ચાર વર્ષની બાળકી પર બળાત્કાર ગુજાર્યા બાદ તેની હત્યાના ચકચારી કેસમાં વિશેષ કોર્ટે ૬૫ વર્ષના નરાધમ ભીમરાવ કાંબળેને સોમવારે મૃત્યુદંડની સજા ફટકારી હતી. વિશેષ કોર્ટે બનાવના ૬૦મા દિવસે ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો હતો. નસરાપુરમાં પહેલી મેના રોજ બનેલી આ ક્રૂર ઘટના બાદ લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો

(જુઓ પાનું ૪) ▸▸

### આવા નરાધમોને કડક સજા અપાવવી સરકારની પ્રાથમિકતા : શિંદે

મુંબઇ : નસરાપુર કેસના ચુકાદા બાદ મીડિયા સાથે વાતચીત કરતા નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ન્યાયતંત્રનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ નરાધમને મળેલી ફાંસીની સજા

(જુઓ પાનું ૪) ▸▸

### હવે ફાંસીની સજાનો અમલ ઝડપથી થાય એટલી જ ઇચ્છાઃ પીડિતાના પરિવારની માગણી

પુણે : નસરાપુર બળાત્કાર અને હત્યા કેસની પીડિતાના પિતાએ સોમવારે દોષિતને મૃત્યુદંડની સજા ફટકારવાના કોર્ટના ચુકાદા પર સંતોષ વ્યક્ત કર્યો અને કહ્યું કે પરિવાર હવે કોર્ટના આદેશનો અમલ ઇચ્છે છે. પુણે

(જુઓ પાનું ૪) ▸▸

# ફડણવીસ-ગડકરીની પાંખો કાપી નાખવાના પ્રયાસ થઇ રહ્યાં છેઃ ઉદ્ધવ

મુંબઈઃ રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને તેમના પદ પરથી હટાવી દેવામાં આવે એવી સંભાવના હોવાથી પોતે સાઈબાબાને ફડણવીસની ખુરશીની રક્ષણ કરે એવી પ્રાર્થના કરી હોવાનું ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું છે. તેમણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની ભૂમિકા પર પણ ટિપ્પણી કરી. કેટલાક લોકોને લાગે છે કે દેવેન્દ્ર ફડણવીસ પીએમ પદની રેસમાં ઉતરી શકે એમ હોવાથી તેમને તેમના પદ પરથી દૂર કરવા જોઈએ એવું કેટલાક લોકોનું માનવું છે એવો ઈશારો પણ કર્યો છે.

ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે 'શિરડીના સાઈ મંદિરમાં જઈ મેં ફક્ત એટલી જ પ્રાર્થના કરી કે આ દેશ અને રાજ્ય પર જે સંકટ આવ્યું છે તે દૂર થાય, આ ભ્રષ્ટ શાસન દફનાવવામાં આવે અને દેશ ક્ષેમકુશળ રહે. આ સિવાય દેવેન્દ્ર ફડણવીસની ખુરશીનું રક્ષણ કરવાની માગણી પણ મેં કરી. મારું માનવું છે કે તેમને દૂર કરવામાં આવશે. કારણ કે છેલ્લા ચાર દિવસથી હું આ વિશે વિચારી રહ્યો છું, આ કુદરતનો નિયમ છે. ૨૦૨૯માં શું થશે અને ત્યારબાદ આપણા વાલી કોણ હશે તેની ચર્ચા દિલ્હીમાં શરૂ થઈ ગઈ છે. કેટલાક લોકોનું માનવું છે કે દેવેન્દ્ર ફડણવીસ રેસમાં હોવાથી તેમનું પત્તુ હમણાં જ કાપી નાખવું જોઈએ. એમને એટલી બધી પીડા આપો કે તેઓ દિલ્હી જવનો વિચાર જ ન કરે.

મહારાષ્ટ્રના રાજકારણમાં ભાજપના નેતાઓમાં આંતરિક વિખવાદ ચાલી રહ્યો છે. આ પૃષ્ઠભૂમિમાં ઉદ્ધવ ઠાકરેએ કેન્દ્રીય પ્રધાન

(જુઓ પાનું ૪) ▸▸

## ફડણવીસે ચુકાદાનું સ્વાગત કર્યું

પુણેઃ નસરાપુર ગામમાં ત્રણ વર્ષની બાળકીના અપહરણ, બળાત્કાર અને હત્યાના કેસમાં ૬૫ વર્ષીય વ્યક્તિને ફાંસીની સજા પુણેની વિશેષ અદાલતે સોમવારે સંભળાવી હતી. એડિશનલ જજ એસ આર સાળુંખેએ આ કેસને દુર્લભ ગણાવી ઉંમરના આધારે બચાવ પક્ષની અરજીને ફગાવી આરોપી ભીમરાવ કાંબળેના હિંસાના ઇતિહાસની નોંધ લઈ કહ્યું હતું કે તેમની અધમ વૃત્તિએ ન્યાયતંત્ર અને સમાજના અંતરાત્માને આંચકો આપ્યો હતો. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ ચુકાદાનું સ્વાગત કરતા કહ્યું કે આવા ગુનેગારોને સમાજમાં રહેવાનો કોઈ અધિકાર નથી. ટૂંકા ગાળામાં આ કેસની તપાસ કરવા બદલ પોલીસ અને ફરિયાદીની પ્રશંસા કરી તેમણે ઉમેર્યું હતું કે ચુકાદો ન્યાય પ્રત્યેની મજબૂત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે જણાવ્યું હતું કે ઐતિહાસિક ચુકાદાથી ન્યાયતંત્રમાં લોકોનો વિશ્વાસ મજબૂત થયો છે અને પીડિત પરિવારને ન્યાય મળ્યો છે. આવા ક્રૂર અને વિકૃત અપરાધીઓને સમાજમાં કોઈ સ્થાન નથી. ચુકાદો કાયદાની પ્રતિબંધક અસરને મજબૂત બનાવશે. સરકાર મહિલાઓ, છોકરીઓ અને બાળકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે શક્ય તેટલા કડક પગલાં લેવાનું ચાલુ રાખશે. (પીટીઆઈ)■

# થાણેમાં ૨૪ કલાક પાણી પુરવઠો બંધ

થાણેઃ ચોમાસાનું આગમન મોડું થયું હોવાથી જળાશયોમાં પાણીનું સ્તર ઘટી ગયું હોવાથી તકેદારીના પગલારૂપે થાણે મહાનગરપાલિકા દ્વારા સંભવિત પાણીની અછતના સંકટને ધ્યાનમાં રાખીને તબક્કાવાર દરેક વિસ્તારમાં બે દિવસ પાણીપુરવઠો બંધ રાખવામાં આવે છે, જેમાં આ અઠવાડિયામાં બુધવારથી ગુરુવાર સુધીના ૨૪ કલાક દરમ્યાન પાણીપુરવઠો બંધ રહેશે.

થાણે પાલિકાના જણાવ્યા મુજબ બુધવાર, પહેલી જુલાઈના સવારે ૯.૦૦ વાગ્યાથી ગુરુવાર, બીજી જુલાઈના સવારના ૯.૦૦ વાગ્યા સુધીના ૨૪ કલાક માટે પાણી પુરવઠો બંધ રાખવામાં આવ્યો છે. જોકે થાણે શહેરની પોતાની પાણી પુરવઠા યોજના અંતર્ગત તબક્કાવાર પાણી પુરવઠો ચાલુ રાખવાનું આયોજન કરવામાં આવ્યું છે. એ મુજબ ઘોડબંદર રોડ, પાટલીપાડા, પવારનગર, કોઠારી કમ્પાઉન્ડ, આઝાદનગર, ડોંગરીપાડા, વાઘબીલ, આનંદનગર, કાસરવડાવલી, ઓવલા, રેતીબંદર અને મુમ્બ્રાના કેટલાક

(જુઓ પાનું ૪) ▸▸

### મુંબઈના ક્વીન્સ નેકલેસનો મેકઓવર થશે

મુંબઇ : મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી એ ઓરેન્જ ગેટ-મરીન ડ્રાઇવ ટનલ એક્ઝિટ નજીક સુધારેલા રોડ એલાઈનમેન્ટ અને લેન કન્ફિગરેશન માટે કોસ્ટલ રેગ્યુલેશન ઝોન મંજૂરી આપી છે. આનાથી કોસ્ટલ રોડ નજીક હાલના આઠ-લેન મરીન ડ્રાઇવ કેરેજવેને ૧૩ લેન સુધી વિસ્તૃત કરી શકાશે. ■

# સરકારની ટીઈટી પેપર લીક મામલે એમસીઓસીએ લાગુ કરવાની વિચારણા

મુંબઈ : શિક્ષક પાત્રતા પરીક્ષા (ટીઈટી) પ્રશ્નપત્ર લીક થવાના કારણે ટીકાનો સામનો કરી રહેલી મહારાષ્ટ્ર સરકારે સોમવારે વિધાનસભામાં જણાવ્યું હતું કે તે આ કેસમાં આરોપીઓ સામે કડક એમસીઓસીએ કાયદો લાગુ કરવાની શક્યતા ચકાસી રહી છે.

ગયા અઠવાડિયે મહારાષ્ટ્રમાં ટીઈટી પેપર લીકને પગલે વિપક્ષ દ્વારા રાજીનામાની માગણીનો સામનો કરી રહેલા શાળા શિક્ષણ પ્રધાન દાદા ભૂસેએ મુંબઈમાં ચાલી રહેલા વિધાનસભાના ચોમાસુ સત્રમાં આ અંગે નિવેદન આપ્યું હતું. તેમણે એવી પણ જાહેરાત કરી કે સરકાર મુખ્ય સચિવના નેતૃત્વમાં એક સમિતિની રચના કરશે જે ટીઈટી અને અન્ય રાજ્ય સ્તરની પરીક્ષાઓ ઓનલાઈન યોજવા અંગેની પદ્ધતિઓ નક્કી કરશે.

ટીઈટી પેપર લીક મામલે નીચલા ગૃહમાં નિવેદન આપતા ભૂસેએ કહ્યું કે અત્યાર સુધીમાં ત્રણ

(જુઓ પાનું ૪) ▸▸

# ગિરગામની હોટેલમાં સેક્સ રેકેટઃ મરાઠી-બંગાળી અભિનેત્રી પકડાઇ

મુંબઈઃ દક્ષિણ મુંબઇના ગિરગામ વિસ્તારમાં આવેલી હોટેલમાં સેક્સ રેકેટનો પોલીસે પર્દાફાશ કર્યો હતો અને મરાઠી-બંગાલી અભિનેત્રીનો છુટકારો કરાવ્યો હતો. પોલીસે આ પ્રકરણે એજન્ટની ધરપકડ કરી હતી, જે મેકઅપ આર્ટિસ્ટ તરીકે કામ કરતો હોવાનું કહેવાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર એક મરાઠી ફિલ્મોની અભિનેત્રી છે, જ્યારે બીજી અભિનેત્રીએ બંગાળી-હિંદી ફિલ્મોમાં નાની ભૂમિકા કરી છે. ગિરગામ વિસ્તારમાં આવેલી હોટેલમાં રેઇડ પાડી હતી. ■

# મોહરમના જુલૂસમાં ઝેરી કૅપ્સ્યૂલ્સઃ નાલાસોપારાથી વધુ એક દર્દી મળ્યો

## આરોપી ફૈયાઝ પ્રેમજીની પોલીસ કસ્ટડી પાંચ દિવસ વધારાઇ

મુંબઈઃ ભાયખલા વિસ્તારમાં મોહરમના જુલૂસમાં પેઇનકિલરને નામે વહેંચાયેલી ઝેરી કેપ્સ્યૂલ્સ ગળનારો વધુ એક દર્દી નાલાસોપારાથી મળી આવ્યો હતો, જુલૂસમાં સામેલ હતો અને હોસ્પિટલમાં હાલ તેની સારવાર ચાલી રહી છે. બીજી તરફ જુલૂસમાં કૅપ્સ્યૂલ્સ વેચવા બદલ ધરપકડ કરાયેલા આરોપી ફૈયાઝ પ્રેમજીને સોમવારે કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેની પોલીસ કસ્ટડી પાંચ દિવસ સુધી વધારવામાં આવી હતી. ફૈયાઝે પોલીસને પૂછપરછમાં કહ્યું હતું કે પત્ની છોડી ગઇ હોવાથી હું દુનિયા સાથે બદલો લેવા માગતો હતો.

ભાયખલામાં મોહરમના જુલૂસ દરમિયાન ગિરદીનો લાભ લઇ ઝેરી કેપ્સ્યૂલ્સ વહેંચવામાં આવી હતી. ફરિયાદી સલમાન સૈયદ જણાવ્યું હતું કે બુરખો પહેરેલી મહિલા તેની પાસે આવી હતી અને તેને કૅપ્સ્યૂલ્સ ગળવા માટે આપી હતી. મહિલાને એ કૅપ્સ્યૂલ કોની પાસેથી લીધી એવું સલમાને પૂછતાં તેણે કહ્યું હતું કે જુલૂસમાં સામેલ અજાણી વ્યકિતએ તેને આપી હતી. કૅપ્સ્યૂલ્સ ખાધા બાદ સલમાનને ઊલટી થઇ હતી. તે ગોવંડીમાં ઘરે આવ્યા બાદ તેને બેચેની થવા લાગી હતી. મુંબઈમાં આવીને સારવાર લીધા બાદ તેણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ભાયખલા પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને કૅપ્સ્યૂલ્સ વેચવા બદલ આરોપીની ધરપકડ કરી હતી અને કોર્ટે તેને બે દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી, જે સોમવારે પૂરી થતી હોવાથી તેને ફરી કોર્ટમાં હાજર કરાયો હતો. કોર્ટે આરોપીની સાત દિવસની કસ્ટડીની માગણી કરી હતી, પરંતુ કોર્ટે પાંચ દિવસની કસ્ટડી વધારી આપી હતી. પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે નાલાસોપારામાં એક દર્દી મળી આવ્યો હતો, જે જુલૂસમાં હાજર હતો અને તેણે કૅપ્સ્યૂલ્સ ગળી હતી. ફૈયાઝ પ્રેમજીના મોબાઇલમાંથી કૅપ્સ્યૂલ્સ અને ઝિંક ફોસ્ફાઇડનું પગેરું મળ્યું હતું અને જ્યાંથી રૉ મટિરિયલ મગાવ્યું હતું એ કંપનીનું સરનામું પોલીસને મળ્યું છે. પોલીસની બે ટીમને બે રાજ્યમાં મોકલવામાં આવી હોવાનું પોલીસે કોર્ટને જણાવ્યું હતું. ■

# કૉન્ટ્રેક્ટ સાથે 'કમિશન'ની ચર્ચાઃ શિવસેનાના વિધાનસભ્યએ કરી સ્પષ્ટતા

કોલ્હાપુર : શિવસેનાના વિધાનાસભ્ય રાજેશ ક્ષીરસાગરે દાવો કર્યો છે કે એક વિડીયો ક્લિપમાં તેમને સરકારી કોન્ટ્રાક્ટર સાથે 'કમિશન'ની ચુકવણી અંગે ચર્ચા કરતા દર્શાવવામાં આવ્યા છે, તે એઆઈ નો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યો છે,જેમાં તેમનો અવાજ પણ ડબ કરવામાં આવ્યો છે. રવિવારે સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા આ વીડિયો વચ્ચે એક પત્રકાર પરિષદને સંબોધતા, ક્ષીરસાગરે વિપક્ષ, ખાસ કરીને કોંગ્રેસના એમએલસી સતેજ પાટિલ પર આકરા પ્રહારો કર્યા. તેમણે આ વીડિયોની તપાસ માટે સાયબર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

કોલ્હાપુર જિલ્લાના વિધાનસભ્ય ક્ષીરસાગરે કહ્યું કે તેમની ટીમ આ મામલાની તપાસ કરી રહી છે અને કાનૂની વિકલ્પો વિચારી રહી છે. ક્ષીરસાગરે દાવો કર્યો હતો કે વાયરલ ક્લિપ તેમની રાજકીય કારકિર્દીને નુકસાન પહોંચાડવા માટેના કાવતરાનો ભાગ છે. તેમણે ઉમેર્યું હતું કે આ વીડિયો ક્લિપ કોલ્હાપુર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના બે દિવસ પહેલા ૧૪ જાન્યુઆરીએ વાયરલ થયો હતો, જેમાં મહાયુતિ પહેલીવાર નાગરિક સંસ્થામાં સત્તા પર આવી છે. ■

# કૅરટેકરે મારઝૂડ કરતાં કાંદિવલીના આશ્રમમાંથી બે છોકરા નાસી ગયા

## દાદર સ્ટેશને મળી આવેલા છોકરાને પ્રવાસીએ પોલીસને સોંપ્યાઃ વિકલાંગ કૅરટેકર વિરુદ્ધ ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભણતર માટે કાંદિવલીના સ્વાગત આશ્રમમાં રાખવામાં આવેલા છોકરાની કૅરટેકર દ્વારા મારઝૂડ કરવામાં આવ્યા પછી બે છોકરા ત્યાંથી નાસી છૂટ્યા હતા. દાદર રેલવે પોલીસને બન્ને છોકરાએ જણાવેલી કથની પછી વિકલાંગ કૅરટેકર વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.

બાળકલ્યાણ સમિતિના આદેશ પછી ૧૧ વર્ષના છોકરાની ફરિયાદને આધારે ચારકોપ પોલીસે સ્વાગત આશ્રમના રાજેશ કુમાર (૨૧) વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. એક પગે વિકલાંગ રાજેશને આશ્રમમાં બાળકોની દેખભાળ કરવાની જવાબદારી સોંપાઈ હતી.

પોલીસ ફરિયાદ અનુસાર સપ્ટેમ્બર, ૨૦૨૫માં પિતાના નિધન પછી માતાએ ૧૧ વર્ષના દીકરાને ભણતર માટે કાંદિવલીના આશ્રમમાં દાખલ કરાવ્યો હતો. આશ્રમમાં મળસકે ચાર વાગ્યે ઊઠીને પાણી ભરવાનું કામ આ છોકરાને સોંપાયું હતું. પછી એકાદ કલાક ઊંઘી જઈને છ વાગ્યે કિચનમાં કામ કરવાનું કહેવામાં આવ્યું હતું.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ઊઠવામાં મોડું થતાં કૅરટેકર રાજેશે એક છોકરાને બૉટલ ફેંકીને મારી હતી, જ્યારે ૧૧ વર્ષના ફરિયાદીની બેરહેમીથી મારઝૂડ કરી હતી. બાદમાં ફરિયાદી અને આશ્રમમાં જ સાથે રહેતા ૧૪ વર્ષના સગીરને શાકભાજી ખરીદવા મોકલાયા હતા. શાકભાજીવાળા પાસેથી રાજેશના નામે ૧૦૦ રૂપિયા માગી બન્ને છોકરા ત્યાંથી નાસી છૂટ્યા હતા.

રિક્ષામાં કાંદિવલી સ્ટેશને પહોંચ્યા પછી ટ્રેનમાં દાદર સ્ટેશને ગયા હતા. ફરિયાદીની માતા અહિલ્યાનગર ખાતે રહેતી હોવાથી બન્ને છોકરાએ ત્યાં જવાનું નક્કી કર્યું હતું. જોકે એક પ્રવાસીની નજર બન્ને છોકરા પર પડતાં તેમને દાદર રેલવે પોલીસને સોંપાયા હતા. પૂછપરછમાં છોકરાએ આપેલી માહિતીને આધારે વધુ કાર્યવાહી કરાઈ હતી. બન્ને છોકરાને બાળસુધારગૃહમાં મોકલી દેવાયા હતા. રાજેશ વિરુદ્ધ પોલીસ વધુ તપાસ કરી રહી છે. ■

# મહારાષ્ટ્રની સ્કૂલોમાં મરાઠી ફરજિયાત

## ઉલ્લંઘન કરનારાની માન્યતા રદ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના શિક્ષણ પ્રધાન દાદા ભૂસેએ સોમવારે રાજ્ય વિધાનસભામાં એવી જાહેરાત કરી હતી કે રાજ્યની બધા જ માધ્યમની શાળાઓ માટે મરાઠી ભાષા શીખવવી અને તેની પરીક્ષા લેવી ફરજિયાત બનાવવામાં આવી છે અને જે સંસ્થાઓ આ નિયમોનું ઉલ્લંઘન કરશે તેમની માન્યતા રદ થઈ શકે છે.

પ્રશ્નકાળ દરમિયાન વિધાનસભામાં એક સવાલનો જવાબ આપતાં ભૂસેએ કહ્યું હતું કે રાજ્યની બધા જ માધ્યમની શાળાઓમાં પહેલીથી દસમા ધોરણ સુધી મરાઠી ભાષા શીખવવાનું સ્કૂલ્સ એક્ટ, ૨૦૨૦માં ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

સ્કૂલોએ ક્વોલિફાઈડ મરાઠી શિક્ષકો નિયુક્ત કરીને નિયમોનું પાલન કરવાનું રહેશે અને નિયમિત ઈન્સ્પેક્શન દ્વારા આ કરવામાં આવે છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવશે.

જો કોઈ સંસ્થા/સ્કૂલો નિયમનું પાલન નહીં કરતી હોય તો પહેલી વખત તેમને ભૂલ સુધારવા જણાવવામાં આવશે, બીજી વખત મરાઠી શીખવવામાં નિષ્ફળ જવા પર એક લાખ રૂપિયા સુધીનો દંડ કરવામાં આવશે. આમ છતાં જો મરાઠી શીખવવામાં નહીં આવતું હોય તો તેમનું માન્યતા રદ કરવામાં આવી શકે છે. ■

# - તો વાહનચાલકો સામે પહેલી જુલાઇથી કડક કાર્યવાહી

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વાહન ચાલકો માટે એક અત્યંત મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં પહેલી એપ્રિલ, ૨૦૧૯ પહેલાં નોંધાયેલા તમામ વાહનો પર હાઈ સિક્યોરિટી રજિસ્ટ્રેશન નંબર પ્લેટ લગાવવા માટે ૩૦મી જૂન, ૨૦૨૬ અંતિમ મુદત નક્કી કરવામાં આવી હતી. પહેલી જુલાઈથી આ નિયમનું પાલન નહીં કરનારા વાહનમાલિકો સામે મોટર વાહન કાયદા (મોટર વ્હીકલ એક્ટ) હેઠળ કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત, એચએસઆરપી પ્લેટ વગરના વાહનોના આરટીઓને લગતા અનેક મહત્વના કામો પણ અટકાવી દેવામાં આવશે. પરિવહન વિભાગ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, જે વાહનધારકોએ ૩૦ જૂન સુધીમાં એચએસઆરપી પ્લેટ લગાવવા માટે સત્તાવાર રીતે એપોઇન્ટમેન્ટ (બુકિંગ) લઈ લીધી હશે. ■

# એનસીપીના વિધાનસભ્યએ પોલીસ ઇન્સ્પેક્ટર વિરુદ્ધ વિશેષાધિકાર ભંગની માગણી કરી

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ના વિધાન સભ્ય જિતેન્દ્ર આવ્હાડએ સોમવારે મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષને એક વરિષ્ઠ પોલીસ ઇન્સ્પેક્ટર વિરુદ્ધ વિશેષાધિકાર ભંગની નોટિસ સુપરત કરી હતી. વિધાનસભામાં બોલતા આવ્હાડએ ગયા અઠવાડિયે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં ગૃહમાં ચર્ચાનો ઉલ્લેખ કર્યો હતો. સરકાર ડ્રગ્સ સાથે સંકળાયેલા કેસોમાં પોલીસ સ્ટેશનને જવાબદાર ઠેરવે અને જ્યાં નશીલા દ્રવ્યો મળી આવે છે તે પોલીસ સ્ટેશનના નિરીક્ષકોને કારણદર્શક નોટિસ જારી કરે એવું સૂચન સરકારને કર્યું હોવાની સ્પષ્ટતા કરી વિધાનસભ્યએ જણાવ્યું હતું કે તેમની ટિપ્પણી સામાન્ય નીતિ સૂચન તરીકે કરવામાં આવી હતી અને તે કોઈ વ્યક્તિગત અધિકારી તરફ નિર્દેશિત નથી. મુંબ્રા પોલીસ સ્ટેશનના વરિષ્ઠ પોલીસ ઇન્સ્પેક્ટર અનિલ શિંદેએ એવી રીતે વર્તન કર્યું હતું કે જેનાથી તેમને રાજકીય રીતે નિશાન બનાવવામાં આવ્યા હતા એવો દાવો પણ તેમણે કર્યો હતો. ■

# સરકાર તરફથી 'સત્યમેવ જયતે ફાર્મર કપ-૨૦૨૬'નો પ્રારંભ

મુંબઈ : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે 'સત્યમેવ જયતે ફાર્મર કપ ૨૦૨૬' ની શરૂઆત કરી. તેમણે તેને કૃષિમાં પરિવર્તન લાવવા અને આગામી વર્ષોમાં ૫૦ લાખ ખેડૂતોને જૂથ ખેતી હેઠળ લાવવાના લક્ષ્ય માટે રાજ્યવ્યાપી ચળવળ તરીકે વર્ણવ્યું.

પાની ફાઉન્ડેશનના સહયોગથી તેમના સત્તાવાર નિવાસસ્થાને આ પહેલનો શુભારંભ કરાવતા, ફડણવીસે કહ્યું કે આ કાર્યક્રમ માત્ર એક સ્પર્ધા નથી પરંતુ રાજ્યમાં કૃષિનો ચહેરો બદલવાના હેતુથી એક જન આંદોલન છે. ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે આ પહેલ હેઠળ રચાયેલા ૧૮,૦૦૦ ખેડૂત જૂથો મહારાષ્ટ્રના કૃષિ પરિવર્તન પાછળનું પ્રેરક બળ બનશે.

સત્યમેવ જયતે ખેડૂત કપ એ મહારાષ્ટ્રના ખેડૂતો વચ્ચે કૃષિ ક્ષેત્રે શ્રેષ્ઠ કાર્ય કરવા માટે એક સ્પર્ધા છે. પાની ફાઉન્ડેશનની વેબસાઇટ અનુસાર, આ સ્પર્ધા દ્વારા, ફાઉન્ડેશન વૈજ્ઞાનિક જ્ઞાન અને સહકારનું એક ઇકોસિસ્ટમ બનાવી રહ્યું છે જેથી આબોહવા-સુમેળ દ્વારા ખેડૂતોની આજીવિકામાં સુધારો થાય.

પાની ફાઉન્ડેશનના સ્થાપક અને અભિનેતા આમિર ખાને જણાવ્યું હતું કે ભારતનું વિકસિત રાષ્ટ્ર બનવાનું લક્ષ્ય તેના ખેડૂતોની સમૃદ્ધિ પર આધારિત છે.

એક સત્તાવાર પ્રકાશન અનુસાર ખાને પડકારજનક ચોમાસાના પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીને ગામડાઓમાં જળ સંરક્ષણ કાર્યો ઝડપી બનાવવા હાકલ કરી હતી. ■




# ૯૨મી મિનિટમાં ગોલ સાથે જ યજમાન કૅનેડા પહેલીવાર પ્રી-ક્વૉર્ટર ફાઈનલમાં

### સ્ટીફન ગુસ્ટેકીઓના ગૉલ્ડન ગોલનો લીધે સાઉથ આફ્રિકા આઉટ





કેલિફોર્નિયાઃ ગઈ કાલે લોસ ઍન્જલસ સ્ટેડિયમમાં ફિફા વર્લ્ડ કપના સહ યજમાન કૅનેડાએ સાઉથ આફ્રિકાને અત્યંત રોચક મુકાબલામાં ૧-૦થી હરાવીને પહેલી જ વખત પ્રી ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. કૅનેડા આ ટૂર્નામેન્ટ પહેલાં પોતાની તમામ છ વર્લ્ડ કપ મેચ હાર્યું હતું.

## કૅનેડા પ્રથમ દેશ બન્યો

આ વર્લ્ડ કપના કુલ ત્રણ યજમાન છે, અમેરિકા કૅનેડા અને મેક્સિકો.

૧૧મી જૂને પ્રથમ મેચ મેક્સિકોમાં રમાઈ હતી અને ફાઇનલ ૧૯મી જુલાઈએ અમેરિકામાં રમાવાની છે. ત્રીજા સહ યજમાન તરીકે કૅનેડાનું મહત્ત્વ અત્યાર સુધી થોડું ઢંકાઈ ગયું હતું, પરંતુ ત્રણેય યજમાનમાં કૅનેડા પ્રી ક્વૉર્ટરમાં પહોંચનાર આ પ્રથમ દેશ બન્યો છે.

## સાઉથ આફ્રિકા આઉટ

કુલ ૪૮ દેશની ટીમોએ આ વર્લ્ડ કપમાં ભાગ લીધો. એમાંથી ૧૬ ટીમ ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ છે અને ૩૨ ટીમ વચ્ચે સોમવારે નોકઆઉટ રાઉન્ડ શરૂ થયો જેમાંથી હવે સાઉથ આફ્રિકાની ટીમ બહાર થઈ ગઈ છે.

સાઉથ આફ્રિકા બહાર થયું એ પહેલાં એની સામેની કૅનેડાની સોમવારની મુખ્ય મેચની ૯૦ મિનિટ સુધી બંને ટીમ ૦-૦થી બરાબરીમાં હતી. બંને ટીમના ડિફેન્ડરોએ હરીફ અટેકર્સને એક પણ ગોલ કરવામાં સફળ નહોતા થવા દીધા.

## છેક ૯૨મી મિનિટમાં ગોલ

જોકે એ ૯૦ મિનિટ પછીના ઇન્જરી ટાઈમની બીજી મિનિટમાં (૯૨મી મિનિટમાં) કૅનેડાના સ્ટીફન યૂસ્ટેકીઓએ પેનલ્ટી એરિયાની એક કોરેથી કિક મારીને નીચા શોટમાં બોલ નેટમાં મોકલી દીધો હતો અને આ ગોલ્ડન ગોલ સાથે કેનેડાએ ૧-૦થી વિજય મેળવી લીધો હતો.

## કૅનેડાના કોચ બેહદ ખુશ

કૅનેડા પહેલી જ વખત વર્લ્ડ કપ યોજી રહ્યું છે અને એમાં એણે પોતાના ફૂટબોલ ઇતિહાસમાં પ્રથમ વાર પ્રી ક્વૉર્ટર ફાઇનલમાં એન્ટ્રી કરી છે જેમાં એણે શનિવારે નેધરલેન્ડ્સ અથવા મોરક્કો સામે રમવું એવું નક્કી થયું હતું. કૅનેડાના કોચ જેસી માર્શ બેહદ ખુશ હતા અને મેચ પછી તેમણે તમામ ખેલાડીઓને બોલાવીને કહ્યું હતું કે 'તમે કૅનેડાને બહુ મોટું ગૌરવ અપાવ્યું છે અને આવનારા વર્ષોમાં કૅનેડા ફૂટબોલમાં વધુ પ્રગતિ કરશે તો એનો પહેલો જશ તમને આપવામાં આવશે.' ■

### આજે ફિફા વર્લ્ડકપમાં રમાશે ત્રણ મૅચ

## ફ્રાન્સ-સ્વીડન વચ્ચે રોમાંચક થશે મુકાબલો

રાઉન્ડ ઓફ ૩૨માં સ્વીડન અને ફ્રાન્સ વચ્ચે રોમાંચક મુકાબલો જોવા મળી શકે છે. બન્ને ટીમો શાનદાર ફોર્મમાં છે. આ મેચની વિજેતા ટીમ જર્મની અથવા પેરાગ્વેનો સામનો કરશે. ગ્રૂપ-આઈમાં સેનેગલ, ઇરાક અને નોર્વેને હરાવીને ફ્રાન્સે ૧૯૯૮ ના વર્લ્ડ કપ પછી પહેલી વાર કોઈ મોટી ટુર્નામેન્ટમાં તેમની બધી ગ્રુપ-સ્ટેજ મેચ જીતી છે.

ફ્રાન્સે તેમની છેલ્લી ચાર વર્લ્ડ કપ મેચોમાં ઓછામાં ઓછા ત્રણ ગોલ કર્યા છે. ફિફાની મુખ્ય સ્પર્ધાના ઇતિહાસમાં કોઈ પણ ટીમે સતત પાંચ મેચમાં ક્યારેય ત્રણ ગોલ કર્યા નથી. કિલિયન એમ્બાપ્પે અને ઓસ્માન ડેમ્બેલે બંનેએ ટુર્નામેન્ટમાં ચાર ગોલ કર્યા છે. શુક્રવારે નોર્વે સામે ૪-૧થી વિજય મેળવતા એમ્બાપ્પેની હેટ્રિકથી ગ્રુપ-આઈમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ જોડીએ સાથે મળીને પણ સારું પ્રદર્શન કર્યું છે. તેઓએ વર્લ્ડ કપમાં પાંચ ગોલ કર્યા છે, જેમાં એમ્બાપ્પેએ ડેમ્બેલેને બે ગોલમાં મદદ કરી છે. આ બંને ખેલાડીઓ સાથે માઈકલ ઓલિસ અને ડેસિરે ડુએ હોવાથી ફ્રાન્સને કોણ રોકશે તે જોવું રસપ્રદ રહેશે. જોકે સ્વીડન ફ્રાન્સને પડકાર આપી શકે છે. તે ગ્રુપ-એફમાં નેધરલેન્ડ્સ અને જાપાન પછી ત્રીજા સ્થાને રહ્યું હતું, તે ફ્રાન્સની બેકલાઇનને પડકારી શકે છે અને આંચકો આપવા માટે આગથી લડી શકે છે. ■

## મેક્સિકોના ડિફેન્સને ભેદવું ઈક્વેડૉર માટે મુશ્કેલ

ઇક્વાડોર વર્લ્ડ કપના અંતિમ તબક્કામાં મજબૂત વાપસી કરી રહ્યું છે. જોકે, તેમની સામે એક મોટો પડકાર મેક્સિકોની ટીમના મજબૂત ડિફેન્સને ભેદવાનો રહેશે. તે કોઈપણ ટીમ માટે એક મુશ્કેલ માનસિક કસોટી સાબિત થશે. ઇક્વાડોરને રાઉન્ડ ઓફ ૩૨માં પહોંચવા માટે મુશ્કેલ અને પડકારજનક રહ્યું છે. તેઓ તેમની પહેલી મેચમાં આઇવરી કોસ્ટ સામે ૦-૧ થી હારી ગયા હતા. તે પછી મજબૂત પ્રતિસ્પર્ધી સામે રોમાંચક ગોલ રહિત ડ્રો તેમનો એકમાત્ર પડકાર સાબિત થયો. જો કે, નિર્ણાયક ક્ષણોમાં તેમની મક્કમતાએ સાંકડી જીત મેળવવામાં અને વિશ્વની સૌથી મોટી ફૂટબોલ ટુર્નામેન્ટમાં તેમની આશાઓને જીવંત રાખવામાં મદદ કરી હતી. મેક્સિકો તેમના ઘરઆંગણાના મેદાનનો લાભ ઉઠાવીને ૯૦ મિનિટની અંદર મેચ જીતવા માટે કટિબદ્ધ છે. દરમિયાન, ઇક્વાડોરને મેક્સિકો સિટીમાં અપસેટ સર્જવા માટે ગ્રૂપ સ્ટેજમાં રમેલી રમતનું પુનરાવર્તન કરવું પડશે. ■

## નોર્વે સામે જીતીને અપસેટ કરવા માગશે આઇવરી કોસ્ટ

આઇવરી કોસ્ટ અને નોર્વે મંગળવારે ડલ્લાસમાં રમાનારી રાઉન્ડ ઓફ ૩૨ની મેચમાં જીત હાંસલ કરીને વર્લ્ડકપમાં પોતાની સફર આગળ વધારવા માગશે. નોર્વે છ પોઈન્ટ સાથે ગ્રુપ-આઈમાં બીજા સ્થાને રહીને નોકઆઉટ તબક્કામાં પ્રવેશ કર્યો. અપેક્ષા મુજબ, નોર્વેની અંતિમ ગ્રુપ મેચમાં આરામ આપવામાં આવ્યો હોવા છતાં એર્લિંગ હાલેન્ડ ચાર ગોલ સાથે તેમનો ટોચનો ગોલ સ્કોરર રહ્યો છે. આઇવરી કોસ્ટે જર્મની પછી બીજા સ્થાને રહીને રાઉન્ડ ઓફ ૩૨માં પ્રવેશ કર્યો હતો. નોર્વેની જેમ તેઓએ પણ ત્રણમાંથી બે મેચ જીતી. તેમની યુવા ટીમે સારું પ્રદર્શન કર્યું છે અને રાઉન્ડ ઓફ ૧૬માં સ્થાન મેળવીને આગળ વધવાનો પ્રયાસ કરશે જ્યાં તેઓ બ્રાઝિલ અથવા જાપાનનો સામનો કરશે. ■

### ફિફા વર્લ્ડ કપમાં સઉદી-કતારનો ફ્લૉપ શો

## અબજો ડૉલરનું રોકાણ પણ સફળતાની ગૅરન્ટી નથી બની શકતું એ ફરી પુરવાર થયું

એટલાન્ટાઃ ફૂટબોલ વર્લ્ડ કપમાં ફરી એકવાર સાબિત થયું છે કે અબજો ડૉલરનું રોકાણ સફળતાની ગૅરન્ટી નથી. સઉદી અરેબિયા અને કતાર જેવા ગલ્ફ દેશોએ વર્ષોથી ફૂટબોલની માળખાગત સુવિધાઓ અને વૈશ્વિક સ્ટાર ખેલાડીઓ પર ખૂબ ખર્ચ કર્યો છે, છતાં તેમને વર્તમાન વર્લ્ડ કપમાં શરમજનક હારનો સામનો કરવો પડ્યો છે. તેનાથી વિપરીત અત્યંત મર્યાદિત સંસાધનો ધરાવતા આફ્રિકન દેશોએ તેમના પ્રભાવશાળી પ્રદર્શનથી વિશ્વને આશ્વર્યચકિત કરી દીધા છે.

સઉદી અરેબિયા અને કતાર જેવા ખાડી દેશોએ ફૂટબોલ અને તેના માળખાગત સુવિધાઓમાં ભારે રોકાણ કર્યું, પરંતુ ફીફા વર્લ્ડ કપમાં પરિણામ શૂન્ય મળ્યું હતું આનાથી સાબિત થયું કે અબજોનું રોકાણ રમતના સૌથી મોટા સ્ટેજ પર સફળતાની ગેરન્ટી આપતી નથી.

સઉદી અરેબિયા ફરી એકવાર ગ્રૂપ સ્ટેજથી આગળ વધવામાં નિષ્ફળ ગયું. તે એવા ગ્રૂપમાં સૌથી નીચે રહ્યું જેમાં કેપ વર્ડેનો પણ સમાવેશ થતો હતો, જે વર્લ્ડ કપમાં ભાગ લેનાર ત્રીજો સૌથી નાનો દેશ હતો અને પહેલી વાર નોકઆઉટ રાઉન્ડમાં પહોંચ્યો હતો. સાઉદી અરેબિયાએ તાજેતરના વર્ષોમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડો, નેમાર અને કરીમ બેન્ઝેમા જેવા ખેલાડીઓને તેના ક્લબમાં સાઇન કરીને તેના ફૂટબોલમાં પરિવર્તન લાવ્યું છે. તેણે ૨૦૩૪ વર્લ્ડ કપ માટે હોસ્ટિંગ રાઇટ્સ પણ મેળવ્યા હતા પરંતુ અમેરિકામાં રમાઈ રહેલા ફીફા વર્લ્ડકપમાં તેનું પ્રદર્શન સ્પષ્ટ કરે છે કે તેને હજુ પણ લાંબી મજલ કાપવાની બાકી છે.

ચાર વર્ષ પહેલાં વર્લ્ડ કપનું આયોજન કરનાર કતાર ફક્ત ત્રણ મેચ પછી બહાર ફેંકાઈ ગયું. અન્ય ખાડી દેશો ઈરાન અને ઇરાકના હાલ પણ આવા જ થયા. વર્તમાન વર્લ્ડ કપમાં દસમાંથી નવ આફ્રિકન ટીમો નોકઆઉટ રાઉન્ડમાં પહોંચી ગઈ છે પરંતુ ગલ્ફ દેશો છાપ છોડવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. આફ્રિકન દેશો પાસે ગલ્ફ દેશોની જેમ ફૂટબોલ પર ખૂબ ખર્ચ કરવા માટે સંસાધનો નથી. કેપ વર્ડે સામે ગોલ વિનાની ડ્રો મેચે ૧૯૯૪ પછી પહેલીવાર ગ્રૂપ સ્ટેજથી આગળ વધવાની સઉદી અરેબિયાની આશાઓ પર પાણી ફેરવી દીધું. તેઓની ત્રણમાંથી બે મેચ ડ્રો રહી અને તેમના ગ્રૂપમાં ચોથા સ્થાને રહ્યા હતા.

કતારે સ્વિટ્ઝર્લૅન્ડ સામે મોડેથી બરાબરી કરીને તેમનો પ્રથમ વર્લ્ડ કપ પોઈન્ટ મેળવ્યો પરંતુ તેમની બાકીની બે મેચ હારી ગઈ. જોકે, કતારને ફક્ત એક પોઈન્ટથી સંતોષ માનવો પડ્યો હતો. કતારના કોચ જુલેન લોપેટગુઈએ કહ્યું, ''મને લાગે છે કે આ દર્શાવે છે કે ઓછામાં ઓછા અમે આવી મેચોમાં સ્પર્ધા કરવા સક્ષમ છીએ. અમે ફૂટબોલમાં અમારા ભવિષ્ય વિશે ચોક્કસપણે આશાવાદી છીએ.''

ઈરાન ૧૯૭૮થી વર્લ્ડ કપમાં રમી રહ્યું છે. અમેરિકા સામેના યુદ્ધને કારણે મુસાફરી અને વીઝાની મુશ્કેલીઓ હોવા છતાં તેણે તેની ત્રણેય મેચ ડ્રો કરી અને નોકઆઉટમાં સ્થાન મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. સાત વખત વર્લ્ડ કપમાં ભાગ લેવા છતાં ટીમ ક્યારેય ગ્રૂપ સ્ટેજથી આગળ વધી શકી નથી. આ જ વાત ઇરાકને પણ લાગુ પડે છે, જેણે ૪૦ વર્ષમાં બે વર્લ્ડ કપ રમ્યા છે. ■

## વર્લ્ડ કપમાં હાર બાદ મળ્યા સારા સમાચાર, ૨૦૨૮ ઓલિમ્પિક્સ માટે ભારતીય મહિલા ટીમે કર્યું ક્વોલિફાય

નવી દિલ્હીઃ આઈસીસી મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ટીમ ઈન્ડિયાની સફર ભલે ગ્રૂપ સ્ટેજમાં જ સમાપ્ત થઈ ગઈ હોય, પરંતુ હરમનપ્રીત કૌરની કેપ્ટનશિપ હેઠળની ટીમ માટે સારા સમાચાર છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમ લોસ એન્જલસ ઓલિમ્પિક્સ ૨૦૨૮ માટે ક્વોલિફાય થઈ ગઈ છે. ઓસ્ટ્રેલિયા સામે છ વિકેટથી હાર સાથે ભારતનું સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું હતું, પરંતુ હવે તે ઓલિમ્પિક્સ ૨૦૨૮ માટે ક્વોલિફાય થઈ હતી.

સોમવારે આઈસીસીએ ૧૨૮ વર્ષ પછી ઓલિમ્પિક્સમાં ક્રિકેટની વાપસી માટે ક્વોલિફાય પ્રક્રિયાની જાહેરાત કરી. આ સાથે ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાય થનારી પ્રથમ ચાર મહિલા ટીમોના નામ પણ જાહેર કરાયા હતા જેમાં ભારતીય ટીમનો પણ સમાવેશ થાય છે.

આઈસીસીના નવા નિયમો હેઠળ, એશિયાને ફક્ત એક જ સીધો ક્વોટા મળ્યો અને તે ભારતને મળ્યો છે. નિયમો અનુસાર, આફ્રિકા, એશિયા, યુરોપ અને ઓશનિયામાંથી એક-એક ટીમને સીધો પ્રવેશ મળવાનો હતો. પરિણામે ભારત (એશિયા), ઓસ્ટ્રેલિયા (ઓશિનિયા), દક્ષિણ આફ્રિકા (આફ્રિકા) અને ગ્રેટ બ્રિટન (યુરોપ) ૨૦૨૮માં લોસ એન્જલસ ઓલિમ્પિક્સમાં મહિલા ક્રિકેટ ઇવેન્ટ માટે ક્વોલિફાય થનારી પ્રથમ ચાર ટીમો બની હતી.

વિવિધ ખંડોમાંથી ચાર ક્વોટા સ્થાનો રેન્કિંગના આધારે નક્કી કરવામાં આવશે. આઈસીસીએ જણાવ્યું હતું કે, આઈસીસી પુરુષ ટી-૨૦ ટીમ રેન્કિંગમાં મહાદ્વીપોના આધાર પર સૌથી વધુ રેન્કિંગ ધરાવતી રાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિને આ ચાર સ્થાન માટે ફાળવવામાં આવશે. કટ-ઓફ તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ છે.

યજમાન અમેરિકાને પુરુષો અને મહિલાઓની કેટેગરીમાં એક ક્વોટા સ્થાન મળશે કારણ કે તેઓ ક્વોલિફિકેશન સમયગાળા દરમિયાન ૧૫મા કે તેથી વધુ ક્રમાંકિત થવાના આઈસીસી માપદંડોને પૂર્ણ કરે છે. ફાઇનલ ઓલિમ્પિક્સ ગ્લોબલ ક્વોલિફિકેશન ટૂર્નામેન્ટ પુરુષો અને મહિલાઓની શ્રેણીઓ માટે અલગથી યોજાશે જેની તારીખો પછીથી નક્કી કરાશે.

## ન્યૂ ઝીલૅન્ડે ટેસ્ટ શ્રેણી જીતી : બેન સ્ટોક્સની કડવી વિદાય

નોટિંગહામઃ ન્યૂ ઝીલૅન્ડે સોમવારે ટ્રેન્ટ બ્રીજ ખાતેની બીજી ટેસ્ટમાં વિજય મેળવીને ચોથી વાર ઈંગ્લૅન્ડમાં ટેસ્ટશ્રેણી જીતી હતી. કિવીએ આમ કરીને ઈંગ્લૅન્ડના કૅપ્ટન બૅન સ્ટોક્સની વિદાય બગાડી હતી. બૅને આ ટેસ્ટ પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. ઈંગ્લૅન્ડને જીતવા માટે ૩૭૩ રન કરવાના હતા. આ દેશે ચાર વિકેટે ૧૦૩ રનથી દાવ આગળ વધાર્યો હતો. ગૃહ ટીમ ૨૧૨માં તંબુભેગી થઈ હતી. કિવીએ ૧૯૮૬, ૧૯૯૯ અને ૨૦૨૧માં પણ ઇંગ્લૅન્ડની ધરતી પર શ્રેણી જીતી હતી.

બેટસમેન ડેરીલ મિચેલે કહ્યું હતું કે અમારો દેશ નાનો અને પૃથ્વીના નીચાણમાં છે. આમ છતાં અમે અમારી કામગીરી સારી કરી એનો અમને ગર્વ છે. મિચેલે અણનમ સદી ફટકારી હતી. અમને અમારી ટીમ પર પણ ગર્વ છે એમ તેણે કહ્યું હતું.

કિવી કૅપ્ટન ટોમ લાથમે કહ્યું હતું કે શ્રેણીવિજય ખાસ છે. લાથમે પહેલી ઈનિંગ્ઝમાં સદી ફટકારી હતી. બૅને ૧૫ વર્ષ રાષ્ટ્રીય ટીમમાં સેવા બજાવ્યા બાદ નિવૃત્તી જાહેર કરી હતી. તે ચાર વર્ષથી કૅપ્ટન હતો. તે ૩૦ રનમાં આઉટ થયો હતો.

તેણે કહ્યું હતું કે શ્રેણીવિજય મળ્યો હોત તો સારું થાત, પરંતુ વિશ્વ આપણા પ્રમાણેનું આદર્શ નથી. ૨૦૧૨ પછી ઈંગ્લૅન્ડ ઘરઆંગણે પહેલી વાર શ્રેણી હાર્યું હતું. (એજન્સી) ■

## 'વૈભવ ઇન્ટરનેશનલ ક્રિકેટ માટે તૈયાર પણ...'

### આમ કહ્યું સહાયક કૉચે અને ઉમેર્યું કે આયરલૅન્ડ સામે હાર્યા એ માન્યામાં નથી આવતું




બેલફાસ્ટ : ભારતીય ક્રિકેટ ટીમના સહાયક કોચ રાયન ટેન ડોશેટેએ સ્વીકાર કર્યો હતો કે તેમને વિશ્વાસ નથી થઈ રહ્યો કે વિશ્વ ચેમ્પિયન ટી-૨૦ ટીમ આયરલેન્ડ સામે બંને મેચ હારી ગઈ અને કહ્યું હતું કે તેમના ખેલાડીઓ પરિસ્થિતિઓ સાથે અનુકૂળ થવામાં નિષ્ફળ રહ્યા હતા. ભારત સામેની પ્રથમ મેચ ૩૪ રન અને બીજી મેચમાં એક રનથી આયરલેન્ડનો વિજય થયો હતો.

તેમણે કહ્યું હતું કે અમે બધા વૈભવને રમતો જોવા માટે ઉત્સાહિત છીએ પરંતુ તેને પણ આ જ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે કોઈને તેની ક્ષમતા પર શંકા નથી. મેચ પછી ડોશેટે પત્રકારોને જણાવ્યું હતું કે, અમને વિશ્વાસ થઈ રહ્યો નથી કે અમે હમણા જ વર્લ્ડકપ જીત્યો છે પરંતુ અમને એક એવી ટીમે હાર આપી છે જેણે મૂળભૂત બાબતો પર ખૂબ ધ્યાન આપ્યુ હતું.

ભારતના સહાયક કોચ રાયન ટેન ડોશેટે કહ્યું હતું કે વૈભવ સૂર્યવંશી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવા માટે તૈયાર છે, પરંતુ એમણે સ્પષ્ટ કર્યું કે પ્રતિભાશાળી ૧૫ વર્ષીય બેટ્સમેનને ડેબ્યૂ કરતા પહેલા ટીમના અન્ય ખેલાડીઓની જેમ જ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. સૂર્યવંશીને આયરલેન્ડ સામેની બે મેચની ટી-૨૦ શ્રેણીમાં ડેબ્યૂ કરવાની તક મળી ન હતી

ડોશેટે મેચ પછી પત્રકારોને જણાવ્યું હતું કે, તે (સૂર્યવંશી) આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમાં કોઈ શંકા નથી, પરંતુ સંજૂ સેમસન પણ એક એવો ખેલાડી છે જેણે ત્રણ મહિના પહેલા આપણને વર્લ્ડ કપ જીતવામાં મોટી ભૂમિકા ભજવી હતી. ■

## કિદામ્બી શ્રીકાંતનું સ્વપ્ન ચકનાચૂર યુએસ બેડમિન્ટનની ફાઈનલમાં હાર્યો



ફુલર્ટન (અમેરિકા) : અનુભવી ભારતીય શટલર કિદામ્બી શ્રીકાંતનું સીઝનનું પહેલું ટાઇટલ જીતવાનું સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું છે. યુએસ ઓપન સુપર ૩૦૦ બેડમિન્ટન ટૂર્નામેન્ટની રોમાંચક ફાઇનલમાં ૩૩ વર્ષીય ખેલાડીને રનર-અપ સાથે સંતોષ માનવો પડ્યો હતો. .

કિદામ્બી શ્રીકાંતને તેના કરતાં નવ વર્ષ નાના ચીની તાઈપેઈના સુ લી યાંગ સામે જોરદાર લડત આપવા છતાં ત્રણ ગેમની મેચમાં યુએસ ઓપન સુપર ૩૦૦ બેડમિન્ટન ટૂર્નામેન્ટની મૅન્સ સિંગલ્સની ફાઇનલમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

વિશ્વના ૩૮મા ક્રમાંકિત શ્રીકાંત પ્રથમ ગેમ હાર્યા બાદ જોરદાર વાપસી કરી હતી પરંતુ વિશ્વના ૪૬મા ક્રમાંકિત સુની ગતિનો મુકાબલો કરી શક્યો ન હતો અને અંતે એક કલાકથી વધુ ચાલેલી મેચમાં ૧૫-૨૧, ૨૧-૧૬, ૯-૨૧થી હાર મળી હતી. શ્રીકાંત ગયા વર્ષે મલેશિયા માસ્ટર્સ સુપર ૫૦૦ અને સૈયદ મોદી ઇન્ટરનેશનલ સુપર ૩૦૦માં પણ બીજા સ્થાને રહ્યો હતો.

સીઝનની પોતાની પહેલી ફાઇનલ રમતા સુએ પહેલી ગેમની શરૂઆત સારી રીતે કરી હતી, પરંતુ તેણે શ્રીકાંતની ભૂલોનો ફાયદો ઉઠાવ્યો અને ૭-૨ની લીડ મેળવી હતી. શ્રીકાંતે વળતો પ્રહાર કર્યો અને આગામી ૧૧ પોઈન્ટમાંથી આઠ જીતીને સ્કોર ૧૦-૧૦ પર બરાબર કર્યો. જોકે, બ્રેક પછી ચીની તાઈપેઈના ખેલાડીએ શાનદાર વાપસી કરી ૧૭-૧૨ની લીડ મેળવી હતી.

બીજી ગેમમાં શ્રીકાંતે સતત ત્રણ પોઈન્ટ જીતીને ૭-૪ની લીડ મેળવી, પરંતુ સુએ ટૂંક સમયમાં ૮-૮ની બરાબરી કરી હતી. શ્રીકાંતે પોતાની લીડ જાળવી રાખી તેને ૧૮-૧૩ સુધી લંબાવી અને પછી સાત ગેમ પોઈન્ટ મેળવ્યા. સુએ ત્રણ ગેમ પોઈન્ટ બચાવ્યા, પરંતુ શ્રીકાંતે એક શક્તિશાળી સ્મેશ સાથે મેચ બરાબર કરી. નિર્ણાયક રમતમાં સુએ આક્રમક શરૂઆત કરી અને ૪-૧ની લીડ મેળવી. શ્રીકાંતે ભૂલો કરી પરંતુ ચીની તાઇપેઈના ખેલાડીએ આક્રમક રમત ચાલુ રાખી, તેની લીડ ૧૫-૭ સુધી લંબાવી હતી. ■

## વેનેઝુએલાના ભૂકંપ પીડિતોની વહોર નેમાર

હ્યુસ્ટનઃ બ્રાઝિલના સ્ટાર ફૂટબોલર નેમાર જૂનિયરે ભૂકંપ પ્રભાવિત વેનેઝુએલાની મદદ માટે અઢી લાખ ડોલરનું દાન આપ્યું હતું. એક મીડિયા રિપોર્ટ અનુસાર, આ રકમનો ઉપયોગ રાહત અને બચાવ કામગીરી માટે થશે. જેમાં અસરગ્રસ્તોને ભોજન, પીવાનું પાણી, દવા અને આશ્રય આપવામાં આવશે. આ મુશ્કેલ સમયમાં વેનેઝુએલાના લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા નેમારે આશા વ્યક્ત કરી કે તેની આ નાની મદદથી અસરગ્રસ્ત પરિવારોને રાહત અને હિંમત આપશે. તેણે કહ્યું હતું કે, મારું હૃદય વેનેઝુએલાના લોકો સાથે છે. મને આશા છે કે આ યોગદાન આ મુશ્કેલ સમયમાં અસરગ્રસ્ત પરિવારોને મદદ કરશે. ■

## જીત પછી ઝટકોઃ આયરલૅન્ડના ટીમના કૉચનું ઓચિંતું રાજીનામું



ડબ્લીનઃ આયરલૅન્ડની ક્રિકેટ ટીમને મોટો ઝટકો લાગ્યો છે. જેમાં મુખ્ય કૉચ હેન્રિક મલાને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. આયરલૅન્ડની ટીમે તાજેતરમાં જ ભારત વિરુદ્ધ ટી-૨૦ શ્રેણી વિજયની ઉજવણી કરી હતી. આ અંગે આયરલૅન્ડે ક્રિકેટ બોર્ડની સત્તાવાર પુષ્ટિ કરી છે.

**મલાન ૨૦૨૨માં મુખ્ય કોચ બન્યા હતા**

દક્ષિણ આફ્રિકાના ૪૫ વર્ષીય હેન્રિક મલાન ૨૦૨૨ માં આયરલૅન્ડ ટીમના મુખ્ય કોચ બન્યા હતા. તેમના કાર્યકાળની અંતિમ મેચ યાદગાર સાબિત થઈ. જેમાં રવિવારે બેલફાસ્ટમાં રમાયેલી મેચમાં આયરલૅન્ડે ભારતને એક રનથી હરાવીને ટી-૨૦ શ્રેણી ૨-૦ થી જીતી હતી. આ શ્રેણીની શરૂઆતમાં આયરલૅન્ડે ભારતને ૩૪ રનથી હરાવ્યું હતું. જે 'મેન ઇન બ્લુ' સામે ટીમનો પ્રથમ વિજય હતો.

**ગેરી વિલ્સન નવા કોચ**

જોકે, મલાન પદ છોડવાનો નિર્ણય લઈને બધાને આશ્ચર્યચકિત કરી દીધા. જોકે તેમનો કરાર ૨૦૨૭ ની શરૂઆત સુધીનો હતો પરંતુ તેમણે તે પૂર્વે જ રાજીનામું આપી દીધું હતું. આયરલૅન્ડ ક્રિકેટ બોર્ડે હવે ભૂતપૂર્વ વિકેટકીપર ગેરી વિલ્સનને નવા કોચ તરીકે નિયુક્ત કર્યા છે. વિલ્સન ઓગસ્ટમાં અફઘાનિસ્તાન સામેની પાંચ મેચની શ્રેણી દરમિયાન મુખ્ય કોચ તરીકે તેમનો નવો કાર્યકાળ શરૂ કરશે. ■

# અખાતી અજંપામાં વધારો થતાં સેન્સેક્સ ૩૭૨ પોઈન્ટ ગબડ્યો, નિફ્ટી ૨૩,૯૫૦ની નીચે સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મધ્ય પૂર્વમાં ઈરાન અને યુએસ વચ્ચેના સંઘર્ષમાં નવા ઉછાળાને કારણે રોકાણકારોમાં ફરી ગભરાટનો માહોલ સર્જાતા સેન્સેક્સ અને નિફ્ટી સુધારાની ચાલ છોડીને સપ્તાહના પહેલા સત્રમાં અડધો ટકા સુધી ગબડ્યા હતા. ડોલરની મજબૂતી અને ક્રૂડઓઇલના ભાવ વધારાને કારણે સેન્સેક્સ ૩૭૨.૧૦ પોઈન્ટ અથવા ૦.૪૮ ટકા ઘટીને ૭૬,૭૨૮.૩૭ પર બંધ થયો, જ્યારે નિફ્ટી ૧૦૯.૭૫ પોઈન્ટ અથવા ૦.૪૬ ટકા ઘટીને ૨૩,૯૪૬.૨૫ પર બંધ થયો હતો.

સાર્વત્રિક વેચવાલીના માહોલમાં વ્યાપક બજારોમાં પણ જોરદાર ધોવાણ જોવા મળ્યું હતું. નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ અને નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૬ ટકા સુધી ગબડ્યા હતા. ક્ષેત્રીય રીતે, નિફ્ટી ઓટો બે ટકાથી વધુ તૂટ્યો અને નુકસાન તરફ દોરી ગયો, જ્યારે નિફ્ટી ફાર્મા એક ટકાથી વધુ વધ્યો હતો. એનએસઇ પર લગભગ ૧,૩૩૦ શેર વધ્યા, જ્યારે ૨,૦૩૬ ઘટ્યા અને ૧૦૪ યથાવત રહ્યા હતા.

અહેવાલો સૂચવે છે કે અમેરિકા અને ઈરાન મંગળવારે કતારમાં પરસ્પર હુમલાઓ રોકવા અને હોર્મુઝ સ્ટ્રેટ પરના તેમના વિવાદને ઉકેલવા માટે મળવા સંમત થયા છે. અલ જઝીરાએ અહેવાલ આપ્યો છે કે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને કહ્યું છે કે કતાર દ્વારા રાખવામાં આવેલા તેમના ૧૨ બિલિયન ડોલરના સ્થિર ભંડોળમાંથી છ બિલિયન ડોલર મુક્ત કરવામાં આવશે અને દેશમાં પરત કરવામાં આવશે.

સ્થાનિક ધોરણે વેચાણ દબાણ વ્યાપક હતું એનએસઇના ૧૫ માંથી ૧૨ મુખ્ય સેક્ટરલ ઇન્ડેક્સ ગબડ્યા હતા. ઓટો ઇન્ડેક્સ બે ટકા તૂટ્યો હતો. ઓઇલ એન્ડ ગેસ, આઇટી, બેંક, ફાઇનાન્શિયલ સર્વિસિસ, રિયલ્ટી, પીએસયુ બેંક, એફએમસીજી અને ખાનગી બેંક ઇન્ડેક્સ પણ ૦.૬ ટકા અને ૧.૨ ટકાની વચ્ચે ઘટ્યા હતા. બીજી બાજુ, મેટલ, ફાર્મા અને હેલ્થકેર શેરોમાં ખરીદીનો રસ જોવા મળ્યો હતો. મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૩૭ ટકા અને સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૬૨ ટકા ઘટ્યો હતો.

વ્યક્તિગત શેરોમાં, હેક્સાવેર ટેક્નોલોજીસના શેરમાં નવ ટકા જેટલો, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશનના શેરમાં ત્રણ ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો હતો. નિફ્ટીમાં કોટક મહિન્દ્રા બેંક સૌથી વધુ ઘટ્યો હતો, આ શેર લગભગ ત્રણ ટકા ઘટીને રૂ. ૩૯૭ પર બંધ થયો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, અદાણી એન્ટરપ્રાઇઝ, ટાટા મોટર્સ પીવી, ઇન્ડિગો, મારુતિ સુઝુકી, બજાજ ઓટો, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ અને હિન્દુસ્તાન યુનિલિવર પણ ૧.૩ ટકાથી ૨.૪ ટકાની વચ્ચે ઘટ્યા હતા. બીજી બાજુ, મેક્સ હેલ્થકેર, ડો. રેડ્ડીઝ લેબ્સ, કોલ ઇન્ડિયા, એટરનલ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, ટ્રેન્ટ, એસબીઆઇ લાઇફ, પાવર ગ્રીડ અને હિન્ડાલ્કો સૌથી વધુ વધ્યા હતા.




રોકાણકારો વચગાળાના યુએસ-ઈરાન શાંતિ કરારના ટકાઉપણા અંગે સાવચેત રહ્યા હોવાથી મુખ્ય મનોવૈજ્ઞાનિક સ્તરોની નજીક પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું છે. હાલમાં બજારમાં નજીકના સમયગાળા માટે સ્પષ્ટ દિશાનો અભાવ છે, પુરવઠા અવરોધો, સતત ફુગાવાના દબાણ અને નબળા ચોમાસાના અંદાજ વચ્ચે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ક્વાર્ટરની કમાણી સીઝનની અપેક્ષાઓ નબળી રહી છે, જે બધા માર્જિન પર અસર કરે તેવી શક્યતા હોવાનું જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. વેચાણ વ્યાપક હતું; જોકે, ફાર્મા અને હેલ્થકેર જેવા રક્ષણાત્મક ક્ષેત્રોએ તેમની અસ્થિર માગ પ્રોફાઇલ અને કમાણીની દૃશ્યતાને ટેકો આપતા, શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. આગામી યુએસ નોનફાર્મ પેરોલ્સ ડેટા પહેલા રોકાણકારો પણ સાવચેત રહે છે, જે ફેડરલના નીતિ માર્ગને પ્રભાવિત કરી શકે છે અને વધુ દર વધારાની પ્રવર્તમાન અપેક્ષાઓને મજબૂત અથવા સંયમિત કરી શકે છે. સ્થાનિક બજારમાં એફઆઇઆઇ આઉટફ્લોમાં સહેજ ઘટાડો, ગ્લોબલ એઆઇ-સંચાલિત બજાર ઉત્સાહમાં ઘટાડો ઇક્વિટી માર્કેટને ટેકો આપી શકે છે.

ઇક્વિટી માર્કેટમાં પાછલા સપ્તાહે જે રાહત જોવા મળી તે હોર્મુઝ સ્ટ્રેઇટમાં શાંતિના પુનઃસ્થાપનના આશાવાદને આધિન રહી હતી. હવે અમેરિકા અને ઇરાનના પરસ્પર હુમલા શરૂ થવાને કારણે ફરી ગભરાટનો માહોલ રહ્યો છે. જોકે સાથે શાંતિ મંત્રણા પણ ચાલુ રહી હોવાથી એક આશાવદ પણ છે. આ સપ્તાહે યુએસ-ઈરાન તણાવ, ક્રૂડ ઓઈલના ભાવ, ઓટો વેચાણ આંકડો, યુએસ જોબ ડેટા બજારને દોરનાર મુખ્ય પરિબળોમાં શામેલ છે. અલબત્ત એ જ સાથે ફોરેક્સ માર્કેટમાં રૂપિયાની વધઘટ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોના વલણ પર પણ બજારની નજર રહેશે. ટેક્નિકલ નિષ્ણાતો અનુસાર નિફ્ટીમાં ૨૪,૨૦૦ પોઇન્ટની સપાટી મુખ્ય પ્રતિકાર તરીકે કામ કરશે અને ૨૩,૬૫૦ પોઇન્ટની સપાટી તાત્કાલિક સપોર્ટ તરીકે કામ કરશે. આ સપ્તાહે બજારની દિશા જૂનના ઓટો સેલ્સ, યુએસ લેબર ડેટા, ક્રૂડ ઓઈલના ભાવ અને યુએસ-ઈરાન તણાવની આસપાસના વિકાસ દ્વારા નિશ્ચિત થશે. હોર્મુઝ સ્ટ્રેઇટને મામલે ઇરાન અને અમેરિકાના પરસ્પર હુમલા અને ગંભીક આક્રમણની ધમકીઓ ચાલુ છે, પરંતુ સારી બાબત એ છે કે બંને દેશ વચ્ચે શાંતિ મંત્રણા પણ ચાલુ છે. એ પણ નોંધવું રહ્યું કે એફઆઇઆઇ આ મહિને પણ નેટ સેલર્સ રહ્યા છે, કેશ માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૪૫,૦૦૦ કરોડથી વધુ મૂલ્યના ઇક્વિટી શેર વેચ્યા છે. આ સપ્તાહ માટે, રોકાણકારોએ યુએસ ડોલરની દિશા, ફેડરલના રેટ પાથની આસપાસ વિકસિત અપેક્ષાઓ અને એલએમઇ બેઝ-મેટલના ભાવની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખશે. વૈશ્વિક બજારો ગુરુવારે યોજાનાર યુ.એસ. જોબ્સ રિપોર્ટ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

શેરબજારમાં ગયા સપ્તાહે ચાર સત્રના ટૂંકા ગાળામાં જોવા મળેલા સુધારાના દોર દરમિયાન ટોચની દસ સૌથી મૂલ્યવાન લિસ્ટેડ કંપનીઓમાંથી છ કંપનીઓનું સંયુક્ત બજાર મૂલ્યાંકન રૂ. ૮૮,૬૭૮.૧ કરોડ વધ્યું, જેમાં આઇસીઆઇસીઆઇ બેંક સૌથી મોટી વિજેતા તરીકે ઉભરી આવી હતી. પાછલા, બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૨૯૭.૫૭ પોઈન્ટ અથવા ૦.૩૮ ટકા વધ્યો, અને એનએસઇ નિફ્ટી ૪૨.૯ પોઈન્ટ અથવા ૦.૧૭ ટકા વધ્યો. બજારોએ રજાના ટૂંકા ગાળાના સપ્તાહનો અંત સાધારણ વધારા સાથે કર્યો, ચારમાંથી ત્રણ ટ્રેડિંગ સત્રોમાં સુધારો થયો. ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો, પશ્ચિમ એશિયામાં ભૂ-રાજકીય વિકાસમાં સુધારો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) દ્વારા પસંદગીયુક્ત ખરીદીને કારણે સેન્ટિમેન્ટ રચનાત્મક રહ્યું હોવાનું સાધનોએ જણાવ્યું હતું. ■

# યુદ્ધના માહોલ વચ્ચે સોનાચાંદીમાં ફરી સુધારાનો સળવળાટ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: હોર્મુઝ સ્ટ્રેઇટમાં પાછલા સપ્તાહના અંત ભાગ દરમિયાન અમેરિકા અને ઇરાન વચ્ચે પરસ્પર મિસાઇલ અને ડ્રોન હુમલા શરૂ થવા સાથે એકબીજાના વિનાશના ઉચ્ચારણોને કારણે ફરી ભીષણ યુદ્ધ શરૂ થવાના અણસારોને કારણે સોનાચાંદીમાં ફરી ઉછાળાનો માહોલ જોવા મળ્યો હતો. વાયદા બજારમાં સવારના સત્રમાં ભાવ પર દબાણ જોવા મળ્યું હતું, જોકે, મુંબઇના હાજર બજારમાં વિપરીત ચિત્ર દેખાઇ રહ્યું છે.




હોર્મુઝ સ્ટ્રેઇટની અશાંતિ ઉપરાંત ભારતની સરહદે ચીનની શંકાસ્પદ હરકતોને કારણે ફરી રોકાણકારોનું ધ્યાન રિસ્ક એસેટ તરફથી સેફ સેટ તરફ મંડાયું હોવાથી ખૂલતા સત્રમાં જ બુલિયન બજારમાં મોટા ધબડકા જોવા મળ્યા હતા. મુંબઇના ઝવેરી બજારમાં ખૂલતા સત્રમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૧,૩૯,૮૭૩ના પાછલા બંધ સામે રૂ. ૨૦૩૮ના જોરદાર ઉછાળા સાથે દસ ગ્રામે રૂ. ૧,૪૧,૯૧૧ની સપાટીએ પહોંચ્યું હતું, જ્યારે ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૧,૩૯,૩૧૩ પ્રતિ દસ ગ્રામની પાછલી બંધ સપાટી સામે રૂ. ૨૦૩૦ના ઉછાળા સાથે રૂ. ૧,૪૧,૩૪૩ની સપાટીએ ટ્રેડ થઇ રહ્યું હતું. જ્યારે .૯૯૯ ટચની હાજર ચાંદી રૂ. ૨,૧૬,૫૪૧ પ્રતિ એક કિલોગ્રામની પાછલી સપાટી સામે રૂ. ૫૦૫૯ના ઉછાળા સાથે રૂ. ૨,૨૧,૬૦૦ બોલાઇ હતી.

જોકે, સત્રના અંત સુધીમાં અમરિકા અને ઇરાન શાંતિ જાળવવા ફરી સહમત થયા હોવાના અહેવાલો વચ્ચે બજારે થોડો ઘટાડો પચાવી લીધો હતો. સત્રને અંતે ૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૧,૩૯,૮૭૩ના પાછલા બંધ સામે રૂ. ૧,૪૫૮ના સુધારા સાથે દસ ગ્રામે રૂ. ૧,૪૧,૪૨૧ની સપાટીએ પહોંચ્યું હતું, જ્યારે ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૧,૩૯,૩૧૩ પ્રતિ દસ ગ્રામની પાછલી બંધ સપાટી સામે રૂ. ૧,૫૪૨ના ઉછાળા સાથે રૂ. ૧,૪૦,૮૫૫ની સપાટીએ સ્થિર થયું હતું. જ્યારે .૯૯૯ ટચની હાજર ચાંદી રૂ. ૨,૧૬,૫૪૧ પ્રતિ એક કિલોગ્રામની પાછલી સપાટી સામે રૂ. ૩,૪૩૯ના ઉછાળા સાથે રૂ. ૨,૧૯,૯૮૦ની સપાટીએ સ્થિર થઇ હતી.

કોમેક્સ પર ૪,૧૦૦ અને વાયદા બજારમાં રૂ. ૧૪૫,૫૦૦ની આસપાસ ભાવ મજબૂત પ્રતિકારનો સામનો કરી રહ્યા હોવાથી સોનામાં નવેસરથી પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું. મજબૂત યુએસ ડોલર બુલિયન પર સતત દબાણ કરી રહ્યો હતો, જ્યારે ઊંચા વ્યાજ દરોની અપેક્ષાએ સોના જેવી બિન-ઉપજ આપતી સંપત્તિઓનું આકર્ષણ ઘટાડ્યું હતું. બજારો વૈશ્વિક વ્યાજ દરના દૃષ્ટિકોણનું પુનર્મૂલ્યાંકન કરી રહ્યા હોવાથી કેન્દ્રીય બેંકો પાસેથી વ્યાજ ખરીદવાનું પણ ધીમું પડ્યું છે. રોકાણકારો હવે મુખ્ય યુએસ રોજગાર પરિવર્તન, નોન-ફાર્મ પેરોલ્સ અને બેરોજગારી ડેટાની રાહ જોઈ રહ્યા છે, જે ડોલરની દિશા અને સોનાના આગામી પગલાને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ત્યાં સુધી, અસ્થિરતામાં વધારો થવાની સંભાવના છે.

હોર્મુઝ સ્ટ્રેઇટ પર ફરીથી મિસાઇલ હુમલા શરૂ થઇ ગયા હોવાથી રોકાણકારો યુએસ અને ઈરાન વચ્ચે શરૂ થયેલી નવી દુશ્મનાવટ, ક્રૂડ ઓઈલના ભાવમાં થઇ રહેલી વધઘટ અને મેક્રોઈકોનોમિક ડેટાના પ્રવાહની અસર વચ્ચે આ સપ્તાહે સોના અને ચાંદી પર દબાણ રહેવાની શક્યતા માર્કેટ એનાલિસ્ટ દર્શાવી રહ્યા છે. બજારના સહભાગીઓ ફેડરલ રિઝર્વની નાણાકીય નીતિના નવા સંકેતો માટે મુખ્ય અર્થતંત્રોમાંથી ઉત્પાદન અને સેવાઓના પીએમઆઇ, યુરોઝોનમાંથી ફુગાવાના ડેટા અને યુએસ નોનફાર્મ પેરોલ અને બેરોજગારીના આંકડા પર ઝીણવટભરી નજર રાખશે. લશ્કરી સંઘર્ષમાં તીવ્ર વધારો થયા પછી યુએસ-ઈરાન વાટાઘાટો અટકી ગયા પછી ભૌગોલિક રાજકીય વિકાસ પણ ફોકસમાં રહેવાની અપેક્ષા હોવાનું વિશ્લેષકોએ જણાવ્યુ હતુ.

તેમણે ઉમેર્યું હતું કે લશ્કરી સંઘર્ષમાં તીવ્ર વધારો થયા પછી યુએસ-ઈરાન વાટાઘાટો અટકી ગયા પછી ભૌગોલિક રાજકીય વિકાસ પણ ધ્યાન કેન્દ્રિત રહેવાની અપેક્ષા છે. ૨૯ જાન્યુઆરીથી ૨૫ ટકાથી વધુ ઘટાડા પછી ઇન્વેસ્ટમેન્ટ બેન્કર્સ અને રેટિંગ એજન્સીઓએ સોનાના અંદાજને ઘટાડ્યો છે. માર્કેટ એનાલિસ્ટ જણાવે છે કે, સોના અને ચાંદીના ભાવ માટે, ગતિ હજુ પણ ઘટાડાતરફી અને કરેકશન તરફી દેખાઇ રહી છે.

અમેરિકા-ઈરાન પર તાજા હુમલાઓ અને રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા યુરોપિયન યુનિયન પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની ધમકી બાદ ચીનની સેન્ટ્રલ બેંક દ્વારા સોનાની ખરીદી ચાલુ રહેવાથી પણ ભાવને ટેકો મળ્યો હતો. જોકે, યુએસ ટ્રેઝરી યીલ્ડમાં વધારો થવાથી નફામાં ઘટાડો થયો છે, જ્યારે ચાંદી નબળા ઔદ્યોગિક ધાતુઓ, મજબૂત ડોલર અને ધીમી માગને કારણે દબાણ હેઠળ રહી છે. બુલિયનના ભાવ મોટાભાગે આગામી યુએસ આર્થિક ડેટા, ફેડરલ રિઝર્વ અધિકારીઓ અને યુએસ ડોલરની દિશા પર નિર્ભર રહેશે.

પાછલા અઠવાડિયામાં ૨૪ કેરેટ સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૨,૫૧૦ સુધીનો ઘટાડો થયો છે, જ્યારે ૨૨ કેરેટ સોનામાં રૂ. ૨,૩૦૦નો ઘટાડો થયો છે. ચાંદીના ભાવ પણ નબળા પડ્યા છે, જે કિંમતી ધાતુઓમાં વ્યાપક સુધારાને પ્રતિબિંબિત કરે છે. ઇન્ડિયન બુલિયન એસોસિએશનના ડેટા અનુસાર, ૧૦ મેથી અત્યાર સુધીમાં સોનામાં રૂ. ૧૩,૨૬૭નો ઘટાડો થયો છે.


વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૦ મેના રોજ નાગરિકોને એક વર્ષ માટે બિન-આવશ્યક સોનાની ખરીદી ટાળવાની અપીલ કર્યા બાદ એસોસિએશનનો ડેટા આવ્યો છે, જેમાં પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને ભારતના વધતા આયાત બિલને વિદેશી હૂંડિયામણ અનામત બચાવવા માટે મદદ કરવાના કારણો તરીકે દર્શાવવામાં આવ્યા હતા.

વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, આ સપ્તાહે સોના અને ચાંદી પર દબાણ રહેવાની શક્યતા છે કારણ કે રોકાણકારો યુએસ અને ઈરાન વચ્ચે ફરી શરૂ થયેલા યુદ્ધ, ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો અને મેક્રોઈકોનોમિક ડેટાના પ્રવાહની અસરનું મૂલ્યાંકન કરી રહ્યા છે. બજારના સહભાગીઓ ફેડરલ રિઝર્વની નાણાકીય નીતિના માર્ગ પર નવા સંકેતો માટે મુખ્ય અર્થતંત્રોમાંથી ઉત્પાદન અને સેવાઓના પીએમઆઇ યુરોઝોનમાંથી ફુગાવાના ડેટા અને યુએસ નોનફાર્મ પેરોલ અને બેરોજગારીના આંકડા પર નજીકથી નજર રાખશે. ■

# રૂપિયો પ્રારંભિક સુધારો ગુમાવી નવ પૈસા ઘસાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભારતીય ચલણે સપ્તાહના પહેલા દિવસે પ્રારંભિક સુધારો ગુમાવીને અમેરિકન ડોલર સામે નવ પૈસા ગુમાવ્યા છે. નવા ભૂરાજકીય તણાવથી રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતા પર અસર પડી હોવાને કારણે સોમવારે રૂપિયો શરૂઆતના વધારાને ગુમાવીને નવ પૈસા ઘટીને ૯૪.૫૪ (પ્રોવિઝનલ)ની સપાટી પર બંધ થયો હતો. રૂપિયો સકારાત્મક રીતે ખુલ્યો હતો, જેમાં ક્રૂડ ઓઇલના નોંધપાત્ર ભાવ સપોર્ટિવ રહ્યા હતા અને વિદેશી પ્રવાહમાં



સુધારો થયો હતો, પરંતુ અમેરિકા અને ઈરાન વચ્ચે નવેસરથી લશ્કરી અથડામણો શરૂ થયા પછી ભૂરાજકીય તણાવમાં ફરી વધારો થવાથી રોકાણકારોના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પડી હતી.

ફોરેક્સ ડીલરોએ જણાવ્યું હતું કે, આંતરબેંક વિદેશી વિનિમય બજારમાં, ડોલર સામે રૂપિયો ૯૪.૩૬ની સપાટી પર ખુલ્યો, પછી ગતિ પકડી અને અમેરિકન ચલણ સામે ઇન્ટ્રાડે ઉચ્ચતમ ૯૪.૨૫ની સપાટી અને નીચામાં ૯૪.૫૬ની સપાટીને સ્પર્શ્યો હતો. ■

# એક્સચેન્જના માર્કેટ કેપમાં ₹ ૧.૪૭ લાખ કરોડનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: અખાતી ક્ષેત્રોમાં ફરીથી યુદ્ધજન્ય વાતાવરણ સર્જાવાને કારણે શેરબજારમાં આગેકૂચને બ્રેક લાગી હતી અને સપ્તાહના પહેલા દિવસે ખાસ કરીને હેલ્થકેર અને પ્રાઈવેટ બેન્ક્સ શેર્સ વધ્યા હતા, જ્યારે ઓટો અને ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સ ઘટ્યા હતા અને એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ.૧.૪૭ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો.

સોમવારે સેન્સેક્સ ગત ગુરુવારના ૭૭,૧૦૦.૪૭ પોઈન્ટના પોઈન્ટના બંધની સરખામણીએ ૩૭૨.૧૦ પોઈન્ટ કે ૦.૪૮ ટકા ઘટ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૭,૦૫૫.૨૧ પોઈન્ટે ખૂલ્યો હતો, જે ઊંચામાં ૭૭,૨૫૨.૭૮ પોઈન્ટ સુધી ગયો હતો તથા નીચામાં ૭૬,૬૨૧.૭૫ પોઈન્ટ સુધી પહોંચ્યા બાદ અંતે ૭૬,૭૨૮.૩૭ બંધ રહ્યો હતો.

એક્સચેન્જનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૩.૬૯ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૭૫.૧૬ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૧.૪૭ લાખ કરોડનો ઘટાડો થયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૧૩ સ્ક્રિપના ભાવ વધ્યા હતા, જ્યારે ૧૭ સ્ક્રિપના ભાવ ઘટ્યા હતા.

બીએસઈ પર કુલ ૪,૫૫૯ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૧,૭૧૨ શેરોના ભાવ વધ્યા હતા, ૨,૬૨૯ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૨૧૮ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૧૬૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૯૮ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

એક્સચેન્જ પર કુલ ટ્રેડેડ કંપનીઓમાંથી ૧૯ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં નવ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૧૦ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. આજે બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૦.૨૨ ટકા અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૫૭ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૦.૫૧ ટકા તથા એસએમઈ આઈપીઓ ૦.૮૨ ટકા વધ્યો હતો.

સેક્ટરલ સૂચકાંકોમાં હેલ્થકેર ૦.૯૫ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ૦.૫૮ ટકા, પાવર ૦.૫૭ ટકા, મેટલ ૦.૫૨ ટકા, હોસ્પિટલ્સ ૦.૪૬ ટકા, યુટિલિટીઝ ૦.૦૮ ટકા, અને કેપિટલ ગુડ્સ ૦.૦૪ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ઓટો ૨.૧૧ ટકા, ફોકસ્ડ આઈટી ૧.૫૩ ટકા, ઓઈલ એનેડ ગેસ ૧.૪ ટકા, સર્વિસીસ ૧.૨૧ ટકા, આઈટી ૧.૦૪ ટકા, પીએસયુ બેન્ક ૦.૯૩ ટકા અને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૯૨ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ ટોપ ગેઇનર્સ સ્ક્રિપ્સમાં ઈટર્નલ ૧.૩૯ ટકા, ટ્રેન્ટ ૧.૩૪ ટકા, બીઈએલ ૧.૩૪ ટકા, એનટીપીસી ૧.૦૯ ટકા, પાવર ગ્રીડ ૦.૮૮ ટકા અને સન ફાર્મા ૦.૫૬ ટકા વધ્યા હતા, જ્યારે ટોપ લુઝર્સ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે કોટક બેન્ક ૩.૨૪ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૭૯ ટકા, મારુતિ ૨.૧૨ ટકા, ઈન્ડિગો ૨.૦૫ ટકા, એક્સિસ બેન્ક ૧.૩૭ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૩૭ ટકા અને લાર્સન તેમ જ રિલાયન્સ ૧.૩૨ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ. ૨૨૩.૮૪ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૧,૧૫૩ ટ્રેડ્સમાં ૧,૪૪૭ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૧૧,૬૩,૧૧૭ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ. ૩૧,૫૩,૨૮૯.૩૩ કરોડ રહ્યું હતું. ■

# ટર્ટલમિન્ટના શેરમાં ૧૧ ટકાનો કડાકો

મુંબઇ: ટર્ટલમિન્ટ ફિનટેક સોલ્યુશન્સના શેરમાં ડિસ્કાઉન્ટ લિસ્ટિંગ સાથે કડાકો જોવા મળ્યો હતો. સોમવારે આ શેર ડેબ્યૂ ટ્રેડમાં રૂ. ૧૫૨ના ઇશ્યૂ ભાવ સામે ૧૧ ટકા ઘટીને બંધ થયા હતા.

શેરનો ભાવ બીએસઈ પરના ઇશ્યૂ ભાવથી ૧૦.૩૯ ટકા ઘટીને રૂ. ૧૩૬.૨૦ પર ટ્રેડિંગ શરૂ થયો હતો.

દિવસ દરમિયાન, તે ૧૩ ટકા ઘટીને રૂ. ૧૩૨.૧૫ સુધી નીચે ગયો હતો.

કંપનીના શેર અંતે રૂ. ૧૩૫.૪૦ પર સ્થિર થયા, જેમાં ૧૦.૯૨ ટકાનો ઘટાડો નોંધાયો. એ જ રીતે, એનએસઈ પર આ શેરનો ભાવ રૂ. ૧૩૪.૯૦ પર ટ્રેડિંગ શરૂ થયો, જેમાં ઇશ્યૂ ભાવ કરતાં ૧૧.૨૫ ટકાનો ઘટાડો થયો. તે રૂ. ૧૦.૯૪ ટકા ઘટીને રૂ. ૧૩૫.૩૭ પર બંધ થયો. ■

# ખર્ચ બોજના ઘટાડા સાથે કોર્પોરેટ સેક્ટરના નફાના માર્જિનમાં સુધારો

મુંબઇ: કર્મચારીઓના ખર્ચમાં ઘટાડો અને વ્યાજના બોજમાં ઘટાડો થવાથી ભારતીય કંપનીઓને ફાયદો થયો છે. ઓછા પગાર અને વેતન સાથે વ્યાજ ખર્ચ પર બચત, કાચા માલના વધેલા ખર્ચને મોટાભાગે સરભર કરે છે. પરિણામે, નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં કંપનીઓનો કર પછીનું નફાનું માર્જિન ૧૧.૩ ટકા નોંધાયું હતું, જે પાછલા નાણાકીય વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ૬૦ બેસિસ પોઈન્ટનો વધારો દર્શાવે છે અને ઓછામાં ઓછા છેલ્લા ૨૧ ક્વાર્ટરમાં સૌથી વધુ પ્રોફિટ માર્જિન છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં નફાના માર્જિનમાં નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરમાં ૧૦.૬ ટકા નફાના માર્જિનથી ૭૦ બેસિસ પોઈન્ટનો વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં, કંપનીઓના નફાના માર્જિનમાં છેલ્લા પાંચ વર્ષમાં લગભગ ત્રીજા ભાગનો વધારો થયો છે. માર્ચ ૨૦૨૧ ક્વાર્ટરમાં, તે ૮.૬ ટકા હતો.

૮૩૭ કંપનીઓનો સંયુક્ત ચોખ્ખો નફો નાણાકીય વર્ષ ૨૦૨૬ ના ચોથા ક્વાર્ટરમાં ૧૫.૫ ટકા વધ્યો છે, જ્યારે આ સમયગાળા દરમિયાન તેમની આવકમાં ૯.૫ ટકા વધારો થયો છે. આ કંપનીઓનો સંયુક્ત સમાયોજિત ચોખ્ખો નફો નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં આશરે રૂ. ૩.૨૪ લાખ કરોડ હતો, જે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરમાં રૂ. ૨.૮૧ લાખ કરોડ હતો.

બીજી બાજુ, આ કંપનીઓની કુલ આવક નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં વધીને આશરે રૂ. ૨૮.૬૫ લાખ કરોડ થઈ ગઈ છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરમાં રૂ. ૨૬.૧૬ લાખ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરમાં રૂ. ૨૭.૭૧ લાખ કરોડ હતી.

ચોથા ક્વાર્ટરમાં પગાર અને વેતન અને વ્યાજ ખર્ચ જેવા મુખ્ય ખર્ચમાં વૃદ્ધિ ધીમી પડી, જેનાથી કંપનીઓને નફાના માર્જિનમાં સુધારો કરવામાં મદદ મળી હતી. ■

# કોર્પોરેટ ક્ષેત્રે મંદી

મુંબઇ : કોર્પોરેટ ક્ષેત્રમાં મંદીની શરૂઆત થઇ ગઇ છે અને નાણાકીય પરિણામ નબળા આવવાના અણસાર દેખાઈ રહ્યાં છે. રિપોર્ટ મુજબ મે ૨૦૨૬માં નવા ઓર્ડર પ્રાપ્તિમાં ઘટાડો થયો છે. આ ઘટાડો માસિક અને વાર્ષિક બંને રીતે જોવાયો હતો. સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમીના વિશ્લેષણ મુજબ, મે મહિનામાં રૂ. ૩૯,૧૦૦ કરોડના નવા ઓર્ડર પ્રાપ્ત થયા હતા, જે એપ્રિલની તુલનામાં આઠ ટકાનો ઘટાડો છે, જ્યારે આશરે રૂ. ૪૨,૫૦૦ કરોડના ઓર્ડર પ્રાપ્ત થયા હતા. એ જ રીતે ઉપરોક્ત આંકડો મે ૨૦૨૫માં હાંસલ થયેલા રૂ. ૬૮,૦૦૦ કરોડની તુલનામાં આ ૪૬ ટકાનો ઘટાડો પણ દર્શાવે છે, જે ૧૩ મહિનામાં સૌથી નીચો આંકડો છે. પશ્ચિમ એશિયાના સંકટને કારણે એલ્યુમિનિયમ અને તાંબાના ભાવમાં તીવ્ર વધારો થતાં પાવર ઇક્વિપમેન્ટ ઉદ્યોગ પર ખર્ચનું દબાણ વધ્યું છે અને સાથે નબળા ચોમાસાની બજાર પર અસર પણ છે. તાજેતરના ક્વાર્ટરમાં પ્રોજેક્ટ એવોર્ડ્સમાં મંદીથી રોડ ડેવલપર્સની ઓર્ડર બુક પર અસર પડી છે એમ ઈકરાએ જણાવ્યું હતું. ઈકરાના મતે, યુએસ-ઈરાન કરાર અને ચોમાસાની પ્રગતિ અંગે વધુ સ્પષ્ટતા સાથે આગામી મહિનામાં માગની સ્થિતિ વધુ સ્પષ્ટ થવાની સંભાવના છે. સામાન્ય કરતાં ઓછા ચોમાસાની અપેક્ષાઓ ગ્રામીણલક્ષી ક્ષેત્રો જેમ કે એફએમસીજી, ટુ-વ્હીલર્સ, ટ્રેક્ટર અને કૃષિ-રસાયણોમાં માગ ઓછી થવાનું જોખમ ઊભું કરે છે. સ્થિર આવકના વલણો શહેરી વપરાશને થોડો ટેકો પૂરો પાડી શકે છે, પરંતુ ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને રૂપિયાના અવમૂલ્યનને કારણે ફુગાવાનું દબાણ ચાલુ રહેશે, જે વપરાશ-આધારિત ક્ષેત્રોમાં વેચાણ વૃદ્ધિને મર્યાદિત કરી શકે છે અને એકંદર માગ વાતાવરણ પડકારજનક રહેશે.

ઈરાન યુદ્ધ પછી વધતા ભૂ-રાજકીય તણાવને કારણે કંપનીઓ અને ગ્રાહકો માટે ખર્ચમાં વધારો થયો અને આર્થિક પ્રવૃત્તિ પર અસર પડી છે. પશ્ચિમ એશિયાના સંકટ અને ઓરમાંથી પ્રાથમિક ધાતુ કાઢતા ઔદ્યોગિક પ્લાન્ટમાં વિક્ષેપોને કારણે ભારતના પાવર ઇક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગ અને રિન્યુએબલ એનર્જી ઉદ્યોગો વધતા ખર્ચના દબાણનો સામનો કરી રહ્યા છે. ■

# હવે જુલાઈમાં વરસાદની આગાહી, અમદાવાદ-રાજકોટ ૪૧ ડિગ્રીએ તપ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં વરસાદ સંતાકૂકડી રમી રહ્યો છે. ગુજરાતમાં પણ વરસાદ ખેંચાયો હોવાથી ખેડૂતો અને તંત્ર સહિત સામાન્ય જનતા પણ પરેશાન છે ત્યારે હવે હવામાન વિભાગે જુલાઈ મહિનાના પહેલા અઠવાડિયામાં વરસાદની આગાહી કરી છે.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ ૩ જુલાઈથી દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. યલો એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે, જેમાં મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યના ઘણા વિસ્તારોમાં વાવાઝોડા, વીજળી અને ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી પણ શક્યતા છે.

આઈએમડીના બુલેટિન મુજબ, દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી, વલસાડ અને તાપી જિલ્લાઓ તેમજ દમણ અને દાદરા અને નગર હવેલીમાં ૩, ૪ અને ૫ જુલાઈના રોજ ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે. આ જિલ્લાઓને ઓરેન્જ એલર્ટ હેઠળ મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત, ૩ જુલાઈના રોજ વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જેમાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

૪ અને ૫ જુલાઈના રોજ મધ્ય ગુજરાતના પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા અને ભરૂચમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં પણ આવું જ હવામાન રહેવાની શક્યતા છે, જ્યાં યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન દક્ષિણ પશ્ચિમ ચોમાસાને ગુજરાતના બાકીના ભાગોમાં આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિઓ છે. હાલમાં ઉત્તર અરબી સમુદ્રથી સૌરાષ્ટ્ર-કચ્છ અને મધ્ય પ્રદેશ તરફ એક ટ્રફ સક્રિય હોવાથી, વરસાદની ગતિવિધિમાં વધારો થવાની સંભાવના છે. ત્યારબાદ, હવામાન ખાતાએ ૨ જુલાઈથી ૫ જુલાઈ સુધી ગુજરાતના તમામ જિલ્લાઓમાં વરસાદની આગાહી કરી છે.

જોકે વરસાદની રાહ જોતા ગુજરાતવાસીઓ હજુપણ ૪૦ ડિગ્રી તાપમાનથી રેબઝેબ થઈ રહ્યા છે. સોમવારે અમદાવાદ અને રાજકોટમાં ૪૧ ડિગ્રી મહત્તમ તાપમાન, સુરેન્દ્રનગર અને ડીસામાં ૪૦ ડિગ્રી જ્યારે અન્ય શહેરોમાં ૩૫થી ૩૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ■

# વડોદરામાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો મુખ્ય પ્રધાનના હસ્તે પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા, રાજકોટ અને સુરત બાદ સોમવારથી વડોદરા શહેરમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો પ્રારંભ થયો હતો. વીજીઆરસીનું ઉદ્‌ઘાટન મુખ્ય પ્રધાને દીપ પ્રાગટ્ય દ્વારા કર્યું હતું. કોન્ફરન્સમાં કેન્દ્રીય પ્રધાન મનોહરલાલ ખટ્ટર ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે અમેરિકા, જાપાન, યુક્રેન અને આયર્લેન્ડ સહિત દુનિયાના સાત અગ્રણી દેશોના રાજદ્વારીઓ અને મલ્ટીનેશનલ કંપનીઓના ઉદ્યોગપતિઓએ ખાસ ભાગ લીધો છે.

વીજીઆરસીને સંબોધતા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે અત્યાર સુધી યોજાયેલી ત્રણ રિજનલ સમિટમાં કુલ ૯,૪૯૯ એમઓયુ દ્વારા અંદાજે રૂ. ૧૩.૩૦ લાખ કરોડના રોકાણો રાજ્યમાં આવ્યા છે. મધ્ય ગુજરાતને રાજ્યના વિકાસનું હૃદય ગણાવતાં તેમણે જણાવ્યું હતું કે વડોદરા, આણંદ, ખેડા, પંચમહાલ, છોટાઉદેપુર અને દાહોદ જેવા જિલ્લાઓ એન્જિનિયરિંગ, ફાર્મા, મેન્યુફેક્ચરિંગ, એગ્રી ફૂડ પ્રોડક્ટ્સ અને એમએસએમઈ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

તેમણે રિજનલ સમિટમાં થનારા ડિસ્કશનને ડિસિઝનમાં, આઈડિયાઝને પ્રોજેક્ટ્સમાં અને પ્રોજેક્ટ્સને પ્રોસ્પેરિટીમાં ફેરવવા માટે સાથે મળીને આગળ વધવાનું આહ્‌વાન આપ્યું હતું.

દરમિયાન વીજીઆરસીના પ્રથમ દિવસે મુખ્ય પ્રધાને ભારતમાં યુક્રેનના રાજદૂત ડો. ઓલેક્ઝાન્ડર પોલિશચુક સાથે વન-ટુ-વન બેઠક યોજી હતી. તેમણે ફાર્માસ્યુટિકલ- એગ્રિકલ્ચર અને રિન્યુએબલ એનર્જી તથા ગ્રીન હાઈડ્રોજનના ક્ષેત્રોમાં સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ અંગે પરામર્શ કર્યો હતો. ગુજરાત આ ક્ષેત્રોમાં સક્રિય રીતે આગળ વધી રહ્યું છે તે સંદર્ભમાં તેમણે યુક્રેનિયન ઉદ્યોગોને વિશ્વસનીય ભારતીય ભાગીદાર તરીકે સહયોગ કરવા ઈજન આપ્યું હતું.

આ સાથે આયર્લેન્ડના મુંબઈ સ્થિત કોન્સુલ જનરલ પેટ્રિક ડફી સાથે મુખ્ય પ્રધાનની બેઠક યોજાઈ હતી. ગુજરાત આયર્લેન્ડ વચ્ચેની આર્થિક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા અંગે આ બેઠકમાં ચર્ચા-વિમર્શ થયા હતા. ■

# દેશમાં વરસાદને કારણે અમદાવાદ આવતી-જતી ૧૬ ફ્લાઈટ મોડી પડી, કુવૈતની ફ્લાઈટ રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં મોડે મોડે પણ ચોમાસાનું આગમન થતાં અનેક વિસ્તારોમાં વરસાદ શરૂ થયો છે. તેના કારણે દેશભરના એરપોર્ટ પર ફ્લાઇટના શેડ્યૂલ ખોરવાયા હોવાના અહેવાલો મળી રહ્યા છે. મુંબઈ અને દક્ષિણ ભારત તરફથી આવતી તેમજ ઉત્તર ભારત તરફથી આવતી ફ્લાઇટોના સમયપત્રકમાં ફેરફાર થયો છે. જ્યારે કુવૈત-અમદાવાદ ફ્લાઇટ રદ કરવામાં આવી હતી. ઉપરાંત, અમદાવાદ આવતી-જતી ૧૬ ફ્લાઇટો નિયત સમય કરતાં મોડી પડી હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

અમદાવાદ એરપોર્ટ પરથી મુસાફરોની સંખ્યા અને ફ્લાઇટોના આવાગમનમાં સતત વધારો થઈ રહ્યો છે. દેશ અને વિદેશના વિવિધ ડેસ્ટિનેશન માટેની કનેક્ટિવિટી પણ વધી રહી છે. બીજી તરફ દેશમાં ચોમાસાની શરૂઆત થતાં અનેક રાજ્યોમાં વરસાદ શરૂ થયો છે. જોકે અમદાવાદ અને ગુજરાતમાં હજુ ચોમાસું સક્રિય થયું નથી, પરંતુ દેશના અન્ય રાજ્યોમાં વરસાદના કારણે ફ્લાઇટોના સંચાલન પર અસર જોવા મળી રહી છે. વાદળછાયું વાતાવરણ અને વરસાદને કારણે ટેકઓફ અને લેન્ડિંગ દરમિયાન મુશ્કેલી પડતી હોવાની ફરિયાદો પાયલટો દ્વારા કરવામાં આવી રહી છે.

વરસાદી વાતાવરણના કારણે મુંબઈ, ચેન્નાઈ, બેંગલૂરુ, વિશાખાપટ્ટનમ, મદુરાઈ તેમજ વારાણસી, દિલ્હી અને લખનઊથી અમદાવાદ આવતી-જતી કુલ ૧૬ ફ્લાઇટો નિયત સમય કરતાં કલાકો મોડી પડી હોવાના અહેવાલો છે. આમ થવાથી મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ ઉપરાંત, કુવૈતથી અમદાવાદ આવતી ફ્લાઇટ પણ રદ કરવામાં આવી હતી, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# અમદાવાદના દરિયાપુરમાં હિંસક જૂથ અથડામણ, વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના દરિયાપુર વિસ્તારમાં ૨૮ જૂન રવિવારની મોડી રાત્રે રથયાત્રાના રૂટ પર બે જૂથો વચ્ચે પથ્થરમારો અને હિંસક અથડામણ થઈ હતી. દરિયાપુરના નાની અલીની પોળ વિસ્તારમાં જૂની અદાવતમાં બે યુવકો વચ્ચે મારામારીની ઘટના પ્રકાશમાં આવી હતી. જોકે, લોકોએ મધ્યસ્થી કરતાં મામલો થાળે પડ્યો હતો પરંતુ થોડી વાર બાદ બંને યુવકોના પરિવાર વચ્ચે ઘર્ષણ થતાં મામલો ફરી ગરમાયો હતો. જેમાં મહિલાઓ વચ્ચે છૂટા હાથની મારામારી પણ થઇ હતી. આ સમગ્ર ઘટનામાં એક મહિલાને ઇજા પહોંચી હતી. જેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. બે જૂથ વચ્ચે થયેલી અથડામણ બાદ પથ્થરમારાનો વીડિયો પણ વાઇરલ થયો હતો. ઘટનાને પગલે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

આ અંગે પોલીસે આપેલી માહિતી મુજબ રવિવારે રાત્રે દરિયાપુરમાં બે યુવકો વચ્ચે થયેલી તકરાર બાદ જૂથ અથડામણ થઈ હતી. જેમાં કેટલાક લોકોએ વાહનોમાં તોડફોડ કરી હતી. આ ઘટના બાદ બંને જૂથોએ દરિયાપુર પોલીસ સ્ટેશનમાં એકબીજા સામે હથિયારો સાથે જીવલેણ હુમલાની ફરિયાદો નોંધાવી હતી. આક્ષેપ મુજબ વિરોધી પક્ષના લોકો હથિયારો સાથે આવી પહોંચ્યા હતા અને હુમલો કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બંને પક્ષની ફરિયાદોના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે સ્પષ્ટતા કરી છે કે બંને પક્ષની ફરિયાદોની સાથે પથ્થર મારાના વાઈરલ વીડિયોની પણ ચકાસણી કરવામાં આવી રહી છે અને તપાસના અંતે હકીકત મુજબ દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં ૧૬ જુલાઈના રોજ ભગવાન જગન્નાથજીની રથયાત્રા શહેરમાં નીકળવાની છે. રથયાત્રા પહેલાં જૂના શહેર વિસ્તારમાં બનેલી આ ઘટના અને પથ્થરમારાના વાઇરલ વીડિયોએ કાયદો અને વ્યવસ્થાને લઈને નવા સવાલો ઊભા કર્યા છે. હવે પોલીસની તપાસમાં શું બહાર આવે છે તેના પર સૌની નજર છે. જો કે ઘટના બાદ વિસ્તારમાં શાંતિ જળવાઈ રહે તે માટે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી તપાસ શરૂ કરી છે. ■

# નર્મદાના ગરુડેશ્વરમાં બીજા દિવસે પણ ડિમોલિશન, ઉચ્ચ અધિકારીઓની પ્રોપર્ટી પર બુલડોઝર ફર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદા જિલ્લાના ગરુડેશ્વર ખાતે સતત બીજા દિવસે પણ ડિમોલિશનની કામગીરી યથાવત રહી હતી. ગરુડેશ્વર ખાતે નર્મદા જિલ્લાના તત્કાલીન ૧૧ જેટલા ઉચ્ચ અધિકારીઓને ફાળવવામાં આવેલા પ્લોટ પરના ગેરકાયદે બાંધકામોને તોડી પાડવા માટે વહીવટી તંત્રે રવિવારે રજાના દિવસે ૧૦ જેટલા જેસીબી મશીનો કામે લગાડીને ડિમોલિશનની સપાટો બોલાવ્યો હતો. આ ડિમોલિશન દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે કડક સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી હતી.

આ તમામ બાંધકામો ટાઉન પ્લાનિંગના નિયમો અને મંજૂરીઓને નેવે મૂકીને જે પણ બાંધકામો કરવામાં આવ્યાં હતાં, તે રહેણાંકના બદલે વ્યાપારી (કોમર્શિયલ) પ્રવૃત્તિઓ માટેના હોય તેવું પ્રાથમિક દૃષ્ટિએ જણાઈ આવતા વહીવટી તંત્ર એક્શન મોડમાં આવ્યું હતું. ૨૦૧૯માં જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામા દ્વારા અપાયેલી જમીનો પર નિયમોનું ઉલ્લંઘન કરીને કરાયેલા કોમર્શિયલ બાંધકામો બદલ વર્તમાન કલેક્ટરે આ જમીનો ફરી 'શ્રી સરકાર' કરવાનો કડક આદેશ આપતા સમગ્ર રાજ્યના વહીવટી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નર્મદા જિલ્લાના ગરુડેશ્વર ખાતે વર્ષ ૨૦૧૯ દરમિયાન તત્કાલીન જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામા દ્વારા તે સમયના ૧૧ જેટલા ઉચ્ચ સરકારી અધિકારીઓને રહેણાંક હેતુ માટે પ્લોટની ફાળવણી કરવામાં આવી હતી. જોકે, આ પ્લોટ મેળવ્યા બાદ અધિકારીઓએ નિયત સમયમર્યાદામાં કોઈ બાંધકામ કર્યું નહોતું.

સમગ્ર કૌભાંડનો ભાંડો એક જાગૃત નાગરિકની આરટીઆઇ અને સત્તાવાર ફરિયાદ બાદ ફૂટ્યો હતો, જેના પગલે તત્કાલીન મામલતદાર પી.કે. જોષી દ્વારા સત્તાવાર ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કડક કાનૂની કાર્યવાહી હેઠળ રાજ્યના અનેક વગદાર અને ઉચ્ચ હોદ્દા પર રહેલા અધિકારીઓ સકંજામાં આવ્યા છે, જેમાં ડી.કે. ભગતઃ તત્કાલીન પ્રાંત અધિકારી અને હાલના અધિક કલેક્ટર, એમ.ડી. મીડિયા, તત્કાલીન ચૂંટણી અધિકારી (નર્મદા) અને હાલ ગાંધીનગર સચિવાલય ખાતે કાર્યરત, વી.વી. મછારઃ તત્કાલીન મામલતદાર અને હાલ નિવૃત્ત અધિકારી, એચ.વી. ગામીતઃ તત્કાલીન ટાઉન પ્લાનર (નર્મદા) અને હાલ સિનિયર ટાઉન પ્લાનર (એવોર્ડ શાખા, ગાંધીનગર), સ્વ. ડી.એન. ચૌધરીઃ તત્કાલીન પ્રાંત અધિકારી (ડેડિયાપાડા) સહિતનાં નામોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય અધિકારીઓ જેવા કે આર.એમ. ચૌધરી, આર.વી. બારિયા અને એલ.એમ. ડિંડોરનાં બાંધકામો પર પણ કાર્યવાહી થવાની શક્યતા છે. ■

# અમરેલીનાં ત્રણ સિંહબાળનાં મોત કુદરતી હોવાનો વનવિભાગનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના અમરેલી જિલ્લામાં બે દિવસમાં એક વર્ષથી ઓછી ઉંમરના ત્રણ સિંહ બાળના મૃત્યુથી વન્યજીવપ્રેમીઓમાં ચિંતા ફેલાઈ હતી અને વન વિભાગે આ મૃત્યુની તપાસ શરૂ કરી હતી. અમુક અહેવાલો અનુસાર એક સિંહબાળનું મોત શંકાસ્પદ જણાઈ રહ્યું હતું. જોકે વનવિભાગના જણાવ્યા અનુસાર ત્રણેયનાં મોત કુદરતી કારણોસર થયાં છે અને કંઈ શંકાસ્પદ નથી અને શિકારની શક્યતા પણ નથી. દાલખાણીયા રેન્જમાં પાંચથી છ મહિનાની ઉંમરનું પહેલું બચ્ચું મૃત હાલતમાં મળી આવ્યું હતું. આ સિંહબાળનો શિકાર થયો હોવાની કે ઈરાદાપૂર્વક હત્યા કરી હોવાની અટકળો વહેતી થઈ હતી. જોકે, ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (ગીર પૂર્વ) વિકાસ યાદવે આ અટકળોને ફગાવી દીધી હતી.

વનવિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે શરીર પર કોઈ ઈજાના નિશાન નથી. બચ્ચાનું મૃત્યુ મલ્ટિ ઓર્ગન ફેલ્યોરને કારણે થયું હોવાની શક્યતા છે. સિંહબાળ અન્ય પુખ્ત સિંહ અથવા જંગલી પ્રાણીથી ડરી ગયો હોવાની શક્યતા પણ તેમણે વ્યક્ત કરી હતી.

બીજું બચ્ચું પાનિયા રેન્જમાં મૃત હાલતમાં મળી આવ્યું હતું. વન અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પ્રાણીનું મૃત્યુ એક ઈનફાઈટને કારણે થયું હોવાનું જાણવા મળ્યું હતું. જે સામાન્ય રીતે સિંહોમાં જોવા મળે છે. ■

# રાજકોટ જંગલેશ્વર ડિમોલિશન ખર્ચના વિવાદ બાદ સિટ રચવા મેયરનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ફેબ્રુઆરી મહિનામાં જંગલેશ્વર વિસ્તારમાં મેગા ડિમોલિશન કરવામાં આવ્યું હતું. આ ડિમોલિશન સમયે વિવાદ જાગ્યો હતો ત્યારે ફરી ડિમોલિશન દરમિયાન કરવામાં આવેલો ખર્ચ વિવાદના કેન્દ્રમાં આ આવ્યો છે.

આ વિવાદ વકર્યા બાદ રાજકોટના મેયર ડો. નેહલ શુકલએ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવાનો આદેશ મનપા કમિશનરને આપ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મેયર ડો.નેહલ શુક્લએ શહેર ભાજપ પ્રમુખ માધવ અને સ્ટેન્ડિંગ ચેરમેન પરેશ પીપળિયાની હાજરીમાં પત્રકાર પરિષદ બોલાવી હતી અને જણાવ્યું હતું કે જંગલેશ્વર ડિમોલિશનમાં થયેલા ખર્ચના વિવાદને ઉકેલવા માટે ખાસ તપાસ કમિટી રચવામા આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિસ્તારના લગભગ ૧૫૦૦ જેટલા કાચાંપાકાં મકાનો તોડી પડાયાં હતાં. ડિમોલિશનમાં રૂ. ૩ કરોડનો ખર્ચ થયો હોવાનું બિલ પ્રસ્તાવિત કરવામાં આવ્યું હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. જેમા ભોજન, નાસ્તા, લીંબુપાણી વગેરેના રૂ. ૨૭.૨૦, વીડિયોગ્રાફીના રૂ. ૨૪ લાખ અને પીવાના પાણી સહિતના ખર્ચના રૂ. ૨૩ લાખનો સમાવેશ થાય છે.

ભોજનમા કાજૂકતરી અને ખજૂર રોલ પિરસાયાનું બહાર આવ્યું હતું, તેમ જ પાણીની જે બોટલ જથ્થાબંધ ભાવમાં રૂ. અઢી કે ત્રણમાં મળે તેના આઠ રૂપિયા લેખવામાં આવ્યા હોવાના અહેવાલો હતા. આ સાથે વીડિયોગ્રાફી માટે રૂ. ૨૪ લાખનું બિલ મૂકાયુ હતું. આ તમામ મામલે કોંગ્રેસે ભારે ટીકા કરી હતી અને સિટ દ્વારા તપાસની માગણી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સુરતની નવી રચાયેલી મનપા નાસિરનગરના ડિમોલિશન મામલે ચર્ચાનો વિષય બની છે અને કોર્ટે પણ તેમને ઝાટકી છે ત્યારે રાજકોટ મનપા ડિમોલિશનના ખર્ચ મામલે વિવાદમાં આવી છે. ■

## પીએમ ઈ-બસ સેવા

# વડોદરામાં હવે 30 એસી ઈલેક્ટ્રિક બસ દોડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ કેન્દ્રીય કેબિનેટ પ્રધાન મનોહરલાલ ખટ્ટરની ઉપસ્થિતિમાં વડોદરાના આંગણે આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ દરમિયાન જીએસએફસી ગેટ નંબર-૧ ખાતેથી ૩૦ નવી એસી ઈલેક્ટ્રિક બસોને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરને 'ક્લીન સિટી-ગ્રીન સિટી' બનાવવાના સંકલ્પ સાથે કેન્દ્ર સરકારની મહત્ત્વાકાંક્ષી 'પીએમ ઈ બસ સેવા' હેઠળ આ સુવિધા વડોદરાવાસીઓને આપવામા આવી છે.

વડોદરા શહેરની વધતી જતી જરૂરિયાતોને ધ્યાને રાખીને કેન્દ્ર સરકાર દ્વારા અગાઉની ૧૦૦ બસોના બદલે હવે કુલ ૨૫૦ એસી ઈલેક્ટ્રિક બસો મંજૂર કરવામાં આવી છે. આ યોજનાના પ્રથમ ચરણમાં કુલ ૧૩૦ બસો ફાળવવામાં આવનાર છે, જેના ભાગરૂપે આ સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર આ ઈલેક્ટ્રિક બસો 'ઝીરો એમિશન' ટેક્નોલોજીથી સજ્જ હોવાથી શહેરના કાર્બન ફૂટપ્રિન્ટમાં ઘટાડો થશે અને નાગરિકોને શુદ્ધ હવામાં મુસાફરીનો લાભ મળશે. આ તમામ બસો સંપૂર્ણ એર-કન્ડિશન્ડ અને અવાજરહિત હોવાથી મુસાફરી વધુ સુખદ અને આરામદાયક બનશે. મુસાફરોની સુરક્ષા માટે બસોમાં સીસીટીવી કેમેરા, પેસેન્જર કાઉન્ટિંગ સિસ્ટમ અને ડ્રાઈવર મોનિટરિંગ સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત, અકસ્માત સામે રક્ષણ માટે ફાયર એક્સટિંગ્વિશર અને ફર્સ્ટ એઈડ કિટની સુવિધા પણ ઉપલબ્ધ છે.

આ બસો વ્હીલચેર એક્સેસિબલ છે. દિવ્યાંગો અને સિનિયર સિટીઝન માટે પ્રાધાન્ય સીટો તેમજ મહિલાઓ માટે ખાસ પિન્ક સીટ્સ અનામત રાખવામાં આવી છે. પસંદગીની બસોમાં હાઈડ્રોલિક લિફ્ટ અને રેમ્પની સુવિધા પણ આપવામાં આવી છે.

તદુપરાંત આધુનિક મુસાફરી માટે ડિજિટલ ટિકિટિંગ, લાઈવ ટ્રેકિંગ માટે જી.પી.એસ. સિસ્ટમ અને એનાઉન્સમેન્ટ માટે 'પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ' કાર્યરત રહેશે. નાગરિકો રોકડ ઉપરાંત યુપીઆઈ, ટિકિટિંગ કાર્ડ અને મોબાઈલ એપ્લિકેશન દ્વારા ટિકિટ મેળવી શકશે. આ સાથે ગોત્રી, સયાજીગંજ, નિઝામપુરા, સયાજીપુરા અને મકરપુરા ખાતે ખાસ ચાર્જિંગ સ્ટેશન ઊભા કરવામાં આવ્યા છે.

# ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આઠ નવી જીઆઈડીસીની જાહેરાત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની વડોદરામાં યોજાયેલી ચોથી કડીમાં વિવિધ જિલ્લાઓમાં આઠ નવી ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (જીઆઈડીસી)ની સ્થાપનાની જાહેરાત કરી હતી. રાજ્યના સર્વાંગી ઔદ્યોગિક વિકાસને વધુ ગતિ આપવા આ સ્માર્ટ એસ્ટેટ્સ દ્વારા આધુનિક સુવિધાઓ, સક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોકાણ માટે અનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ખેડા, અમદાવાદ, પંચમહાલ, છોટાઉદેપુર અને ભાવનગર જિલ્લામાં ૩,૬૧૧ એકર વિસ્તારમાં સ્માર્ટ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ્સ કાર્યરત થશે.

ખેડા જિલ્લાના મહિજ જીઆઇડીસીને ૧૩૦.૩ એકર વિસ્તારમાં, કઠલાલ તાલુકાના સરખેજ જીઆઇડીસીને ૩૩૨.૭ એકર વિસ્તાર, મહુધા તાલુકાના મહિસા જીઆઇડીસીને ૧૮.૫ એકર, ગળતેશ્વર તાલુકાના અંઘાડી જીઆઇડીસીને ૩૧૦.૯ એકર વિસ્તારમાં વિકસાવાશે. આ ઉપરાંત અમદાવાદ જિલ્લાના માંડલ જીઆઇડીસીને ૫૧૫.૨ એકર વિસ્તારમાં, પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના નદીસર જીઆઇડીસીને ૧૦૫.૫ એકર વિસ્તારમાં, છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી તાલુકાના ઉંડવા જીઆઇડીસીને ૨૪૭.૧ એકર વિસ્તારમાં અને ભાવનગર જિલ્લાના વલ્ભીપુર તાલુકાના મોણપુર જીઆઇડીસીને ૧૯૫૦.૭ એકર વિસ્તારમાં નવા સ્માર્ટ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ્સ તરીકે વિકસાવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત અંતર્ગત ગુજરાતના વિવિધ જિલ્લાઓ મળી કુલ ૩૬૧૧ એકર વિસ્તારમાં નવા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ્સ વિકસાવવામાં આવશે. આ આયોજનથી મધ્ય ગુજરાતમાં ઔદ્યોગિક રોકાણને વેગ મળશે, રોજગારીની નવી તકો ઊભી થશે તેમજ સ્થાનિક વિકાસને પ્રોત્સાહન મળશે. ■

# વાઈબ્રન્ટમાં ઇન્ડેક્સટીબીને ગિનેસ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર અર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરામાં આયોજિત વાઇબ્રન્ટ ગુજરાત રિજિનલ કોન્ફરન્સિસ દરમિયાન ગુજરાત સરકારની સત્તાવાર રોકાણ પ્રોત્સાહન સંસ્થા ઇન્ડેક્સટીબીને ગિનેસ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર અર્પણ કર્યું હતું. ઇન્ડેક્સટીબીએ કે એન્ડ ડી કોમ્યુનિકેશન લિમિટેડ સાથે મળીને ગત ૨જી મે, ૨૦૨૬ના રોજ સુરત ખાતે યોજાયેલા બિઝનેસ એક્સ્પોઝિશનમાં ફક્ત ૧૧ જ દિવસમાં સૌથી વધુ પ્રદર્શકો કુલ-૩૫૦ જેટલા પ્રદર્શકો જોડાવાનો વિશ્વવિક્રમ સ્થાપિત કર્યો હતો. આ સિદ્ધિને માન્યતા આપતાં ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. ■

# અમદાવાદ પોલીસ માટે ભૂત બન્યા ખબરી, બે મહિનામાં પચીસ ઘોસ્ટ સ્ટોરીની ફાઈલો ખૂલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભૂતપ્રેત, પિશાચ, ચૂડેલ એ બધા ચોક્કસ અંધશ્રદ્ધા સાથે જોડાયેલા વિષયો છે, પરંતુ હાલમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ માટે તેઓ ખબરીની ભૂમિકા નિભાવતા હોય તેમ જણાઈ રહ્યું છે. અમદાવાદ પોલીસને બે હત્યાના કેસમાં ભૂતની વાર્તાઓ પરથી ક્લુ મળ્યા હતા અને એક ૩૪ વર્ષ જૂનો હત્યાનો કેસ તેમણે ઉકેલ્યો હતો. ત્યારબાદ પોલીસ અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી કે ખબરીઓને સતર્ક કરે અને આ પ્રકારની ભૂતની વાર્તાઓ જ્યાં ચાલતી હોય તેના પર નજર રાખે.

સૂત્રોએ જણાવ્યું હતું કે છેલ્લા બે મહિનામાં પોલીસને શહેરભરમાંથી આવી ભૂતિયા વાર્તાઓના ૨૫ જેટલા અહેવાલો મળ્યા છે અને દરેકમાં પૂછપરછ શરૂ કરવામાં આવી છે. તપાસ કર્યા બાદ પોલીસને ત્રણ ઘટનાઓમાં હત્યાની શંકા પડી છે, જેમાં અત્યાર સુધી હોમીસાઈડનો કોઈ કેસ નોંધાયો નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ પોલીસે આવી જ પ્રકારની ભૂતની વાર્તાઓના આધારે અમદાવાદના વટવામાં ૩૪ વર્ષ પહેલાંની હત્યાનો કેસ ઉકેલ્યો હતો જ્યારે અન્ય એક કેસમાં ૧૦ વર્ષ પહેલાં હત્યા થઈ હતી, જેમાં હત્યારાને ભૂત દેખાતું હોવાના નાનકડા ક્લુએ તેનો ભાંડો ફોડ્યો હતો. નવા ત્રણ કેસમાં પણ ભૂતવાળા ઈનપુટ્સની ખાસ તપાસ કરવામાં આવી ત્યારે શંકાસ્પદ ગતિવિધિઓ બહાર આવી છે, જે તે સમયે તપાસ કરતા અધિકારીઓની નજરમાં આવી ન હતી, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું. પોલીસે હવે ઘટનાઓનો ક્રમ ગોઠવવાનું, કડીઓ જોડવાનું અને શંકાસ્પદોને ઓળખવા માટે દસ્તાવેજી અને ફોરેન્સિક પુરાવા અને સાક્ષીઓનાં નિવેદનો લેવાનું શરૂ કર્યું છે.

ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ પેરાનોર્મલ દાવાઓની તપાસ કરતા નથી. તેના બદલે, તેઓ ભૂતની વાર્તાઓને અપરાધભાવ અથવા સ્થાનિક અફવાઓ તરીકે જુએ છે, જેમાં ક્યાંક કોઈ ગુનાખોરી છુપાયેલી હોવાની સંભાવના છે.

.અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમણે કર્મચારીઓને ખબરીઓના નેટવર્કને સક્રિય કરવા અને આવાં સ્થળો સાથે સંકળાયેલાં લોકો દ્વારા ત્યજી દેવાયેલાં ઘરો, ગુપ્ત ધાર્મિક વિધિઓ, વારંવાર ભૂત દેખાતા હોવાના દાવાઓ અને શંકાસ્પદ વર્તનના અહેવાલોની ગુપ્ત રીતે ચકાસણી કરવા સૂચના આપી હતી. પોલીસસૂત્રોએ જણાવ્યું હતું કે બે સફળ કેસ પછી આ પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે.

આ સાથે પોલીસે જણાવ્યું હતું કે અમે પુરાવાઓની તપાસ કરીએ છીએ, ભૂતોની કે વાર્તાઓની નહીં.

અધિકારીઓએ જણાવ્યું હતું કે દરેક ઇનપુટ હવે ફોરેન્સિક તપાસ, સાક્ષીઓના નિવેદનો અને ટેક્નિકલ પુરાવાઓ દ્વારા વૈજ્ઞાનિક ચકાસણીમાંથી પસાર થાય છે અને અધિકારીઓની ટીમ તેને ફોજદારી કેસ તરીકે ગણે છે. તેમણે ઉમેર્યું હતું કે કોઈપણ પુરાવા ગમે તેટલા અસામાન્ય હોય જો તેની સાથે ગુનો સંકળાયાની શક્યતા હોય તો તેને ચકાસણી કર્યા વિના છોડવામાં આવશે નહીં. ■